CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૮૭
તા.૧૧-૦૮-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ અષાઢ વદ - ૦))
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

સૂર્યોદય : ૦૬:૧૫ સૂર્યાસ્ત : ૦૭:૧૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૫.૭ | વડોદરા | ૩૪.૬ |
| અમદાવાદ | ૩૪.૪ | સુરત | ૩૦.૮ |
| ગાંધીનગર | ૩૫.૦ | નલિયા | ૩૩.૦ |

ચાંદી : ૩૮,૫૦૦ સોનું : ૩૦,૭૦૦

# બિન અનામત વર્ગોને રૂપાણી સરકારની મોટી લ્હાણી

## પાટીદાર અનામમત આંદોલનને દાબી દેવા ભાજપનો માસ્ટરપ્લાન : દેશમાં અભ્યાસ માટે ૧૦ લાખ અને વિદેશ માટે ૧૫ લાખની લોન, ૫૮ જાતિઓના માસિક ૨૫ હજારથી ઓછી આવકવાળાને પરિવારોને જ મળશે સહાય, ચાલુ શૈક્ષણિક વર્ષથી જ મળશે લાભ

ગાંધીનગર

બિનઅનામત નિગમની વિવિધ યોજનાઓ અંગે આજે જાહેરાત કરવા જઈ રહી છે. લોકસભાની ચૂંટણી પૂર્વે સરકાર તમામ સમાજોને એક સાથે રાખવાનો પ્રયત્ન કરી રહી છે. ગામડામાં ભાજપની પકકડ ઘટતી જાય છે. શહેરી મતદારોના ભરોસે બેસવાને બદલે ભાજપે ગ્રામીણોને પણ રીઝવવાનો પ્રયત્ન કર્યો છે. લોકસભાની ચૂંટણીમાં ગામડાના મતદારોની નારાજગી ભાજપને ભારે પડી શકે છે. ભાજપે હવે તમામ આંદોલનને એક સાથે દાબી દેવા માટે માસ્ટરપ્લાન ઘડ્યો છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે બિન અનામત આયોગને લઈ પત્રકાર પરિષદ યોજી હતી. આ પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે બિન અનામત વર્ગ માટે સરકારે કેટલીક યોજના બનાવી છે. સરકાર દ્વારા ધોરણ ૧૨ બાદ વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ૧૫ લાખ રૂપિયાની સાદા વ્યાજે લોન આપવામાં આવશે. તેમજ સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમની સહાય પણ પુરી પાડવામાં આવશે. જ્યારે ધોરણ ૧૨ સાયન્સ માટે ૧૫ હજારની ટ્યૂશન સહાય પણ અપાશે. જ્યારે સ્વરોજગાર યોજના હેઠળ ઓફિસ ખરીદવા માટે પણ સરકાર સહાય કરશે. તેમજ ભોજન સહાય યોજનાનો લાભ પણ મળશે. બંધારણીય જોગવાઈઓને યથાવત રાખીને રાજ્ય સરકાર દ્વારા જેમને અનામત નથી મળી તેમને લાભ મળે તેવા પ્રયાસો કરવામાં આવશે. તમામ વર્ગો હળી મળીને વિકાસ કરે તે જરૂરી છે, વિદ્યાર્થીઓને લાભ થાય એવા વિશેષ પ્રયાસ કરી તમામને ન્યાયનો કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. અનામત મેળવતી જ્ઞાતિઓને અન્યાય ન થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે અને નવી યોજનાનો લાભ ચાલુ શૈક્ષિણક સત્રાથી મળે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં હાલ ૫૮ જ્ઞાતિઓને અનામતનો લાભ મળતો નથી.

### સવર્ણો માટેની સરકારી જાહેરાતના મુખ્ય મુદ્દા....

★ ધોરણ ૧૨માં ૯૦ ટકા કરતાં વધુ મેળવનાર વિદ્યાર્થીઓને મળશે લાભ

★ કુંટુંબની વાર્ષિક આવક ત્રણ લાખ કરતાં ઓછી હોવી જોઈએ

★ સ્વરોજગાર લક્ષી યોજનાઓ માટે ૧૦ લાખ રૂપિયા સુધીની સહાય

★ ૪ ટકા લેખે સાદા વ્યાજે મળશે લોન

★ આવક મર્યાદા ૩ લાખથી ઓછી હોય તેને મળશે સહાય

★ તમામ સહાય વિદ્યાર્થીઓ જ ચૂકવવામાં આવશે.

★ સંસ્થા કે ટ્યૂશન ક્લાસીસને ચૂકવવામાં આવશે નહીં.

★ તમામ યોજનાનો લાભ આ વર્ષથી જ મેળવી શકાશે.

★ અહીં અભ્યાસ માટે ૧૦ લાખ રૂપિયા જ્યારે વિદેશ અભ્યાસ માટે રૂ.૧૫ લાખની લોન ૪ ટકાના સાદા વ્યાજે

★ છાત્રાલયમાં રહી અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને મળશે

★ તબીબ, વકીલ અને ટેક્નીકલ સ્નાતકો માટે આપવામાં આવશે સહાય

★ દેશમાં અભ્યાસ માટે ૧૦ લાખ અને વિદેશ માટે ૧૫ લાખ રૂપિયાની લોન

**તમામ યોજનાનો લાભ ઓનલાઇન મળી રહેશે**

સરકારની આ આકર્ષક યોજના અંગે નીતિનભાઈએ જણાવ્યું કે નિગમની એક કમિટી દ્વારા છ મહિનાથી વધુ સમયથી આ યોજનાઓ પર વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી છે. તમામ યોજના લાભ વિદ્યાર્થી સરળતાથી મેળવી શકે તે માટે તમામ પ્રક્રિયા ઓનલાઈન હશે. માત્ર એટલું જ નહીં તમામ સહાય વિદ્યાર્થીઓને જ ચૂકવવામાં આવશે. સંસ્થા કે ટ્યુશન ક્લાસિસને ચૂકવાશે નહીં. લોનની ચૂકવણીના રાહતભર્યા ધારાધોરણો અને માપદંડ પણ સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યા છે કે જેથી વિદ્યાર્થીઓ કે તેમના વાલીઓ પર કોઈ બોજ પડે નહી.

## વિચાર વૈભવ...

### રાક્ષસની ચોટલી

શરીર તો આપણા હાથમાંનું ઓજાર છે. એનો જેવો ઉપયોગ કરવા ધારીએ તેવો થાય. શરીર કેળવાઈ જાય તો કેવું એકધારું કામ આપે છે! મહી નદીનાં કોતરોમાં હું રખડતો, ત્યારે અંધારી રાતે માઈલોના માઈલો ઊંઘતો ઊંઘતો ચાલતો. એકવાર મહીસાગરમાં ભરતી આવેલી. મારે સામે પાર જવું હતું. હોડી ચાલી ગયેલી, એટલે મેં તો ઝંપલાવ્યું અને તરતો તરતો સામે કાંઠે પહોંચી ગયો. પછી એવાં ને એવાં ભીને કપડે પાંચ માઈલ ચાલીને ગયો નજીકના ગામે.

જેલમાં એકવાર મને દળવાનું કામ સોંપેલું. પહેલે દિવસે ૨૫ શેર અનાજ આપ્યુ. મારાથી તે પૂરું ન થઈ શક્યું તેથી હું શરમાયો. બીજે દિવસે ઘંટીનો ખીલડો પકડી પ્રભુને પ્રાર્થના કરી અને મનોમન સંકલ્પ કર્યો. ત્રણ કલાકમાં ૨૫ શેર અનાજ દળી કાઢ્યું!

આજે હવે હું પોતે વિચારું છું. તો મનેય આ બધું માન્યામાં નથી આવતું. પણ એ હકીકત છે. શરીર તો રાક્ષસ છે રાક્ષસ. કહો તે કામ કરી આપે. પણ એની ચોટલી તમારા હાથમાં હોવી જોઈએ.

રવિશંકર વ્યાસ(મહારાજ)

## સાર સમાચાર...

### અમદાવાદ : સરખેજ, નારણપુરા, શાહીબાગમાં દબાણો દૂર કરાયા

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ બાદ હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પોલીસ અને ટ્રાફિક તંત્રની મદદથી વિવિધ વિસ્તારોમાં ગેરકાયદે `બાંધકામો, દબાણો અને અવરોધો હટાવવાની ઐતિહાસિક અને બહાદુરીભરી કામગીરી આરંભી છે ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનની ઝુંબેશ હેઠળ આજે સરખેજ રોડ, શાહીબાગ, અસારવા, નારણપુરા તેમજ રામોલ સર્કલ સહિતના વિસ્તારમાં તંત્ર ત્રાટક્યું હતું. આ તમામ વિસ્તારોના રોડ પરના ગેરકાયદે શેડ, ઓટલા, ક્રોસ વોલ, લારી-ગલ્લા સહિતનાં દબાણ-બાંધાકમો દૂર કરાયા હતા. મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાના સીધા આદેશ હેઠળ છેલ્લા દસ-બાર દિવસથી સમગ્ર અમદાવાદમાં રોડ પરનાં દબાણો દૂર કરવાનું ઓપરેશન ડિમોલિશન તંત્ર દ્વારા હાથ ધરાયું છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

## ગતકડું....
- દેવન વ્યાસ



આપણી વરસાદની આગાહીઓ સાંભળી મેઘરાજા મુંઝાઈ જતાં હોય તેવું લાગે છે !

**અતિ ભારે વરસાદથી હજારોનું સ્થળાંતર : મૃતાંક ૩૦થી ઉપર**

## કેરળમાં ભારે વરસાદથી જળબંબાકાર જેવી સ્થિતિ : લોકોની હાલત ખરાબ

કોચી

કેરળમાં જળ તાંડવની સ્થિતીના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. ભારે વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોમાં મોતનો આંકડો વધીને હવે ૩૦ ઉપર પહોંચી ગયો છે. કોચીમાંથી ૨૫૦૦ સહિત અન્ય વિસ્તારોમાંથી હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. રાજ્યના જુદા જુદા ભાગમાં રાહત કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. ૫૦૦થી વધારે રાહત કેમ્પો શરૂ કરવામાં આવ્યા છે. જ્યાં લોકોને રાખવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કેરળમાં જુદા જુદા વિસ્તારમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે હજુ ચાર લોકો લાપતા પણ થયેલા છે. ૬૦થી વધુ લોકો લોકપ્રિય પ્રવાસી સ્થળ મુન્નારમાં ફસાયેલા છે. ઈડુક્કી ડેમની ક્ષમતા ૨૪૦૩ ફુટ છે અને આજે સવારે દશ વાગ્યા સુધી ડેમમાં ૨૪૦૧.૩૪ ફૂટ પાણી ભરાઈ ગયું હતું. ઈડુક્કીના જિલ્લા વહીવટી તંત્રએ પ્રવાસીઓને પહાડી વિસ્તારોમાં ન જવા માટે સૂચના આપી છે. સાથે સાથે ભારે વાહનોની અવરજવર ઉપર પણ બ્રેક મુકી દીધી છે. ૪૦ વર્ષમાં પ્રથમ વખત આવું બન્યુ છે જ્યારે ઈડુક્કી ડેમમાં પાંચ શેલ્ટરો ખોલી દેવામાં આવ્યા છે.

## ડીસાના ગૌરવસમા જાણીતા ઉદ્યોગપતિ દિનેશચંદ્ર અગ્રવાલને વધુ એક એવોર્ડ

**ટાઈમ્સ ગ્રૂપ દ્વારા દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી. ને એવોર્ડ એનાયત કરાયો**

ડીસા



બનાસકાંઠાના મુખ્ય વહેપારી મથક ડીસા શહેરના ગૌરવ સમા ઉદ્યોગપતિ દિનેશચંદ્ર આર.અગ્રવાલની પેઢીએ વિવિધ ક્ષેત્રે સફળતાનાં શિખરો સર કરી દેશભરમાં અનેરી નામના મેળવવા સાથે ડીસા શહેરને પણ ગૌરવ અપાવ્યું છે ત્યારે દિનેશચંદ્ર અગ્રવાલને વધુ એક સન્માન પ્રાપ્ત થયું છે.જાણીતા ટાઈમ્સ ગ્રુપ દ્વારા ડી.આર.અગ્રવાલની આગેવાની હેઠળની દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રાઈવેટ લિમિટેડ કંપનીને એવોર્ડ આપી નવાજેશ કરાઈ છે. માત્ર ગુજરાત જ નહી,સમગ્ર ભારત દેશમાં હાઈવે, એરપોર્ટ, રેલવે, ડિફેન્સ, અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ સીટી તેમજ વોટર પ્રોજેક્ટ્સ ક્ષેત્રે ખૂબ જ સફળ કામગીરી કરી દેશવ્યાપી નામના મેળવી ચૂકેલી દિનેશ ચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા. લી. કમ્પનીની સફળતાની નોંધ લઈ ટાઈમ્સ ગ્રૂપ દ્વારા આ કંપનીને વિશેષ એવોર્ડ એનાયત કરાયો છે.તાજેતરમાં જ અમદાવાદ ખાતે ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ સહિત અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા ખાસ કાર્યક્રમમાં દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા. લી. કંપનીનું એક અગ્રણી અને સફળ વ્યવસાયિક ગ્રૂપ તરીકે ખાસ સન્માન કરી એવોર્ડ એનાયત કરાયો હતો. દિનેશચંદ્ર અગ્રવાલે વધુ એક વાર આ સન્માન કરી તેમની માતૃભૂમિ ડીસા શહેરને પણ ગૌરવ અપાવ્યું છે.

## બનાસકાંઠામાં વન મહોત્સવમાં વાવેલ વૃક્ષોનું અકાળે બાળમરણ

**માવજતના અભાવે વૃક્ષો સુકાયા : સરકારના કરોડો રૂપિયાનો વેડફાટ : વૃક્ષો અને હરીયાળી ઘટતા જિલ્લો “ગ્લોબલ વોર્મિંગ” નો શિકાર**

ડીસા



ભરત સુંદેશા

રાજ્ય સરકાર વન મહોત્સવ થકી વૃક્ષોની સંખ્યામાં ૩૪.૩૫ કરોડ અને વન વિસ્તારમાં ૯૭૦૦ હેક્ટરનો વધારો થયો હોવાનો દાવો કરે છે. પરંતુ સરહદી બનાસકાંઠા જિલ્લામાં વન મહોત્સવના તાયફા વચ્ચે કરોડોના ખર્ચે રોપાયેલ છોડવા માવજતના અભાવે સુકાઈ ગયા છે. તેથી વૃક્ષો અને હરીયાળી ઘટતા જિલ્લો “ગ્લોબલ વોર્મિંગ” ના સકંજામાં સપડાયો છે. જેના કારણે ઋતુચક્ર ફરી જતા આમ પ્રજા સહીત પશુ - પંખી જીવો ઉપર વિપરીત અસરો વર્તાવા લાગી છે. ઋષિ સમાન વૃક્ષોની આડેધડ કતલ થતા અને પ્રદુષણની માત્રા વધતા પર્યાવરણ સમતુલા ભયંકર હદે જોખમાઈ છે. જેથી “હરિયાળા ગુજરાત” ના સંકલ્પ સાથે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ દૂરંદેશી દાખવી દર ચોમાસાની સિઝનમાં રાજ્ય, જિલ્લા અને છેક તાલુકા કક્ષાએ વન મહોત્સવની સરકારી ઉજવણી શરૂ કરી હતી. જેમાં કરોડોના ખર્ચે ખુલ્લી જગ્યાઓમાં વૃક્ષારોપણ કરાય છે. જેથી અન્ય જિલ્લાઓમાં હરીયાળી છવાઈ છે. પરંતુ રણ વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં વન મહોત્સવનો વન વિભાગના પાપે ફિયાસ્કો થવા પામ્યો છે. દર ચોમાસામાં વન મહોત્સવના નામે મોટા ઉપાડે છોડવાઓની રોપણી કરાય છે. અધિકારી અને પદાધિકારી ઓનું વૃક્ષારોપણ મીડીયામાં ચમકે છે. પરંતુ છોડના વાવેતર બાદ તેને વિસારે પાડી દેવાય છે. તેથી માવજત અને દરકારના અભાવે છોડ અકાળે સુકાઈને મુરઝાઈ જાય છે.

અનુસંધાન પાના નં.૬

### માહીતી આપવાનો ઈન્કાર

સામાજીક વનીકરણ અધિકારી કે.ટી.પરમારને જિલ્લામાં સતત ઘટતી જતી વૃક્ષોની સંખ્યા અને હરીયાળી બાબતે પૂછતાં તેમણે કંઈપણ કહેવાનો ધરાર ઈન્કાર કરી દીધો હતો. એટલું જ નહીં, અત્યાર સુધી જિલ્લામાં વન મહોત્સવ અંતર્ગત કેટલા વૃક્ષોની રોપણી થઈ અને તેમાં કેટલો ખર્ચ થયો ? તેની માહીતી આપવાનું પણ ટાળ્યું હતું.

### મનરેગામાં પણ ગેરરીતી

અધિકારી કર્મચારીઓનો કાફલો ધરાવતો વન વિભાગ વૃક્ષોનો ઉછેર કે જતન કરવામાં ઉણો ઉતર્યો છે. પરંતુ “મનરેગા” યોજનામાં પણ વ્યાપક ગેરરીતીઓ આચરાઈ છે. જેમાં દાંતા તાલુકામાં ગેરરીતી બહાર આવતા એ.સી.બી.એ આર.એફ.ઓ. સહીત ચાર સામે ફરીયાદ દાખલ કરી છે. તેમાં ડીસા સહિત અન્ય તાલુકામાં પણ શ્રમિકોના જોબકાર્ડમાં ચેડા સહીતની ગેરરીતીઓ આચરાઈ છે.

### સ્વયં લોક જાગૃતિ જરૂરી

પર્યાવરણ પ્રેમી જીતુભાઈ વૈધે જણાવ્યું હતું કે, સરકારની વન મહોત્સવની ઉજવણી સારી છે. પરંતુ વૃક્ષો કે છોડની રોપણી બાદ તેનું બે ત્રણ વર્ષ જતન કરવું જરૂરી છે. પણ વન વિભાગ તેમાં નિષ્ફળ નિવડ્યું છે જોકે વૃક્ષારોપણ બાબતે લાપરવાહી હવે પોષાય તેમ નથી કારણ કે વૃક્ષોના અભાવે પર્યાવરણ સમતુલા ખોરવાઈ ગઈ છે. જેથી ખુદ લોકો જાગૃતિ દાખવી વૃક્ષોનો ઉછેર કરે તે જરૂરી છે.

### વન વિભાગની બલિહારી

બનાસકાંઠા જિલ્લામાં પણ દર વર્ષે ચોમાસુ સિઝનમાં કરોડોના ખર્ચે જિલ્લા અને તમામ તાલુકા કક્ષાએ વૃક્ષારોપણ કરાય છે. ૨૦૧૧ ના વર્ષમાં જિલ્લામાં ૧૫,૧૧,૧૧૧ વૃક્ષોની રોપણી કરાઈ હતી. જે રેકોર્ડને “ઈન્ડીયા બુક”માં સ્થાન મળ્યું હતું એ પછી વૃક્ષો ફરતે લાખોના ખર્ચે ફેન્સીંગ જાળીઓ પણ નાખવામાં આવી હતી. તેમ છતાં આજે એક પણ વૃક્ષ હયાત નથી.

## કડીમાં માલધારી રેલી હિંસક બની: પથ્થરમારો થતા પોલીસે ટીયર ગેસના સેલ છોડ્યા

મહેસાણા



મહેસાણા જીલ્લામાં એક રબારી યુવકના મોત બાદ મામલો વધુ ગંભીર બની ગયો છે. કડીના રાજપુરના એક રબારી યુવાનના મોત બાદ માલધારી સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે, જેને પગલે વિશાળ રેલી યોજવામાં આવી.

મળતી માહિતી મુજબ, મહેસાણાના કડીના રાજપુરના યુવકના મોત મામલે રબારી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. રબારી સમાજ દ્વારા કડીમાં રેલી યોજવામાં આવી. અંદાજે ૨૦૦૦થી વધુ લોકો રેલીમાં જોડાયા હતા. રાજપુરથી નંદાસણ સુધી રેલી કાઢવામાં આવી હતી. રબારી સમાજે યુવાનની હત્યાના બનાવને વખોડી કાઢી, અને કાયદો અને વ્યવસ્થા સામે રોષ વ્યક્ત કર્યો હતો.

વિગત વાર ઘટના જોઈએ તો, કડીના રાજપુરના રાજુ રબારી નામના ગૌરક્ષક યુવકના મોતનો મામલો સામે આવ્યો હતો, જેને પગલે રબાસી રમાજ દ્વારા રેલી યોજી પોલીસને આવંદન પત્ર પાઠવી રજુઆત કરાઈ કે ઝડપીમાં ઝડપી આરોપીઓને પકડવામાં આવે અને કડકમાં કડક સજા કરવામાં આવે. માલધારી સમાજ દ્વારા આવંદન પત્ર પાઠવ્યા બાદ રસ્તા પર વિરોધ દર્શાવા બધા બેસી ગયા, જેને પગલે રોડ-રસ્તા બ્લોક થઈ ગયા.

પોલીસે તેમને સમજાવવા જતા સમાજના લોકો રોષે ભરાયા અને પોલીસ પર પથ્થરમારો શરૂ કરી દીધો. સામે પોલીસે પણ કાયદો અને વ્યવસ્થા સંભાળવા માટે લાઠીચાર્જ અને ટીયર ગેસનો સહારો લેવો પડ્યો છે. હાલમાં પોલીસે થોડા અંશે પરિસ્થિતિ પર કાબુ મેળવી લીધો છે, અને ટોળાને વેર વિખેર કરી અમદાવાદ-પાલનપુર હાઈવે ખુલ્લો કરવામાં સફળતા મળી છે.

મહેસાણા જીલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારી સહિત મોટી સંખ્યામાં પોલીસનો કાફલો ઘટના સ્થલ પર પહોંચી ગયો છે. પરિસ્થિતિ વધુ વણસે નહીં તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

## જાહેર આભાર



શંકરભાઈ ચૌધરી
પૂર્વ આરોગ્ય મંત્રી
ગુજરાત સરકાર



અજાભાઈ પટેલ
ચેરમેનશ્રી
સુઈગામ એપીએમસી



ગોવિંદરામ ગામોટ
વાઈસ ચેરમેનશ્રી
સુઈગામ એપીએમસી

સુઈગામ એ.પી.એમ.સી.માં અમારી ચેરમેન અને વાઈસ ચેરમેન પદે સર્વાનુમતે વરણી કરવા બદલ માનનીય પૂર્વ મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબનો તેમજ એ.પી.એમ.સી. સુઈગામના તમામ ડીરેક્ટર મિત્રોનો, મંડળીના સભ્યશ્રીઓનો, મતદાર મિત્રોનો, પાર્ટીના પદાધિકારીઓનો, મિત્રોનો, કાર્યકર મિત્રોનો તેમજ મદદરૂપ થનાર તમામ નામી અનામી કાર્યકર મિત્રોનો ખુબ.. ખુબ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

લિ.

અજાભાઈ જગાભાઈ પટેલ (જેલાણાવાળા)
ચેરમેનશ્રી, સુઈગામ - એ.પી.એમ.સી.

ગોવિંદરામ રાજારામભાઈ ગામોટ (ને.ગોલપવાળા)
વાઈસ ચેરમેનશ્રી, સુઈગામ - એ.પી.એમ.સી.

સૂર્યોદય - ૬.૧૫ સૂર્યાસ્ત - ૭.૧૫

## તિથિદર્શન

અષાઢ વદ-૦)) શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ અષાઢ વદ :અમાવસ શનિવાર નક્ષત્ર:આશ્લેષા રાત્રે ૧૨.૦૬ પછી મઘા યોગ: વ્યતીપાત કરણ:કિસ્તુધન આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.)રાત્રે ૧૨.૦૬ પછી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### સુખાર્થિનઃ કુતા વિદ્યા નાસ્તિ વિદ્યાર્થિનઃ સુખં સુખાર્થી વા ત્યજેદ્વિધાં વિદ્યાર્થી વા ત્યજેત્સખં

'સુખની ઈચ્છાવાળાને વિદ્યા ક્યાંથી મળે? તેવી જ રીતે સાચા અર્થમાં જ વિદ્યાર્થી છે તેના નસીબમાં સુખ હોય જ ક્યાંથી? અર્થાત્ વિદ્યાર્થી અને સુખને બારમો ચંદ્ર છે. જો સુખની આશા કે અપેક્ષા હોય એવા વિદ્યાર્થી તો 'ભણવા' ને દૂરથી જ 'રામ- રામ' કરવા જોઈએ. જેને વિદ્યાની ઈચ્છા રાખવી હોય તેણે સુખનો મોહ છોડી દેવો જોઈએ.'

વિદ્યા- અભ્યાસ એ સાધના છે. વિદ્યા પ્રાપ્ત કરવા માટે નિશ્ચિત પરિશ્રમ કરવો જરૂરી છે.'વાંચન' કરવું એને માટે ઊંઘ લીધા વિના એક આસને બેસી રહેવું પડે, એમ એક આસને બેસવા માટે ખોરાક ઓછો લેવો પડે, ભૂખ્યા રહેવાનું તપ કરવું પડે.

પ્રાચીનકાળમાં રાજાઓના પુત્ર પણ જિંદગીના પ્રથમ પચ્ચીસ વર્ષે આશ્રમ- તપોવનમાં કઠોર તપ કરી જાતે પરિશ્રમ કરી, સ્વાશ્રય દ્વારા રોજિંદી પ્રવૃત્તિ કરી ગુરુ પાસેથી બધા જ પ્રકારની વિદ્યા તાલીમ- કેળવણીનું શિક્ષણ પ્રાપ્ત કરતા, પછી જ 'રાજ્ય કારભાર' માટે તૈયાર થતા. જે વિદ્યાર્થી તમામ સુખ- સુવિધા સાથે ભણે છે એને વિદ્યા પ્રાપ્ત થતી નથી. એટલે કે જેણે ખરેખર અભ્યાસ કરવો જ છે એને તમામ મોજશોખ, એશ- આરામ, સ્વચ્છંદતાનો ત્યાગ કરવો જ પડે, તો જ ભણવામાં મન પરોવાય.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) હર્ષોલ્લાસ ભર્યો દિવસ, માંગલિક કે ધાર્મિક કાર્યમાં ધન વપરાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) ધન લાભનો યોગ છે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)વ્યર્થ વિવાદનો સામનો કરવો પડે. મહત્વના કાર્યો ટાળવા.**
**કર્ક : (ડ.હ.) આર્થિક સમસ્યાનું નિરાકરણ થાય, રચનાત્મક કાર્યો થાય.**
**સિંહ : (મ.ટ.) અટકેલા કાર્યો પૂર્ણ થાય. આર્થિક લાભ મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.) પારિવારીક જીવનમાં વિષમતા રહે. ધીરજના ફળ મીઠા મળે.**
**તુલા : (ર.ત.) બેચેની ભર્યો દિવસ વિતે, આર્થિક વિકાસ મંદ રહે.**
**વૃશ્ચિક : (ન.ય.) આર્થિક લાભ થાય. પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ બને.**
**ધન : (ભ.ફ.ધ.) વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.**
**મકર : (ખ.જ.) લાભની આશા ઠગારી નીવડે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.**
**કુંભ : (ગ.શ.સ.) નવિન સમાચાર મળે. આર્થિક ધનલાભ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)મુસાફરી ટાળવી હિતાવહ, વ્યર્થ દિવસ રહે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

સ્વાતંત્ર્યસંગ્રામના યશસ્વી શહીદ શ્રી ખુદીરામ બોઝની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ. ૧૮૯૦માં થયો હતો. કિંગ્ઝફોર્ડની હત્યા માટે બીડું ઝડપનાર શ્રી ખુદીરામ અને પ્રફુલ્લ ચાકી આપણા વંદનીય શહીદવીરો છે. શ્રી મિલોટા વેનેસ્ટાઈને લખ્યું છેઃ બંગાળના રાષ્ટ્રવાદીઓ માટે શ્રી ખુદીરામ બોઝની શહીદી આદરણીય અને અનુકરણીય બની ગઈ. તેમના માનમાં શાળા- કોલેજો અને દુકાનો બંધ રાખીને લોકોએ શોક પાળ્યો. તેમની છબીઓ દેશભરમાં વહેંચાઈ. હાથમાં ગીતા રાખીને ત્રણ વાર 'વંદેમાતરમ્' ના નારા લગાવીને શ્રી ખુદીરામ બોઝ ફાંસી પર ચડી ગયા. એ દિવસ હતો ૧૧/૮/૧૯૦૮નો.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૧૩.૦૮.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૧૩૬૦ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ ....!!!**

**તા. ૧૦.૦૮.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૪૩૫ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૩૮૮ પોઈન્ટના પ્રથમ અને ૧૧૩૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૧૪૭૪ પોઈન્ટ થી ૧૧૪૯૦ પોઈન્ટ, ૧૧૫૦૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૧૫૦૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૦.૦૮.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૮૧૫૫ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૮૨૮૦ પોઈન્ટના પ્રથમ અને ૨૮૪૦૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૮૦૨૮ પોઈન્ટ થી ૨૭૯૮૮ પોઈન્ટ, ૨૭૯૬૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૮૪૦૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**સન ટીવી (૮૩૦) :- મિડિયા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૮૦૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૭૮૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૮૪૪ થી રૂ.૮૫૮ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૮૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**આપોલો હોસ્પિટલ (૯૪૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૩૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૯૧૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૫૭ થી રૂ.૯૭૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**હેવલ્સ ઈન્ડિયા (૬૭૯) :- રૂ.૬૬૧ નો પ્રથમ તેમજ રૂ.૬૪૬ ના બીજા સપોટ-'થી ઈલેટ્રોનિક્સ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૬૯૧ થી રૂ.૭૦૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**આપોલો ટાયર (૨૬૪) :- ઓટો ટાયર સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૨૭૦ થી રૂ.૨૭૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૨૫૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ભારત પેટ્રો (૪૦૨) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૮૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયકઁ જીં ઓઈલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૧૪ થી રૂ.૪૨૧ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ઈન્ફોસિસ લિ. (૧૩૮૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૪૦૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૭૫ થી રૂ.૧૩૬૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૪૧૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સિપ્લા લિમિટેડ (૬૨૧) :- રૂ.૬૩૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૪૬ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૬૦૯ થી રૂ.૬૦૨ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૫૨ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**તાતા મોટર્સ (૨૫૦) : ઓટો સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૨૬૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૨૪૨ થી રૂ.૨૩૭ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**DHFL (૬૧૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઈનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૪૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૯૬ થી રૂ.૫૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૫૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ડાબર ઈન્ડિયા (૪૪૨) :- રૂ.૪૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૬૪ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૨૭ થી રૂ.૪૧૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૬૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# કન્યા નિવાસી શાળા - જેથી (અમીરગઢ)ની દિવ્યાંગ વિધાર્થીનીનું વિશેષ સન્માન


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

૯ ઓગસ્ટના રોજ ખેડબ્રહ્મા ખાતે આવેલ આર્ડેકતા કોલેજ કેમ્પસમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જીલ્લાનો સંયુક્તપણે વિશ્વ આદિવાસી દિન ઉજવાયો. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ ઊપસ્થિત રહ્યાં હતા. જેમાં કન્યા સાક્ષરતા નિવાસી શાળા- જેથી (હાલ અમીરગઢ)ની દિવ્યાંગ વિધાર્થીની મિયાણી દક્ષાબેન નારણભાઈ ૧૮મી રાષ્ટ્રિય પેરાએથ્લેટીક સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ હતું, તે અંગેનું વિશેષ સન્માન માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરાયો હતો. જિલ્લા પ્રયોજના વાહીવટદારશ્રી દ્વારા શાળા ની દીકરીને શુભેચ્છાઓ આપી શાળા તથા જિલ્લાનું ગૌરવ વધાર્યુ હતુ.

# સરકારી વિનયન કોલેજ, અમીરગઢમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી


વિશાલ નાઈ

પ્રતિ. અમીરગઢ

સરકારી વિનયન કોલેજ, અમીરગઢ ખાતે બનાસકાંઠા જિલ્લાના દાંતા-અમીરગઢ વિધાનસભાના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીની ઉપસ્થિતિમાં તા.૯ ઓગસ્ટ રોજ વિશ્વ આદિવાસી દિવસની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સેમ-૩ ના વિદ્યાર્થી રાજુભાઈ તથા સમાજશાસ્ત્રના પ્રા.એ.ડી. વળવીએ આદિવાસી સમાજની વિશિષ્ટ સંસ્કૃતિ વિશે તથા સમાજ વ્યવસ્થા વિશે વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ આદિવાસી વિદ્યાર્થીનીઓએ તેમની લોક સંસ્કૃતિના ગીતોનું સુસ્વર કંઠે ગાન કર્યું હતું. આ પ્રસંગે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને આચાર્ય ડૉ.નરેશભાઈ ચૌધરીએ અમીરગઢ તાલુકાના આદિવાસી લોકજીવન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ધારાસભ્યએ પોતાના વકતવ્યમાં આદિવાસી સંસ્કૃતિની વાત કરી કોલેજની પ્રવૃતિઓની પ્રશંસા કરી અધ્યાપને આદિવાસી વિદ્યાર્થીઓ માટે આ જ રીતે સતત પ્રવૃતિમય રહેવા માટે અપીલ કરી હતી. કોલેજમાં જી.પી.એસ.સી. દ્વારા નિમણૂંક પામેલ અધ્યાપકનું ધારાસભ્યના હસ્તે સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ ડૉ.વિનોદભાઈ ચૌધરીએ કરી હતી. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન આચાર્યના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભારત વિકાસ પરિષદ-ડીસા દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા-૨૦૧૮ યોજાશે

ડીસા

ભારત વિકાસ પરિષદ-ડીસા દ્વારા દેશનું સ્વાભિમાન અને સાર્વભૌમત્વ ટકાવવા અને વિદ્યાર્થીઓમાં દેશ ભક્તિ અને રાષ્ટ્ભાવનાનો સંચાર કરવા "રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધા-૨૦૧૮" નું તા.૧૨/૮/૨૦૧૮ને રવિવાર બપોરના ૨-કલાકે લાયન્સ હોલ, પશુ દવાખાના પાસે ડીસા ખાતે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમ ડૉ.આર.એમ.ચૌહાણ (ઈન્ચાર્જ કુલ સચિવ-સરદાર કૃષિ યુનિવર્સિટી-દાંતીવાડા)ના અધ્યક્ષ સ્થાને યોજાશે. આમંત્રિત મહેમાનોમાં એન.એલ. ડામોર (મામલતદાર, ડીસા) ડૉ.દિપકભાઈ પરમાર (એમ.ડી.એનેસ્થેટીક) તથા મણીભાઈ પટેલ (ચોકસી મુળચંદભાઈ શંકરદાસ પટેલ) ઉપસ્થિત રહેશે.

કાર્યસૂચિ અનુસાર કાર્યક્રમના પ્રારંભે વંદે માતરમ, દિપપ્રાગટ્ય, સ્પર્ધાનો શુભારંભ, પ્રાથમિક-અ વિભાગ, પ્રાથમિક-બ વિભાગ, પ્રમુખનું ઉદ્બોધન, મહેમાનોનું ઉદ્બોધન, મંત્રી દ્વારા આભાર વિધી બાદ ઈનામ વિતરણ બાદ સમુહ ભોજન રાખેલ છે.

# સહાયક વાણિજ્ય વેરા કમિશ્નરનો વિદાય સમારંભ યોજાયો



ડીસા

તા.૩૧/૭/૨૦૧૮ ના રોજ સહાયક વા.વે.કમિશ્નર અનિલાબેન ફરજ પરથી નિવૃત થતાં તા.૧/૮/૨૦૧૮ ના રોજ તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં જિલ્લા પ્રમુખ દિલીપભાઈ ઠક્કર, ઉત્તર ગુજરાત પ્રમુખ જગદીશભાઈ, પ્રધાનજી એ.જી.એફ.ટી.ના ઉપ પ્રમુખ શાંતીલાલ સીનિયર વકીલો, કોમ.ટેક્ષના ઓફિસરો, કાર્યરત અને ભુતપુર્વ અને જી.એસ.ટી. ટેક્ષ કચેરીના સ્ટાફ, પાટણ, પાલનપુર, ડીસા તથા વેપારી મિત્રોએ બહોળી સંખ્યામાં હાજર રહી ઉમળકાભેર વિદાય આપી હતી.

# થરાદમાં અખંડ ભારત સ્મૃતિ દીન નિમિતે મસાલ રેલી

પ્રતિનિધિ થરાદ

આજે માર્કેટયાર્ડ થરાદ મુકામે યુવા મોરચાની જીલ્લા ઉપપ્રમુખ જીગરભાઈ દેસાઈની અધ્યક્ષતામાં અખંડ ભારત સ્મૃતિ દીનની મસાલ રેલીના આયોજન માટે મીટિંગ યોજાઈ હતી. જેમાં થરાદ શહેર અને તાલુકા ભાજપના પ્રકાશભાઈ સોની, પ્રવિણભાઈ માળી, પરબતભાઈ ખટાણા સહિત ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરાના સરાલવીડ ગામે વૃક્ષારોપણ

તા પ્રતિ. ધાનેરા

ધાનેરાના સરાલ વીડગામે ભીલ આદિવાસી સમાજમાં જાગૃતિ આવતાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી વૃક્ષો વાવ્યા હતાં.

જેમાં તાલુકાના ભીલ આદિવાસી યુવા સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ, મંત્રી, ઉપપ્રમુખ ગામના સરપંચ સોમાભાઈ અશોકભાઈ વકીલ વિગેરે ગામના આગેવાનોએ ૧૦૦૦ વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ લીધો હતો. કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ દિનેશભાઈ રૂણી રાજુભાઈ ધાનેરા વિગેરેના સાથ સહકારથી આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી.

# સરસ્વતી કુમાર છાત્રાલય વડગામમાં વૃક્ષારોપણ


પુષ્કર ગૌસ્વામી

રાવળ યોગી સમાજ ઉત્કર્ષ મંડળ સંચાલિત સરસ્વતીકુમાર છાત્રાલય વડગામ ખાતે તાજેતરમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# આદર્શ હાઈસ્કુલ દીઓદર ખાતે વાલી મીટીંગ યોજાઈ

તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર આદર્શ હાઈસ્કુલ ખાતે તા.૪/૮/૨૦૧૮ના રોજ સંસ્થાના પ્રમુખ અને ધારાસભ્યશ્રી શીવાભાઈ ભુરીયાના અધ્યક્ષ સ્થાને વાલી મીટીંગ યોજાયેલ. વર્ષ ૨૦૧૭/૧૮માં ધો.૧૦ અને ૧૨માં પ્રથમ, દ્રીતીય, તૃતીય નંબર મેળવનાર વિદ્યાર્થીઓને દાતાશ્રી ડૉ.નરેશભાઈ, ચૌધરી જાંમાભાઈ, અને વાઘાભાઈ દ્વારા પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવેલ. આ પ્રસંગે શીવાભાઈ ભુરીયા તથા આચાર્યશ્રી બી.પી.ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન આપેલ. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકશ્રી વી.કે.પટેલે કરેલ. સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવેલ.

# બનાસકાંઠા જિલ્લાના નવા વરાયેલ પોલીસ વડાનું સન્માન



તાજેતરમાં જ નવા વરાયેલ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાનું પુષ્પગુચ્છ આપીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે પ્રગતિ અભિવાદન ગૃપના પ્રમુખ લલિતભાઈ દોશી તથા એડવોકેટ હેમંતભાઈ ગેલોત, નોટરી રાજુભાઈ ઠક્કર તથા સુરેશભાઈ સાંખલા(એન્જીનિયર)હાજર રહ્યા હતા.

# વડોદરાના માંજલપુરમાં ગોવર્ધન નાથજીના હિંડોળાના દર્શન


મનીષ જોષી

માંજલપુરની ગ્રીનપાર્ક સોસાયટીમાં આવેલી ગોવર્ધન નાથજી હવેલીમા તા. ૫ને રવિવારે મીના કારીના હિંડોળાના દર્શનનો લાભ ભાવિકોએ લીધો હતો.

રવિવારથી પ્રારંભ થતા

# લાખણીમાં પવિત્ર શ્રાવણ માસને લઈને શિવભક્તોમાં અનેરો ઉત્સાહ



પ્રતિનિધિ ગેળા

બોક્ષ-પવિત્ર શ્રાવણ માસમાં નિત્ય શિવાલય જઈને શીતળ જળથી અભિષેક કરવાથી, શિવજીને નિત્ય બીલીપત્ર ચડાવવાથી પંચામૃત અભિષેક કરવાથી, કાળા અને સફેદ તલ વડે અભિષેક કરવાથી, ધતુરાના ફૂલ અને આકડાના ફૂલ ધરાવવા થી શિવજી પ્રસન્ન થાય છે.

રવિવારના શુભ દિવસે પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે. શ્રાવણ માસમાં શિવ ઉપાસના નું વિષેશ મહત્વ હોય છે આ પવિત્ર માસમાં અલગ અલગ પ્રકારે શિવજીની ઉપાસના થાય છે. ભગવાન શિવને શ્રાવણ માસ અતિપ્રિય છે તેના ઘણા બધા કારણો છે. દરેક શિવાલયોમાં સદાશિવનો પવિત્ર અભિષેક, બિલ્વ અભિષેક, રુદ્રાભિષેક સહિત પૂજન અર્ચનના આયોજન કરવામાં આવશે શિવભક્તોમાં આને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખણીમાં આવેલ પ્રાચીન જકેશ્વર મહાદેવ મંદિરમાં બારોમાસ ભક્તોનો ભારે ઘસારો રહે છે પણ શ્રાવણ માસ દરમિયાન ભક્તોનું પ્રમાણ વધી જાય છે. મંદિરની સાફ સફાઈ અને રંગ રોગન કરવામાં આવી રહ્યા છે. આખા શ્રાવણ મહિનામાં બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચારથી પૂજા કરવામાં આવશે.

# &TV પર ભાભીજી ઘર પર હૈએ ૯૦૦ હાસ્યસભર એપિસોડ્સ પૂરા કર્યા



પ્રથમ એપિસોડથી જ દર્શકોનું ધ્યાન ખેંચનાર અને ત્યાર પછી સપ્તાહ દર સપ્તાહ તેમનાં મન સતત જીતી રહેલા શો શ્ફ પર ભાભીજી ઘર પર હૈએ હવે નવી સિદ્ધિ પાર કરી છે. શોએ દર્શકોનું નિરંતર મનોરંજન કરવા સાથે ૯૦૦ એપિસોડ્સ પૂરા કર્યા તેની ઉજવણીઓ અને રોમાંચનો કોઈ પાર નથી. લગભગ સાડાત્રણ વર્ષ સુધી ભરપૂર હાસ્ય અને રોમાંચ ફેલાવનાર શોએ હવે સમૂહ મનોરંજનકાર તરીકે સફળતાથી પોતાનું નામ અંકિત કર્યું છે. બાળકો હોય, પુખ્તો કે વડીલો હોય, આ શોએ આરંભથી જ દર્શકોને જકડી રાખ્યા છે અને આ વર્ષોમાં ચાહકોની સંખ્યા ત્રણ ગણી વધી ગઈ છે.શોની લોકપ્રિયતા જોતાં બધા કલાકારો અને ક્રુએ તે માટે આપેલા પ્રયાસો નિશ્ચિત જ સરાહનાને પાત્ર છે. ભાભીઓ અને ભૈયાઓએ દર્શકોને પેટ પકડાવીને હસાવ્યા છે ત્યારે ટીકા, મલખાન અને ટીલ્લુ સાથે હપ્પુ, સકસેના, ગુલફામકલીએ પણ દર્શકોનું ભરપૂર મનોરંજન કર્યું છે.મનોરંજનના ચાલુ જ રાખવાના વચન સાથે શોનો ૯૦૦મો એપિસોડ ૯મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ પ્રસારિત થવાનો છે.જોતા રહો ભાભીજી ઘર પર હૈનો રસપ્રદ અને મનોરંજક પ્રવાસ, દર સોમવારથી શુક્રવાર, રાત્રે ૧૦.૩૦, ફક્ત &TV પર

# ગાર્ડન રિચે નવાં યુદ્ધજહાજોની ડિઝાઈન બનાવવા અને તેને વિકસાવવા પોતાની સંશોધન અને વિકાસ ક્ષમતાઓ વધારી

જહાજ નિર્માણ ઈજનેરી અને એન્જિન ઉત્પાદનની કામગીરીમાં સંકળાયેલી અગ્રણી સરકારી કંપનીઓમાંની એક ગાર્ડન રિચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનીયર્સ લિમિટેડ (જીઆરએસઈ)એ ઈજેનરી ઉત્પાદનોનાં વિકાસની સાથે યુદ્ધમાં ઉપયોગી જહાજોનું ડિઝાઈન તૈયાર કરવા અને તેને વિકસાવવાનાં પ્રયાસો વધારવા સંશોધન અને વિકાસમાં તેનું મૂડીરોકાણ વધાર્યું છે. કંપનીએ આ પ્રકારનાં ઉત્પાદનોની ડિઝાઈન તૈયાર કરવા અને તેને વિકસાવવા અગ્રણી એકેડેમિક સંસ્થાઓ સાથે જોડાણ કર્યું છે.

જીઆરએસઈ માટે ડિઝાઈન અને નવીનતા હંમેશા આગવી ેંજીઁ (ખાસિયતો) છે. જીઆરએસઈ માટે કુશળ ડિઝાઈન ટીમ હંમેશા લાભદાયક પાસું છે, જેનાથી કંપનીને યુદ્ધ માટે જહાજો બનાવવામાં ઘણી સફળતા મળી છે. જીઆરએસઈએ બનાવેલા જહાજોમાં વિવિધ ફ્રિગેટ (ઝડપી લડાયક જહાજ), યુદ્ધમાં ઉપયોગી એન્ટિ-સબમરિન કોર્વેટ્ટ (ઝડપી અને ચપળ નૌકા), મિસાઈલનું વહન કરતી કોર્વેટ્ટ, લેન્ડિંગ શિપ ટેન્ક, લેન્ડિંગ ક્રાફ્ટ યુટિલિટી, સર્વે વેસ્સલ, કાફલને પુનઃઈંધણ પુરું પાડવા માટેનાં ટેન્કર, ઝડપથી પેટ્રોલ પહોંચાડતાં જહાજ, ઈનશોર પેટ્રોલ જહાજ, ઉન્ન-હ્રછઝ, હોવર ક્રાફ્ટ અને ઝડપી ઈન્ટરસેપ્ટર બોટ સામેલ છે. ગ્રાહકની ચોક્કસ જરૂરિયાતો પૂર્ણ કરવા કંપનીએ લો ડ્રાફ્ટ (૧.૭ એમ), વધારે વજનનું વહન કરતું અને ૧૫ નોટની મહત્તમ સ્પીડ હાંસલ કરી શકવા સક્ષમ નવું લેન્ડિંગ જહાજ ડિઝાઈન કર્યું હતું. આ ડિઝાઈન તેની કેટેગરીમાં સૌથી મોટી લેન્ડિંગ શિપ યુટિલિટી છે અને મોડલ ટેસ્ટિંગ મારફતે ડિઝાઈનને મંજૂરી આપવામાં આવી છે.

કંપનીએ નીચે મુજબની નવી ડિઝાઈનની દરખાસ્ત માટે અરજી સામે ભારતીય નૌકાદળને ડિઝાઈન બનાવી આપી છે અને તેને સુપરત કરી છેઃ આ અત્યાધુનિક કોર્વેટ્ટ, સર્વે વેસ્સલ (મોટી) અને એન્ટિ-સબમરિન વોરફેર-શેલો વોટર ક્રાફ્ટ છે. ઉપરાંત કંપનીએ ભારતીય તટરક્ષક દળની પ્રદૂષણ નિયંત્રક જહાજ માટે માહિતી આપવાની વિનંતી મળતાં ડિઝાઈન તૈયારી કરીને સુપરત પણ કરી છે. દરમિયાન કંપનીએ બજારનાં બદલાતાં વાતાવરણની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે તેની પ્રક્રિયાઓને એડજસ્ટ કરવાની યોજના બનાવી છે. જહાજનિર્માણ માટે સ્પર્ધાત્મક બજાર ધીમે ધીમે નોમિનેશનની પ્રક્રિયામાંથી સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા તરફ આગળ વધી રહ્યું છે. અગાઉ સામાન્ય રીતે કંપનીઓ પ્રોજેક્ટ માટે નોમિનેટ કરતી હતી અને એટલે કોન્ટ્રાક્ટ મેળવવા માટે ગ્રાહકોને બિડ ડિલિવર કરવાનું ટાળવા સક્ષમ હતી. હવે વધુને વધુ પ્રોજેક્ટ સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા મારફતે મેળવવામાં આવે છે. એટલે કંપનીને યોગ્ય ક્ષમતા વિકસાવવી પડશે અને બિડ રજૂ કરવા પડશે, જે અમને યોગ્ય નાણાકીય જાળવવામાં મદદરૂપ થશે.

# માટીની મૂર્તિઓથી વ્રતની ઉજવણીનો વિશેષ મહીમા : પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓનો ઉપયોગ ન કરવા અપીલ


અનિલ શાહ

પ્રતિ. ઝેરડા

ડીસા સહિત જિલ્લો 'ગ્લોબલ વોર્મિગ' ના સકંજામાં સપડાયો છે જેની જીવો ઉપર વિપરીત અસરો વર્તાવા લાગી છે ત્યારે હવે નજીકમાં વ્રત-તહેવારોની 'સિઝન' શરૂ થનાર છે તેમાં ભાવિકો 'પ્લાસ્ટર ઓફ પેરીસ'ના બદલે માટીની મૂર્તિનો ઉપયોગ કરે તે સમયનો તકાજો છે.

'પ્લાસ્ટર ઓફ પેરીસ'ની મૂર્તિઓમાં ખુલ્લે આમ જીવલેણ કેમિકલનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી આ મૂર્તિઓ પાણીમાં ઓગળતી નથી. જેને લઈ શ્રધ્ધાળુઓ દ્વારા હોંશભેર પૂજા-અર્ચના બાદ નહી કે તળાવોમાં વિસર્જીત કરાયેલ દેવ-દેવતાઓની મૂર્તિઓની દુર્દશા જોઈ હૃદય દ્રવી ઉઠે છે. 'સોશ્યલ મીડીયા' માં વાયરલ થતી આવી જર્જરીત મૂર્તિઓ જોઈ શ્રધ્ધાળુ ભાઈ-બહેનો ચિત્કારી ઉઠે છે પરંતુ એ પછી ફરી રાબેતા મુજબ થઈ જાય છે. પ્લાસ્ટર ઓફ પેરીસની પ્રાણઘાતક અસરોથી ચોંકી ઉઠેલી સરકારે તેના ઉપર પ્રતિબંધ મૂક્યો છે પરંતુ કડક અમલિકરણના અભાવે પ્રતિબંધ માત્ર કાગળ ઉપર રહી ગયો છે. ત્યારે સરકારના ભરોસે ન રહેતા આ વખતે સ્વયં લોકો જાગૃતિ દાખવી માટીની મૂર્તિનો ઉપયોગ કરે તો મૂર્તિઓની અવદશા ટળવા સાથે સ્વાભાવિક કારીગરોને રોજગારી

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા તાલુકા કોંગ્રેસ સંગઠનની કારોબારી મિટીંગ યોજાઇ

## ભાજપના ૭ કાર્યકરો કોંગ્રેસનો ખેસ પહેરી કોંગ્રેસમાં જોડાયા


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે આજે કોંગ્રેસ સંગઠનના કારોબારી બેઠક યોજાઇ હતી. ધાનેરા તાલુકા તેમજ શહેર કોંગ્રેસમાં નવા હોદ્દેદારોની નિમણુંક થયા બાદ આજે પ્રથમ કારોબારી બેઠક યોજાઇ હતી. જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશ ગઢવી, ધારાસભ્ય નથાભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય જોઇતાભાઈ પટેલ, ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, નગર પાલિકા પ્રમુખ બળવંતજી રાવ સહિત જિલ્લાના કોંગ્રેસના પ્રભારીઓ, તાલુકા કોંગ્રેસના પદાધિકારીઓ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં તાલુકા ભાજપના ૭ જેટલા કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હતા. બેઠકમાં આવનારી લોકસભા ચૂંટણી વિશે તૈયારીઓ, ધાનેરા તાલુકામાં વિવિધ કાર્યક્રમો આપવા વગેરે એજન્ડા બનાવવા માટે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દ્વારા સૂચના અપાઇ હતી.આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસના અગ્રણી રાજુભાઇ જોષી દ્વારા ધાનેરા તાલુકા માંથી શક્તિ પ્રોજેક્ટ મા વધુ ને વધુ લોકોને જોડાવાનું આહવાન કરવામાં આવ્યું હતું.

આજની બેઠકમાં ભજપના ૭ કાર્યકરો વિધિવત કોંગ્રેસમાં જોડાયા હતા. જેમાં ૧ પ્રહલાદજી મેરુજી ઠાકોર, ૨ દીનેશજી ચેહરજી ઠાકોર, ૩ લાલાજી ભવાનજી ઠાકોર, ૪ નટવરજી ખેતાજી ઠાકોર, ૫ રમેશજી ગલબાજી ઠાકોર, ૬ મુકેશજી કાલુજી ઠાકોર, ૭ સંજયજી ઠાકોર કોંગ્રેસમાં જોડાયા હતા.

# દીઓદર આદીવાસી સંગઠન દ્વારા આદિવાસી ઉત્થાન માટેની રજુઆત કરતુ આવેદન પત્ર અપાયું


અશોક શેઠ

તા.પ્રતિનિધિ દીઓદર

સમગ્ર દેશમાં આદિવાસી દિનને લઈ આદિવાસી સમુદાય દ્વારા વિવિધ પોગ્રામો આપવામાં આવી રહ્યા છે. અને સરકાર પણ આ બાબતે પ્રોત્સાહન આપી રહી છે. જે અંતર્ગત દીઓદર તાલુકાના ઓઢા, ધનકવાડા, ફોરણા, નવાપુરા, કુવારવા, પાલડી ગામોના આદિવાસી પરિવારો દ્વારા સંગઠનના પ્રમુખ રાજુભાઈ રાણાની આગેવાનીમાં આદિવાસીઓ પોતાના હક્કથી વંચીત છે. જાગૃતતાના અભાવે વિકાસ રુંધાઈ રહ્યો છે.જેવી માગણીઓને લઈ દીઓદર પ્રાંત અધિકારીશ્રીને આવેદન પત્ર આપેલ. આ પ્રસંગે દિયોદર તાલુકાના ગામોના આદિવાસી સમાજના યુવાનો ઉપસ્થિત રહેલ.

# થરાદ શહેરમાં દશામાના વ્રત પૂર્વે બજારોમાં ખરીદી માટે ભારે ભીડ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

શનિવારથી દશામાતા વ્રત ઉત્સવનો આરંભ થતો હોઇ છેલ્લા બે દિવસથી થરાદ શહેર તેમજ જિલ્લાના તમામ મથકોએ દશામાતાની મૂર્તિઓ, સાંઢડીઓ તેમજ પૂજાપો મેળવવા માટે બજારોમાં બહેનોની ભીડ જામી હતી.ગામેગામ, શહેરે-શહેરે, મહોલ્લે-મહોલ્લે ભિકત ભાવપૂર્વક પૂજા-અર્ચના સાથે વ્રત આરંભાશે.આ દશ દિવસીય વ્રતની શ્રાવણ સુદ દશમના રોજ પૂર્ણાહુતિ થશે.શુક્ર તથા શનિવારે સવારથી સાંજ સુધી ખાસ કરીને મુખ્ય બજારમાં ગોઠવાતી દુકાનો પૂજા પાકીટ અને મૂર્તિઓથી શોભી હતી.શહેર તથા ગ્રામિણ વિસ્તારની મહિલાઓની ભારે ભીડના કારણે પાલિકાની દબાણ હટાવવાની ઝુંબેશ અને પાલિકાના સદસ્ય અને ભાજપના મહામંત્રી જેહાભાઇ હડીયલની બે દિવસ નગરના નાનાવેપારીઓને કનડગત ન થાય તે પ્રકારે કામગીરીની લાગણી વચ્ચે પણ જાણે કે નગરના રાજમાર્ગો રસ્તાઓ સાંકડા બની ગયા હતા

વેપારીઓના જણાવ્યા મુજબ અનેક મહિલાઓ માટીમાંથી પણ માતાજીની સાંઢણી બનાવે છે.જયારે રૂ.૫૦થી ૨૦૦૦ સુધીની દશામાંની મૂર્તિઓ બજારમાં ઉપલબ્ધ છે. પૂજાપામાં પણ અગરબત્તી, ધૂપ, ચુંદડી, બાજઠ, ઘી સહિતની તમામ સામગ્રી મળી રહે છે.શહેરમાં પ્લાસ્ટર ઓફ પેરીસની સાથે ચીકણી માટીની વિવિધ આકારવાળી દશામાની મૂતિઓનું રૂ.૧૦૦થી ૪૦૦ સુધીમાં વેચાણ થઇ રહ્યું છે. જેમાં સાંઢણી, શંખ, શિવલીગ, કમળ,

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકા માલધારી અને હિન્દુ સમાજ દ્વારા ગૌરક્ષકની હત્યાના મામલે રેલી કાઢી આવેદનપત્ર અપાયું


યશપાલસિંહ ટી.વાઘેલા, વિજય સિલ્વા

તા.પ્રતિનિધિ થરા,શિહોરી

ગત દિવસોમાં કડી તાલુકાના ખેરપુર ગામના રાજુભાઈ ગા-ડાભાઈ રબારીની કેટલાક અસામાજીક તત્વો ગૌ કસાઈઓએ નિર્મમ રીતે હત્યા કરી નાખી જેના પ્રત્યાઘાતો સમગ્ર ગુજરાતમાં પડી રહ્યા છે. ત્યારે કાંકરેજ તાલુકા માલધારી અને હિન્દુ સમાજ દ્વારા ગઈકાલે કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત થઈ મૌન રેલી કાઢી કાંકરેજ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સ્વ.રાજુભાઈ રબારીના પરિવારને ઝડપી ન્યાય મળે અને ભવિષ્યમાં આવી કોઈ ઘટના ના બને. સ્વર્ગસ્થના પરિવારને સરકાર દ્વારા પુરતું વળતર સહાય આપવામાં આપે, આ પ્રકરણમાં સંડોવાયેલા તમામ આરોપીઓને સખ્ત અને ઝડપી સજા કરવામાં આવે, ગૌરક્ષકો- માલધારીઓ પર થતા અત્યાચાર બંધ થાય અને ભવિષ્યમાં કાયદાકીય રક્ષણ મળે, ગૌ હત્યા અને તસ્કરી સંપૂર્ણપણે બંધ થાય, જમીનોના દબાણો દૂર કરી જમીન ગૌચર માટે જ ખુલ્લી કરવામાં આવે, ગૌશાળાઓના ઘાસચારાની અછત દૂર કરવામાં આવે, આમ ઉપરોક્ત માંગણી સાથે મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરેલ. કાંકરેજ તાલુકામાં જાહેર માર્ગો પર રખડતા ગૌ-ગૌવંશ સામે ગામડે- ગામડે ગૌચરના દબાણો દૂર થાય તેવી લોકમાંગ પ્રબળ બની રહી છે. કલેક્ટર આ બાબતે વિચારશે ??

# સુઈગામ તાલુકા પંચાયતમાં આવાસોના હપ્તાઓ માટે લાભાર્થીઓ પરેશાન


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

સુઈગામ તા.પંચાયતમાં આવાસ યોજનામાં ઈન્દિરા આવાસ યોજનાના ૩ હપ્તામાં જવાબદારી કર્મચારીઓ લાભાર્થીઓને ધરમ - ધક્કા ખવડાવતા હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે ૨૦૦૭ થી ૨૦૧૩ ના વર્ષમાં બનેલા ઈન્દિરા આવાસ યોજનાનો ત્રીજો હપ્તો લાભાર્થીઓને આજ સુધી મળ્યો ન હોવાનું શિવાજી રાજપુતે (ગોલપ) જણાવ્યું હતું. હપ્તાના મુદ્દે લાભાર્થીઓ રોજીંદા ધક્કા ખાય છે. ટુંક સમયમાં હપ્તાઓનું ચૂકવણુ નહી કરાયતો લાભાર્થીઓ દ્વારા ભૂખ હડતાલ ઉપર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે છેલ્લા ૮ માસથી સુઈગામ તા.પંચાયતનો વહીવટ કથળતા લાભાર્થીઓ પરેશાની ભોગવી રહ્યા છે.

# આજે દિવાશાનુ પર્વ : ડીસા સહિત જિલ્લાભરમાં દશામા વ્રતનો આજથી પ્રારંભ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

અષાઢ વદ અમાસ દિવાસાનું પર્વ તરીકે મનાવવામાં આવે છે. દિવાસાના પવીત્ર દિવસથી દશામાતાજીના વ્રતનો પણ પ્રારંભ થતો હોય છે. જેને લઈ મહિલાઓ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. દિવાસાના એક દિવસ અગાઉ ડીસા સહિતની બજારોમાં માતાજીની મૂર્તિઓની વ્રતધારી મહિલાઓ દ્વારા ખરીદી કરવામાં આવી હતી. આજરોજ શનિવારથી દશામાતાજીના વ્રતની શરૂઆત થઈ રહી છે. ૧૦ દિવસ ચાલનારા દશામાના ઉતસવને લઈ બહેનોમાં વિશેષ આનંદ જોવા મળી રહ્યો છે. દર વર્ષે ડીસા સહિત જિલ્લામાં દશામાંના વ્રતને લઈ ભાવિકોનો વધારો થઈ રહ્યો છે.

ડીસા સહિત જીલ્લામાં શનિવારથી પ્રારંભ થઈ રહેલા વ્રતને લઈ બજારમાં અવનવા રંગની મૂર્તિ ખરીદવા બજારોમાં મહિલાઓ ઉમટી પડી હતી. જેથી છેલ્લી ઘડીએ બજારોમાં વિશેષ ભીડ જોવા મળી હતી. બનાસકાંઠા જિલ્લામાં મહિલાઓમાં દશામાં પ્રત્યે ભારે શ્રધ્ધા હોવાથી જિલ્લાભરમાં દશામાનું વ્રત ભારે ભક્તિભાવ અને શ્રધ્ધા પૂર્વક ઉજવાશે ત્યારે દશામાંના ભક્તો દ્વારા તેની સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે.

અનુસંધાન પાના નં.૬

# આજીવન કેદનો નાસ્તો ફરતો આરોપી ઝડપાયો

પાલનપુર

બનાસકાંઠા જીલ્લા પોલીસવડા પ્રદિપ સેજુલની સૂચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડના સી. પી. ચૌધરી સ્ટાફના કિરણસિંહ, ઐયુબભાઇ, પ્રવિણસિંહ, વિનોદભાઇ, મહેન્દ્રસિંહ, શૈલેષકુમાર અને રજનીશભાઇ સાથે શિહોરી વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓની તપાસમાં હતા. દરમિયાન બાતમીના આધારે આજીવન કેદમાં પેરોલ ઉપર આવી નાસતા ફરતા મુળ ડીસા તાલુકાના ઝેરડા હાલ કાંકરેજના કંબોઇ ખાતે રહેતા મહેશ ઉર્ફે મસા પોપટભાઇ રાવળને જમનાપાદર ગામેથી ઝડપી લીધો હતો. જેને પાલનપુર જિલ્લા જેલમાં સોંપવામાં આવ્યો હતો.

# ભીલડીમાં દશામાની મૂર્તિઓ ખરીદવા મહિલાઓનો ધસારો


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ભીલડી પંથકના ગામોમાં પણ છેલ્લા ઘણાં વર્ષોથી દુ:ખડા હરનારી મા દશામાના વ્રતનો મહીમા વધી પડ્યો છે. ગ્રામિણ વિસ્તારની મહિલાઓમાં દશામાનું અચૂક વ્રત રાખે છે તેથી દશામાના વ્રતને લઈ મહિલાઓમાં ઉત્સાહની લાગણી છવાઈ છે. અને હવે દશામાનું વ્રત આજે અષાઢી અમાસથી શરૂ થઈ રહ્યું છે ત્યારે ગઈકાલે દશામાના વિવિધ સ્વરૂપોવાળી મૂર્તિઓ ખરીદવા મહિલાઓનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. ભીલડીમાં વર્ષોથી પટણી પરિવાર માતાજીની આકર્ષક અને નયનરમ્ય મૂર્તિઓ બનાવે છે. જે મૂર્તિઓ ખરીદવા ગામઠી મહિલાઓ ઉમટી પડી હતી. તેથી આખો દિવસ બજાર ધમધમી ઉઠ્યું હતું. મહિલાઓએ માતાજીની મૂર્તિ સાથે પુજાપો અને અન્ય સામગ્રીની પણ હોંશભેર ખરીદી કરી હતી. હવે આજે વહેલી સવારે શુભ મુહુર્તે ઘરે માતાજીની મૂર્તિની સ્થાપના કરી વ્રતધારી મહિલાઓ સતત દશ દિવસ સુધી દશામાની આરાધના કરશે. જોકે આ વખતે વરસાદ ઓછો થયો છે તેથી તળાવો ભરાયા નથી. જેથી મૂર્તિ વિસર્જનની ચિંતા અત્યારથી જ મહિલાઓને સતાવા લાગી છે.

# અમીરગઢ પોલીસે વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી



વિશાલ નાઈ

## બુટલેગરોએ ભર બજારમાં ગાડી દોડાવતા અફડા - તફડી

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ પોલીસે શકના આધારે સ્વીફ્ટ ગાડી (નં.જી.જે.૧૨.એ.કે.૫૭૯૨) ને રોકાવાનો ઈશારો કરેલ પરંતુ ગાડી ચાલક કાચા રસ્તે બમણી ગતિએ ગાડી હંકારી અમીરગઢમાં ઘુસી ગયો હતો. તેથી પોલીસે ફિલ્મી ઢબે પિછો કરતા ભરચક બજારમાં લોકોમાં ભયનો માહોલ સર્જાતા અફડા - તફડી મચી ગઈ હતી. જોકે સ્વીફ્ટ ગાડી ફાટક ક્રોસ કરી આગળની ગોળાઈમાં ટ્રક સાથે ધડાકાભેર ટકરાઈ પલટી ખાઈ ગઈ હતી. પોલીસે વિદેશી દારૂની ૩૨૭ બોટલ કિંમત રૂા.૧૫૦૦૦ સાથે ગાડી મળી કુલ રૂા.૨,૧૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ રાજસ્થાનના આરોપી નંદ કિશોર ભંવરલાલ દૂધવાળા, રાજવીરસિંહ હિરાલાલ જાટ, હાલચંદ ગોવિંદલાલ જાટ અને સાગર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મડાણા (ગઢ)માં કપિરાજનો આંતક : ૫ લોકોને ઇજા

## વન વિભાગ દ્વારા કપિરાજને રેસ્કયુ કરી પકડી લેવાયો

પાલનપુર

પાલનપુર તાલુકાના મડાણા(ગઢ) ગામે ભુરાયા થયેલા એક વાનરે આતંક મચાવ્યો હતો. જ્યાં બે દિવસ અગાઉ તેણે પાંચથી વધુ લોકોને બચકા ભરી ઈજાઓ પહોચાડી હતી. દરમિયાન શુક્રવારે વન વિભાગની ટીમ દ્વારા રેસ્કયુ કરી આ વાનરને પકડવામાં આવ્યો હતો. અને જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યો હતો.

પાલનપુર તાલુકાના મડાણા (ગઢ) ગામે છેલ્લા એક સપ્તાહથી એક વાનર તોફાને ચઢતાં ગ્રામજનોમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો હતો. જેને પાંચથી વધુ લોકોને બચકાં ભરી ઈજાઓ પણ પહોચાડી હતી. દરમિયાન આ અંગેની જાણ વન વિભાગને કરવામાં આવતાં ટીમ દ્વારા શુક્રવારે રેસ્કયું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ. જ્યાં ઝાડ ઉપર બેઠેલા આ કપીરાજને ટવીન્કીલાઈઝર ગનથી બેભાન કરી પકડી લેવામાં આવ્યો હતો. અને જંગલમાં મુકત કરવામાં આવ્યો હતો. વાનરના ત્રાસથી મુક્તિ મળતાં ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.

# માઉન્ટઆબુ ખાતે અખિલ આંજણા ચૌધરી યુવા મંડળની બેઠક યોજાઈ


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત અને આંજણા ચૌધરી પટેલ સમાજ સેવા માટે કાર્યરત શ્રી અખિલ આંજણા ચૌધરી પટેલ યુવા મંડળની બેઠક રવિવારના રોજ રાજસ્થાનના માઉન્ટ ખાતે યોજાઈ હતી જેમાં મંડળ ના હોદેદારો કારોબારી અને સલાહકાર સમિતિ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બનાસકાંઠા જિલ્લામાં સમાજ સેવા અને વ્યસન મુક્તિ અભિયાન ચલાવતા શ્રી અખિલ આંજણા ચૌધરી પટેલ યુવા મંડળની બેઠક માઉન્ટ ખાતે યોજાઈ હતી. જે સભા ની શરૂઆત શ્રી ૧૦૦૮ રાજેશ્વર ભગવાનના ફોટોને દીપ પ્રાગટય તેમજ ફૂલ હાર કરી શરૂઆત કરવામાં આવી હતી. જે બેઠકમાં આંજણા ચૌધરી સમાજ શિક્ષીત સંગઠિત તેમજ વ્યસન મુક્ત બને જે વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. તો આવનારા સમય માં સરકાર ની વિવિધ કેડરો માં સરકારી ભરતી થવાની હોઈ જેમાં સમાજ ના યુવાનો વિવિધ ભરતી ની પરીક્ષા માં ભાગ લે અને જે પરીક્ષા માટે યુવાન ને પૂરતું માર્ગદર્શન મળે જે બાબત ની પણ આ બેઠક માં ચર્ચા કરવામાં આવી હતી તો બનાસકાંઠા જિલ્લા માં કાર્યરત શ્રી અખિલ આંજણા ચૌધરી પટેલ યુવા મંડળ માં નવીન સભ્યો ની રચના કરવાની વાત ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. શ્રી અખિલ આં-જણા ચૌધરી પટેલ યુવા મંડળનું આવનારા સમય માં દિવાળી નવા વર્ષનું સ્નેહ મિલન થરાદ ખાતે યોજવાનું આયોજન હોઈ જેમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનું હોવાથી સમાજના તેજસ્વી તારલાઓની યાદી અને માર્કશીટનું કલેકશન કરવા ઉપર મંડળના સભ્યોને આહવાન કરવામાં આવ્યું હતુ તો તાજેતરમાં મંડળ દ્વારા

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં એકટીવાની ડેકીમાંથી પચાસ હજારની ઉઠાંતરી

ડીસા

બનાસકાંઠાના ડીસા ખાતે ગતરોજ લાયન્સ હોલ પાસે પડેલા એક્ટિવાની ડેકી તોડી ૫૦ હજારની ચોરી થતા ચકચાર મચી ગઈ છે. એક્ટિવા માલિક દુકાન બંધ કરવા ગયો એટલીવારમાં કોઈ ગઠિયો આ એક્ટિવાની ડેકી તોડી તેમાં પડેલા ૫૦ હજાર રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.આ મામલે પીડિત વેપારીએ ડીસા દક્ષિણ પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે તપાસની તજવીજ હાથ ધરી છે.

# મીઠી- પાલડીમાં દશામાની મૂર્તિઓનું ધૂમ વેચાણ


નવીન દોશી

પ્રતિનિધિ મીઠી પાલડી

દુ:ખડા હરનારી મા દશામાના વ્રત પ્રારંભ ને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે.જેથી મહિલાઓમાં ઉત્સાહ વધી રહ્યો છે. પરંતુ આ વર્ષે અપુરતો વરસાદ થયો હોવાથી ગ્રામીણ તળાવો હજુ ભરાયા નથી, તેથી વ્રતધારી મહિલાઓમાં ક્યાંક ક્યાંક ચિંતાના વાદળો પણ છવાયા છે.

બનાસકાંઠા જિલ્લામાં દરેક ગામડાઓમાં આજે પણ દશામાના વ્રતનો મહિમા અકબંધ રહ્યો છે, ઠેરઠેર મહિલાઓ માતાજીના વ્રતોની રંગેચંગે ઉજવણી કરી દસ દિવસના વ્રત રાખી ઉપવાસ કરી માતાજીની આરાધના કરે છે, જેથી મહિલાઓ સાંઢણી સવાર માતાજીની મૂર્તિઓ ખરીદવા લાગી છે, જેના કારણે બજારોમાં પણ ભારે ભીડ જોવા મળી રહી છે.

અનુસંધાન પાના નં.૬

# ૬૯મો તાલુકા કક્ષાનો વનમહોત્સવ દિયોદર તાલુકાના સોની મુકામે યોજાયો


અશોક શેઠ

તા.પ્રતિ. દિયોદર

બનાસકાંઠાના દિયોદર તાલુકાના સોની ગામે તાલુકા કક્ષાનો ૬૯ મો વન મહોત્સવ નુંબી વી પટેલ વિનય વિદ્યામંદિર ખાતે ગતરોજ યોજાયેલ સૌને દિયોદર રેન્જ ફોરેસ્ટ ઓફિસર વિસ્તરણ રેન્જ જી એસ ચેલાણીએ આવકારેલ અને વન વિભાગની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. દિયોદરના ધારાસભ્ય શિવાભાઈ ભુરિયાએ જણાવ્યું હતું કે છોડમાં રણછોડ છે એટલે કે પ્રત્યેક વૃક્ષમાં ભગવાનનો વાસ રહેલ છે અને વૃક્ષો માનવજીવનના અભિન્ન અંગ સમાન છે વૃક્ષો થકી આ સજીવ સૃષ્ટિ હરિયાળી અને સમગ્ર જીવ માટે પણ જરૂરી છે માટે દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું એક વૃક્ષ તો વાવવુ જ રહ્યું અને તેનું જતન પણ જરૂરી હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

પ્રસંગે દિયોદર રાજવી પ્રવિણસિંહ વાઘેલાએ પણ વૃક્ષારોપણ ઉપર ભાર મૂકી કહેલ કે વરસાદની અછત વર્તાઈ રહી છે વૃક્ષોનું સમયાંતરે લોકો આડેધડ કાપી રહ્યા છે જે જીવ સૃષ્ટિ માટે ઘાતક પુરવાર થશે માટે બને તેટલા વધુ વૃક્ષોનો ઉછેર જરૂરી જે સમગ્ર વિશ્વ કલાઈમેટ ચેન્જમાંથી પ્રસાર થઈ રહ્યા છીએ

અનુસંધાન પાના નં.૬

**ગુજરાત પાણી પુરવઠા અને ગ.વ્ય.બોર્ડ**
**જાહેર નિવિદા નં.૦૭ સને ૨૦૧૮-૨૦૧૯**
**ટુંકી મુદતની નિવિદા**

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, પ્રથમ માળ, જલભવન, આદર્શ સ્કુલની પાછળ, પાલનપુર-૩૮૫૦૦૧ જિ.બનાસકાંઠા ફોન નં.(૦૨૭૪૨) ૨૫૭૧૬૧ દ્વારા બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના કુલ ૧ કામો કે જેની કુલ અંદાજીત કિંમત રૂા.૩.૮૬ લાખ માટે ટેન્ડર માંગવામાં આવે છે. અ.નં.૧ ના કામોની કોરી ટેન્ડર કોપી ઇસ્યુ કરવાની છેલ્લી તા.૧૪-૦૮-૨૦૧૮ તથા ભાવો ભરીને રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ થી પરત લેવાની છેલ્લી તા.૨૧-૦૮-૨૦૧૮ છે. ટેન્ડરને લગતી વિગતવાર વિગતો આ કચેરીના નોટીસબોર્ડ ઉપર તેમજ વેબસાઇટ www.statetenders.com / http://gwssb.org/ તથા www.gwssb.npocure.com ઉપર ઉપલબ્ધ છે. ટપાલ દરમ્યાન મોડા મળેલ કે ગેરવલ્લે જાય તેની જવાબદારી કચેરીની રહેશે નહી કોઇપણ ભાવો માન્ય રાખવા કે નહી કે કોઇપણ કારણ આપ્યા સિવાય એક અથવા બધા ટેન્ડરો રદ કરવાનો હક્ક નીચે સહી કરનાર અધિકારીશ્રીનો અબાધિત રહેશે. ટેન્ડરમાં જો કોઇ સુધારો હશે તો ફક્ત વેબસાઇટ ઉપર જ પ્રસિદ્ધ કરવામાં આવશે.
ક્રમાંક:નામાનિ/પાલન/૩૦૩/૨૦૧૮-૧૯

# તંત્રી સ્થાનેથી ...

**વ્યસ્ત વ્યક્તિને આંસુ સારવાનો પણ સમય મળતો નથી.**

## રસીકરણ ઝુંબેશ નિષ્ફળ જતાં ફરી કેમ્પ યોજવા સરકારનો નિર્ણય

રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી ઓરી- રૂબેલા રસીકરણ અભિયાન રાજ્યભરમાં જોરશોરથી ચલાવવામાં આવી રહ્યું છે. પરંતુ આ રસીકરણ અભિયાનને અમદાવાદમાં પ્રતિસાદ મળ્યો નથી. શહેરની કેટલીક ખાનગી સ્કુલોએ આ રસીકરણ માટે સાથ- સહકાર ન આપતાં રસીકરણમા ૧૫ ટકા બાળકોને આપી શકાયેલ છે, જો કે અભિયાનની નિષ્ફળતાથી ગભરાયેલા સરકારી તંત્રએ તાત્કાલિક બેઠકોની કવાયત હાથ ધરી છે અને હવે અમદાવાદની શાળાઓમાં ફરી રસીકરણ કરવા રાજ્ય સરકાર દ્વારા આદેશ જારી થયો છે.

કહેવાય છે કે શાળા સંચાલકોની ઈચ્છા ન હોવા છતાં શાળાઓમાં પત્ર પાઠવીને બીજા તબક્કાની કાર્યવાહી શાળામાં કરાશે. તેવું સરકારી એલાન થતાં શાળા સંચાલકોમાં રોષ વ્યક્ત થયેલ છે. આની પાછળનું કારણ શું

સરકારે જે રસીકરણ શરૂ કર્યુ. તેમાં ૯ માસથી લઈને ૧૫ વર્ષ સુધીના બાળકોને રસી આપવામાં આવી રહી છે. ગત ૧૬ જુલાઈથી શરૂ થયેલા આ મહા અભિયાનમાં સૌપ્રથમ સ્કુલોમાં જઈને વિદ્યાર્થીઓને રસી આપવાનું નક્કી કરાયું હતું. પરંતુ આ રસીકરણમાં ખાનગી સ્કુલોમાં હાથ ધરાયેલા રસીકરણમાં માત્ર ૧૫ ટકા વિદ્યાર્થીઓ રસીકરણ માટે આવ્યા હતા.

કહેવાય છે કે અમદાવાદના પશ્ચિમ ઝોન વિસ્તારમાં ૧૫૮ ખાનગી સ્કુલો છે. આ સ્કુલોમાં કુલ ૯૧૬૯૨ વિદ્યાર્થીઓ છે અને તે તમામને રસીકરણ માટે આગળ આવવા જણાવાયું છે. બાદમાં કેમ્પ ચકાસણી બાદ માત્ર ૧૩૮૪૮ વિદ્યાર્થીઓએ આ રસી લીધી હોવાનુ તંત્ર દ્વારા બહાર આવેલ છે.

જો કે ખાનગી સ્કુલોમાં રસીકરણનો ફિયાસ્કો થયા બાદ તાજેતરમાં તમામ શાળા સંચાલકો સાથે સરકારી અધિકારીઓએ ફરી ફરી બેઠક યોજી હતી અને સંચાલકોને સમજાવવામાં આવ્યા હતા. ખરેખર તો રસીકરણ ઝુંબેશને તમામ શાળા સંચાલકોએ સાથ સહકાર આપવો જોઈએ. સરકાર જે કંઈ કરી રહી છે તે વિદ્યાર્થીઓના હિતમાં કરી રહી છે. સમય જતાં વિદ્યાર્થીઓ કોઈ રોગનો ભોગ બને તે માટે આ રસી અપાવવી જરૂરી કહી શકાય.

શાળા સંચાલકોને રસીકરણ સામે વાંધો શું છે તે બાબત ગંભીર કહી શકાય. જ્યારે સરકાર જ આ ઝુંબેશ ચલાવી રહી છે. ત્યારે હસ્તક્ષેપ કરવાનો અર્થ શું? આમ જોવા જઈએ તો વિદ્યાર્થીઓના વાલીઓએ રસીકરણ બાબતે આગળ આવી પોતાના પુત્રોને સમજાવવા જોઈએ. પરંતુ તેનો વિરોધ કરવાથી વિદ્યાર્થીઓ ગમે ત્યારે ગમે તે રોગનો ભોગ બન્યા સિવાય રહેશે નહિં.

શાળાઓમાં રસીકરણ અભિયાન ચલાવવામાં આવનાર હોવાથી શાળા સંચાલકોએ બાળકોના વાલીઓને આ બાબતે વાકેફ કર્યા હતા અને સંચાલકોની સાથે આવવા પણ જણાવેલ. જોકે ત્યારબાદ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પાંખી રહેવા લાગી હતી. વળી એક શાળામાં તો ૧૨૦ વિદ્યાર્થીઓમાંથી માંડ ૬૦ વિદ્યાર્થીઓની હાજરી હતી. છતાં જે હાજર હતા તેમનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

સરકારે રસી કરવા ઝુંબેશ શરૂ કરીને પહેલાં સ્કુલોમાં રસી કરવા માટે કેમ્પ યોજાયો હતો અને રસીકરણ માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શિક્ષણકાર્ય બંધ રાખવામાં આવ્યું હતું. જો કે શરૂઆતમાં આ અભિયાનમાં ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ત્યારે હવે ફરી સ્કુલોમાં કેમ્પ યોજવાનું નક્કી કરાયું છે. હવે રાજ્યમાં રસીકરણથી કેટલી શાળાઓ વંચિત રહી ગઈ છે. તે બાબતની સમીક્ષા કરવામાં આવે તે જરૂરી છે.

# શ્રી રાજારામજી મહારાજના આશીર્વાદથી અનેક માનવીના દુઃખો દૂર થયા છે

**જ્ઞાન સરિતા**
-મુકેશ આંજણા

આપણે ઈતિહાસ તપાસીએ તો આપણને ખ્યાલ આવે છે કે આપણા સંતોએ સમાજના ઉત્કર્ષ માટેના અનેક સતકાર્યો કર્યા છે. તેઓએ સમાજને નવીન ઉર્જા આપીને અનેક લોકોના જીવનમાં તેજ ભર્યું છે તેના અનેક ઉદાહરણો છે. આપણા સંતોએ બતાવેલ જીવન જીવવાના માર્ગ યુગ યુગાન્તર સુધી માનવીને મદદગાર સાબિત થયા છે.

આપણા સંતોની આધ્યાત્મિક શક્તિઓએ અનેક અનૈતિકતા શક્તિઓને નષ્ટ કરી છે તેના અનેક દાખલાઓ લોક મુખે સાંભળવા મળે છે. આ સંતોની પવિત્રતાને લીધે સામાન્ય અનેક માનવીઓનો દુષ્કર દુઃખો દૂર થયા છે તેની વાતો પણ ઈતિહાસના પાના પર અમર કથાઓની જેમ લખાયેલી છે.

રાજસ્થાનના મારવાડ પ્રદેશમાં આવેલ શિકારપુરા ગામમાં વિક્રમ સંવત ૧૯૩૯માં જન્મેલ મહાન સંત શ્રી રાજારામજી મહારાજના ચમત્કારોના લીધે માનવ સમાજનું કલ્યાણ થયેલ છે. શ્રી રાજારામજી મહારાજે સમયાંતરે કલ્યાણકારી ચમત્કારોથી લોકોના માનસપટ પર અનેક ઊંડો પ્રભાવ ભૂતકાળમાં પણ પડ્યો હતો અને વર્તમાન સમયમાં પણ જોવા મળે છે.

એક દિવસની વાત છે.

એક બહેન હતા. તેઓ ખેતરમાં પાલો લેવા માટે ગયા હતા. અચાનક જ તે બહેન બળદગાડી નીચે આવતા ગંભીર રીતે ઘાયલ થઇ ગયા. તેમના પતિ શ્રી રાજારામજી મહારાજના ભક્ત હતા. તે ભક્ત પોતાની પત્નીને કપડામાં લપેટીને શ્રી રાજારામજી મહારાજ પાસે લઈને ગયા હતા. તે બહેનની પરિસ્થિતિ ખરાબ હોવાથી તેમનો પતિ ખૂબ જ ચિંતિત અને પરેશાન હતા. હવે પોતાની પત્નીનો જીવ જોખમ પડેલો હતો. શ્રી રાજારામજી મહારાજે તે બહેનને સાંત્વના આપીને એવી ઔષધિ ખવડાવી કે જાણે તે મહિલાને કશું જ થયું ન હોય. તે બહેન બિલકુલ સાજી થઇ ગઈ અને તેના પતિ અને પરિવારના લોકોને જીવમાં જીવ આવ્યો તેથી ખુશીનો કોઈ પાર રહ્યો નહી.

બનેલો એક કિસ્સો એવો છે કે, એક સમયે શિકારપુરા ગામમાં ખંજવાળનો રોગ ફાટી નીકળ્યો હતો. ગામનાં લોકો ખંજવાળના રોગથી ત્રસ્ત હતા ત્યારે ગામનાં સામાજિક અગ્રણીઓ શ્રી રાજારામજી મહારાજની પાસે પહોચ્યા અને આ રોગને ગામની બહાર હાંકી કાઢવા માટે આજીજી કરી. શ્રી રાજારામજી મહારાજ ખૂબ જ દયાળુ સંત હતા. તેઓનાથી ગામનું દુઃખ જોયું જતું ન હતું. તેમણે ગામવાસીઓને આ રોગથી મુક્તિ મેળવવા માટેનો ઉપાય દેખાડ્યો હતો. ગ્રામજનોને કહ્યું કે 'તળાવની માટી પોતાના શરીર પર ઘસીને તળાવમાં સ્નાન કરવાથી ખંજવાળના રોગથી મુક્ત થઇ જશો.' એમ કરવાથી આખું ગામ ભયાનક રોગ માંથી મુક્ત થઇ ગયું. આખું ગામ રોગથી મુક્ત થયું ત્યારે લોકોએ મહાન તપસ્વી સંતનો જયકાર કર્યો હતો.

મારવાડ પ્રદેશના પૂર્વ સર પ્રતાપસિંહએ શ્રી રાજારામજી મહારાજના ચમત્કાર વિશે ખૂબ ચર્ચા સંભાળી હતી. શ્રી રાજારામજી મહારાજના કેટલાક વિરોધી લોકોએ સર પ્રતાપસિંહને કહ્યું હતું કે શ્રી રાજારામ નામનો માણસ જંગલમાં બેસીને મોજ કરે છે તે ભોળી પ્રજાને ભગવાનના નામે લૂંટે છે તથા મુર્ખ બનાવીને ધન કમાઈ રહ્યો છે તે ત્યાં ભોળા ગ્રામજનોની ભીડ વધારે જોવા મળે છે, તે લોકો શ્રી રાજારામજીને રૂપિયા આપી જાય છે તે પુષ્કળ ધન એકત્રિત કરે છે. મહારાજ જેટલા લોકો તમને મળવા માટે આવે છે તેના કરતાં તો બમણા લોકો જંગલમાં બેસીને ઈશ્વરના નામે ઢોંગ કરે છે તે ઢોંગીને મળવા માટે જાય છે. મહારાજ ભોળી પ્રજાને બચાવો અને આ રાજારામ નામના પાંખડી માણસને સબક શીખવાડો. લોકો દ્વારા આ બધી વાતો મારવાડના સર પ્રતાપસિંહેએ સંભાળી ત્યારે શ્રી રાજારામજી મહારાજ પ્રત્યે ઈર્ષા થઇ તેઓ ઘોડા પર સવાર થઈને શ્રી રાજારામજી મહારાજને મળવા માટે નીકળી પડ્યા.

શ્રી રાજારામજી મહારાજ પ્રતાપસિંહને જોઈ બોલ્યા:

તમે જંગલમાં અચાનક....!

સર પ્રતાપસિંહ બોલ્યા:

'તમારે ત્યાં અનેક લોકોની ભીડ જામેલી રહે છે અને તું અનેક ભોળા લોકોને ખોટી રીતે ભરમાવીને, છેતરીને પૈસા ભેગા કરે છે અને બીજા લોકોના પૈસાથી મોજ કરે છે. આ બધું સર પ્રતાપસિંહ બોલ્યા છતાં શ્રી રાજારામજી મહારાજ સહેજપણ ગુસ્સે થયા નહીં. કારણ કે સંતો અને શુરવીરતાની ભૂમિના મહાન સંતશ્રી રાજારામજી મહારાજે ક્રોધ પર કાબુ મળેવી લીધો હતો.

શ્રી રાજારામજી મહારાજે સર પ્રતાપસિંહને કહ્યું હતું કે 'હું કોઈ સિધ્ધ નથી, હું તો દિવસ રાત ઈશ્વરના ભજન કરું છું અને મને તો મારા પ્રભુ સિવાય કોઈમાં રસ રુચિ નથી' તે સમયે જ અનોખી એક ઘટના ઘટી હતી. સર પ્રતાપસિંહના વસ્ત્રો પર કુમકુમ અને કેસરની છાપ દેખાઈ આવી હતી. ત્યારે સર પ્રતાપસિંહએ શ્રી રાજારામજી મહારાજમાં દિવ્યતાના દર્શન કર્યા હતા અને તેમાં ઈશ્વરીયનું સ્વરૂપ દેખ્યું હતું . મારવાડના પ્રતાપસિંહએ શ્રી રાજારામજીના મહારાજના ચમત્કારથી ગદગદિત થઇ ગયા હતા. ક્રોધથી ભરેલા સર પ્રતાપસિંહ શ્રી રાજારામજી મહારાજને સબક શીખવાડવા માટે આવ્યા હતા પરંતુ હૃદય પરિવર્તન થઇ ગયું અને બધી કાળશ ધોવાઈ ગઈ હતી. આ ચમત્કાર થતાં સર પ્રતાપસિંહ જોતા જ રહી ગયા અને પ્રણામ કરીને ફરીથી શ્રી રાજારામજી મહારાજને મળવા માટેની ઈચ્છા વ્યક્ત કરીને વિદાય લીધી હતી.

પવિત્ર સાધુ સંતોના જીવનનો એક માત્ર ઉદેશ્ય માનવ કલ્યાણનો હોય છે. માનવ સમાજના જીવનમાં પ્રકાશ પથરાય અને જગત માંથી અંધકાર દૂર થાય તેવા સાધુ-સંતોએ પ્રયત્નો કર્યા છે.

શ્રી રાજારામ મહારાજના આશીર્વાદથી સંતાન વિહોણા અનેક લોકોને ત્યાં સંત પ્રાપ્તિ થઇ છે. શ્રી રાજારામજી મહારાજના ત્યાંથી કોઈ દિવસ અને કોઈ માણસ ખાલી હાથે પાછા ફર્યા નથી. આવો જ એક કિસ્સો રાજસ્થાનના ફૌલુદી તાલુકામાં રાજપુરીયા ગામનો છે. તે ગામમાં જગી પાલીવાલ નામનો માણસ રહેતો હતો. એક દિવસ જંગી પાલીવાલ પોતાની પત્ની સાથે શ્રી રાજારામજી મહારાજ પાસે પહોંચી ગયા અને બન્ને પતિ-પત્નીએ શ્રી રાજારામજી મહારાજ પાસે જઈને પોતાનું દુઃખ પ્રગટ કર્યું હતું. શ્રી રાજારામજી મહારાજે આશીર્વાદ વચન આપ્યા અને તેના કારણે સમય આવતા જીવનમાં સુખની શરૂઆત થઇ. સમય જતા તેમને પુત્ર પ્રાપ્તિ થઇ હતી. પાલીવાલ પરિવારમાં થયેલ પુત્ર પ્રાપ્તિનું નામ ખુદ શ્રી રાજારામજી મહારાજે 'ભાકર' રાખ્યું હતું.

એક બીજી એવી જ ઘટના છે.

મુંબઇ શહેરમાં જાલમ ચંદ શેઠ રહેતો હતો. તેને સાત પત્ની હતી પરંતુ પુત્ર પ્રાપ્તિ થતી ન હતી. તેઓ એક દિવસ શ્રી રાજારામજી મહારાજ પાસે તેમની ચાર પત્ની સાથે ગયા. તેઓએ બધી વાત શ્રી રાજારામજી મહારાજને કહી હતી. શ્રી રાજારામજી મહારાજે દુઃખ ભરી વાતો સાંભળીને દ્રવી ઉઠ્યા હતા.

શ્રી રાજારામજી મહારાજે જાલમ ચંદ શેઠની સાથે આવેલ ચારે પત્નીઓને પુત્ર પ્રાપ્તિના આશીર્વાદ આપ્યા હતા. તેના લીધે જાલમ શેઠના જીવનમાં સુખના દિવસોની શરૂઆત થઇ હતી. શ્રી રાજારામજી મહારાજના આશીર્વાદના લીધે સમય જતા ચાર પત્નીને પુત્ર પ્રાપ્તિ થઇ હતી.

આવી માત્ર એક બે ઘટના નથી પરંતુ અનેક ઘટના છે. અનોખી આવી ચમત્કારી ઘટના માત્ર શિકારપુરામાં નહી પરંતુ આખા મારવાડ પ્રદેશમાં સાંભળવા મળે છે.(ક્રમશ.) (mukeshanjana90@gmail.com)

- મુકેશ આંજણા

## સોનીલાઈવ અને લીગ્રાન્ડે ધ ગૂડ વાઈબ્સ સાથે મનોરંજન કરવા માટે નવીનતા લાવી




મુંબઈ

નવી વેબ સિરીઝ ધ ગૂડ વાઈબ્સ આવી ચૂકી છે અને તે જોવા માટે એકથી વધુ કારણો છે. યુગલની રોમાંચક વારતા ધ ગૂડ વાઈબ્સ નાવીન્યપૂર્ણ ઈલેક્ટ્રિકલ બ્રાન્ડ લીગ્રાન્ડ અને ભારતનું પ્રીમિયમ ઓટીટી મંચ સોનીલાઈવ વચ્ચે અનોખું ક્રિયાત્મક જોડાણ છે. નવા યુગની કોમ્યુનિકેશન્સ કંપની અને બોહેમિયન ફિલ્મ્સ એઆક્યુવીડી એશિયા દ્વારા નિર્મિત આ વેબ સિરીઝ બે બ્રાન્ડ્સની સંબંધિત ઓફરોને ગ્રાહકો સાથે મજબૂત જોડાણ કરવા માટે તેમને એકત્ર લાવે છે.

આ જોડાણ એવા સમયે કરાયું છે જ્યારે બ્રાન્ડ્સ ડિજિટલ ઈકોસિસ્ટમમાં તેના દર્શકો આસાનીથી આકર્ષિત થાય તેવી નાવીન્યપૂર્ણ રીતો શોધી રહી છે. લીગ્રાન્ડની સોનીલાઈવ સાથે ક્રિયાત્મક ભાગીદારી અને આસાનીથી વારતાકથનમાં અનુકૂળ બંધબેસવાની તેની ખૂબી તેને ઉત્તમ ઓફર બનાવે છે. આ જોડાણ થકી લીગ્રાન્ડ સોનીલાઈવના વિશાળ દર્શકો સુધી પહોંચવાની યોજના બનાવી રહી છે.આ ૬ ભાગની સિરીઝમાં નવીન કસ્તુરિયા અને માનવી ગગરૂ જે ઉત્તમ કલાકારો છે. આ યુવાન યુગલ અને સામાજિક અપેક્ષાઓ સાથે તેમને કરવી પડતી કડાકૂટ વિશેની હળવીફૂલ વારતા છે. હાસ્યસભર છતાં હૃદયસ્પર્શી ધ ગૂડ વાઈબ્સનો પ્રથમ એપિસોડ ૮ ઓગસ્ટથી સોનાલાઈવ પર લાઈવ થયો છે ત્યારે લીગ્રાન્ડ ઈન્ડિયાની યુટયુબ ચેનલ પરથી પણ પ્રસારિત થાય છે.

## 'આરઝુની ક્ષણોને પુનઃસર્જિત કરતાં માધુરી અને અક્ષય જૂના દિવસોને સંભારે છે



બોલીવુડના ખિલાડી અક્ષય કુમાર અને કામણગારી મૌની રોય, પોતાની આવી રહેલ મૂવી ગોલ્ડનું પ્રમોરન કરવા કલર્સના લોકપ્રિય ડાન્સ રિઆલિટી શો 'ડાન્સ દીવાને'ના મંચને શોભાયમાન કરતાં દેખાશે.જયારે અક્ષય કુમાર અને માધુરી દિક્ષિત એક સાથે આવશે તો તે એક ખાસ ક્ષણ હશે અને તેઓ લાંબા સમય પછી પડદા પર એક સાથે દેખાશે. તેઓ છેલ્લે દિલ તો પાગલ હૈમાં એક સાથે જોવા મળ્યાં હતાં, આ સિવાય અક્ષય અને માધુરીએ આરઝુમાં એક સાથે અભિનય કર્યો હતો. દર્શકોને પોતાની કેમેસ્ટ્રીની ખાસ ઝલકી દેખાડવા આ જોડી પોતાના વિખ્યાત ગીત 'અબ તેરે દિલ મેં' પર ડાન્સ કરતી જોવા મળશે. ચને જિવંત બનાવતાં અને જાદુઇ અનુભવનું પુનઃસર્જન કરતાં, અક્ષય અને માધુરીએ આખી ભીડને પોતાની રોમેન્ટિક કોરિયોગ્રાફી વડે જાણે કે મૂર્છા પમાડી દીધી.આશ્ચર્યજનક પરફોર્મન્સ નિહાળવા માટે જોતા રહો "ડાન્સ દીવાને" શનિવાર અને રવિવારે રાત્રે ૯-૦૦ કલાકે ફક્ત કલર્સ પર

## વિચારો અદનાન ખાનને તેના રિપ્પલિંગ એબ્સ મેળવ્યા!



ઝી ટીવીના પ્રસિદ્ધ કાલ્પનિક શો, ઈશ્ક સુભાન અલ્લાહ તેની અલગ વાર્તા અને મુખ્ય જોડીની વચ્ચેની કેમિસ્ટ્રીને લીધે સમગ્ર દેશના ઘરોમાં ચહિતો બની રહ્યો છે અને સપ્તાહ દર સપ્તાહ ચાર્ટમાં ટોચ પર જઈ રહ્યો છે. તાજેતરમાં, દર્શકોએ જોયું કે, ઝારા (ઈશા સિંઘ) અને કબિર (અદનાન ખાન)ના સંબંધમાં મુશ્કેલી ઉભી થઈ છે, જ્યાં, કબિર તેમના જીવન પ્રત્યેના અલગ અભિગમ અને દ્રષ્ટિકોણને લીધે તલાક આપે છે. તેને જીતવા અને તેના સંબંધને આગળ વધારવા માટે ઝારાનો હેતુ આગામી દિવસમાં તેમની વચ્ચે સેતુ સાધવાનો રહેશે એ પહેલા કબીર ધીમે-ધીમે તેને એક પછી એક બીજા અને ત્રીજા તલાક આપવાનું નક્કી કરે છેવ્યસ્ત સમય દરમિયાન અભિનેતા અદનાન ખાનનો મોટો પ્રતિભાવ, દર્શકોના દિલમાં પોતાની જગ્યા બનાવવામાં સફળ રહ્યો છે. તેની સ્ક્રીન પરની આકર્ષક હાજરીની સાથે તે અદભુત અભિનયની આવડત ધરાવે છે પરંતુ તેનું શરીર આ વ્યવસાયમાં શ્રેષ્ઠ પૈકીના એક છે. તો, જે ચાહકો અને દર્શકો નથી જાણતા એ છે કે, આ સુંદર અભિનેતાના શ્રેષ્ઠ શરીની પાછળ ઈન-હાઉસ જીમ જવાબદાર છે, જે શોના સેટ પર તેને ઉભું કર્યું છે. તેના શૂટિંગના વ્યસ્ત સમયગાળામાં અદનાને સ્થિર વર્કઆઉટનો સમય વચ્ચે મેળવી લે છે અને તેને જાળવી પણ લે છે. તેથી, જ્યારે પણ તેને શોટની વચ્ચે સમય મળે છે ત્યારે પોતાની જાત માટે સમય કાઢી લે છે અને આ મસલ્સ માટે વર્કઆઉટના સાધનો પણ લઈ લીધા છે. તમારા ચાહકો આનાથી પ્રેરિત થાય જીવન જીવવાના સ્વસ્થ્ય રસ્તાઓ સ્વિકારી શકે!ઈશ્ક સુભાન અલ્લાહને જૂઓ દર સોમવારથી શુક્રવાર રાત્રે ૧૦.૦૦ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

## એસકેએફ ઈન્ડિયાએ મનીષ ભટનાગરની મેનેજિંગ ડાયરેક્ટર તરીકે નિમણૂક કરી

એસકેએફ ઈન્ડિયા લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આજે યોજાયેલી બેઠકમાં શ્રી મનીષ ભટનાગરની ૧૬ ઓગસ્ટ, ૨૦૧૮થી ૫ વર્ષ માટે મેનેજિંગ ડાયરેક્ટર તરીકે નિમણૂક કરી હતી. બોર્ડે શ્રી કાર્લ ઓરસ્ટેડિયસનું મેનેજિંગ ડિરેક્ટર અને ડિરેક્ટર તરીકેનું રાજીનામું પણ તે જ દિવસથી સ્વીકાર્યું હતું.હું મનીષની એસકેએફ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સ્વાગત કરતાં ખુશી અનુભવું છું. તેમનો દાનાહર કોર્પોરેશન, અન્ડરરાઈટર્સ લેબોરેટરીઝ"હ્ષ્ઠ. અને જનરલ ઈલેક્ટ્રિક સાથે કામ કરવાનો અનુભવ એસકેએફ માટે એક અસ્કયામત હશે. હું તેમની દરેક સફળતાની ઈચ્છા રાખું છું.આ સંક્રમણ તબક્કામાં કાર્લ ઓરસ્ટેડિયસનો એસકેએફ ઈન્ડિયામાં તેમના મૂલ્યવાન યોગદાન માટે આભાર માનું છું. કાર્લે તેમના સંક્ષિપ્ત કાર્યકાળ દરમિયાન અહી ઉત્તમ કામ કર્યું છે અને અમે એસકેએફ ગ્રુપ સાથે મહાન ભવિષ્યની ઈચ્છા રાખીયે છીએ."

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## શાઓમી હોલીટેક ટેકનોલોજીની સાથે ભારતમાં સ્માર્ટફોન કોમ્પોનેન્ટ ઉત્પાદન લઈને આવ્યું



ભારતની નંબર ૧ સ્માર્ટફોન બ્રાન્ડ શાઓમીએ જાહેરાત કરી છે કે તેનો મુખ્ય કોમ્પોનેન્ટ સપ્લાયર હોલીટેક ટેકનોલોજી ભારતમાં કોમ્પોનેન્ટ ઉત્પાદન શરૂ કરશે. હોલીટેક ટેકનોલોજીએ આંધ્રપ્રદેશ સરકારની સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને શાઓમી માટે તિરૂપતિમાં સ્થાનીય ઉત્પાદન શરૂ કરશે. "શાઓમીની વૃદ્ધિ અને સ્થાનીય ઉત્પાદનને વધારવાની તેમની પહેલોએ અમને ભારતમાં શાઓમી માટે કોમ્પોનેન્ટ ઉત્પાદન કરવા માટે પ્રેરિત કર્યા. અમે આંધ્રપ્રદેશમાં ઉદ્યોગ-પ્રથમ કેટલીક પહેલો પ્રસ્તુત કરીને પ્રસન્ન છે, જેમ કે કેમેરા મોડ્યુલ્સ, ટીએફટી, સીટીપી, એફપીસી, ફિંગરપ્રિન્ટ સેન્સર્સ, ઉચ્ચ ગુણવત્તાના ક્લીન રૂમ, જેનાથી ભારતમાં કોમ્પોનેન્ટ ઉત્પાદકોને ઉછાળ મળશે, અમને ઉમ્મીદ છે કે આ પહેલથી અન્ય કોમ્પોનેન્ટ ઉત્પાદકો માટે ઉદાહરણ સ્થાપિત થશે, અને તે ભારતમાં શાઓમીની વૃદ્ધિનો ભાગ બનશે. "હોલીટેક ટેકનોલોજી દેશમાં ત્રણ વર્ષોમાં લગભગ ૨૦૦ મિલિયન અમેરિકી ડોલરનું રોકાણ કરશે અને ભારતમાં એવું પહેલું ઉત્પાદક હશે, જે કોમ્પેક્ટ કેમેરા મોડ્યુલ્સ(સીસીએમ), થિન ફિલ્મ ટ્રાન્જીસ્ટર(ટીએફટી), કેપેસિટિવ ટચ સ્ક્રીન મોડ્યુલ(સીટીપી), ફ્લેક્સિબલ પ્રિન્ટેડ સર્કીટ્સ(એફપીસી) અને ફિંગરપ્રિન્ટ સેન્સરનું સ્થાનીય સ્તર પર ઉત્પાદન કરશે.

## જ્હોન અબ્રાહમ- "મને યાદ છે, હું અટલ બિહારી વાજપાયીનું વક્તવ્ય ટેલિવિઝન પર જોઈ રહ્યો હતો, જેમાં તે બોલી રહ્યા હતા, 'અંધેરા છટેંગા, કમલ ખિલેંગા' અને હું હચમચી ગયો હતો"



૨૦ વર્ષ પહેલા રાજસ્થાનના પોખરણના રણમાં પૃથ્વીમાં આંચકા લાગ્યા હતા અને ભારત ન્યુક્લિયર રાષ્ટ્ર બન્યું હતું. ૭૨માં સ્વતંત્ર દિવસના પ્રસંગે, ઝી સિનેમા- હોમ ઓફ બ્લોકબસ્ટર તૈયાર છે, ભારતના સુપરપાવર ક્ષણને દર્શાવવા માટે, 'પરમાણુ- ધ સ્ટોરી ઓફ પોખરણ'ના વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયરની સાથે, ૧૫મી ઓગસ્ટ બપોરે ૧૨ વાગ્યે. જ્હોન અબ્રાહમ, બોમન ઈરાની, ડાયેના પેન્ટી, અનુજા સાઠે સહિતના અન્ય કલાકારો અભિનિત આ મૂવીમાં દેશભક્તિની વાર્તા કરવામાં આવી છે, જે અવકાશમાં ફરતા અમેરિકન સેટેલાઈટની નજરથી બચીને ગુપ્ત રીતે હાથ ધરવામાં આવેલા ખરેખર ન્યુક્લિયર મિશન વિશે છે.પરમાણુ એ એક ખરેખર માનવીના જીવનની વાર્તા છે આવું ઊંડાણ બહું જોવા નથી મળતું. આ ભારતીય આર્મીના અજાણ્યા હિરો, વૈજ્ઞાનિકો, બ્યુરોક્રેટ્સ, ઈન્ટેલિજન્સ એજન્સી અને અન્ય લોકો જેમને ઘણી મુશ્કેલી છતા પણ કામ કર્યુ છે, તેમને સલામી આપવાનો એક પ્રયાસ છે, જેને લીધે ભારતને વિશ્વના ન્યુક્લિયર નક્શા પર સ્થાન મળી ગયું. જૂઓ પરમાણુ- ધ સ્ટોરી ઓફ પોખરણનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર કાલે, ૧૫મી ઓગસ્ટના બપોરે ૧૨ વાગ્યે ફક્ત ઝી સિનેમા પર

## હાયર ઈન્ડિયા દ્વારા ક્રાંતિકારી ડબલ ડ્રમ ડ્યુઓ ટોપ લોડ વોશિંગ મશીન રજૂ કરાયું



હોમ એપ્લાયન્સીસ એન્ડ કન્ઝયુમર ઈલેક્ટ્રોનિક્સ માં વૈશ્વિક આગેવાન અને લાગલગાટ ૯ વર્ષ થી મુખ્ય ઉપકરણો માં દુનિયાની નં.૧ બ્રાન્ડ હાયર દ્વારા આજે ડ્યુઓ લોન્ચ કર્યાની જાહેરાત કરવામાં આવી છે, જે ભારતમાં ક્રાંતિકારી ડબલ ડ્રમ ટોપ લોડ વોશિંગ મશીન છે.ભારત હાયર માટે મુખ્ય બજાર છે અને અમે ભારતીય ગ્રાહકો માટે ખાસ કરીને આધુનિક સમકાલીન પરિવારની જરૂરતોને અનુકૂળ ઉત્કૃષ્ટ ટેકનોલોજી ની પ્રોડક્ટો માં નવીન્યતા લાવવા અને રજૂ કરવા સતત પ્રયત્નશીલ રહીએ છીએ. આથી નવા હાયર ડ્યુઓ વોશિંગ મશીન નું લોન્ચ અમારા ગ્રાહકો દ્વારા પ્રેરિત અમારી માન્યતા નો ઉત્તમ દાખલો છે. નાવીન્યતા અમારા વેપારમાં ચાવીરૂપ છે અને આ લોન્ચ ગ્રાહકો ને વધુ સુવિધા જનક અને ઓછા પ્રયાસ સાથે રોજ માં કામો પૂરાં કરવા મદદરૂપ થતાં શ્રેણી ને વધુ આગળ વધારવાની દિશામાં મોટું પગલું છે.નવું ડ્યુઅલ વોશિંગ મશીન ૭ કિગ્રા અને ૨.૫ કિગ્રા ક્ષમતા સાથે નું અનુક્રમે બેડ્રમ સાથે આવે છે, જેમાં બંને ડ્રમ લોડ ના બે અલગ અલગ પ્રકાર ધરાવવા સાથે સાગમટે કામ કરી શકે છે. આ વોશિંગ મશીન એક પરિવાર ની લોન્ડ્રી ની વિવિધ જરૂરતોને પહોંચી વળવા માટે આ અજોડ વિશિષ્ટતા સાથે ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. દાખલા તરીકે, ઉપભોક્તાઓ તેમની વ્યક્તિગત જરૂરતો, જેમકે, સફેદ અને રંગીન કપડાં, ઈનરવેર અને આઉટરવેર,નાજુક કપડાં સામે રેગ્યુલર વેર અને ઘણાં બધાં અન્ય કપડાં જેવી તેમની વ્યક્તિગત જરૂરતો અનુસાર તેમની લોન્ડ્રીને હવે અલગ કરી શકે છે. બાળકો સાથેના પરિવાર માં બાળકોનાં કપડાં અન્ય લોડ થી અલગ કરવામાં આવી શકે છે અને તે છતાં સાગમટે વોશ કરી શકાય છે.

## સ્માર્ટફોન પોર્ટફોલિયોમાં ઝડપી ફેરફાર સાથે નવી પેઢીના નોકિયા ૫, નોકિયા ૩ અને નોકિયા ૨ ભારતમાં રજૂ



નોકિયા ફોન્સના ઘર સમાન એચએમડી ગ્લોબલે નોકિયા એન્ડ્રોઈડ સ્માર્ટફોન્સના તેના પોર્ટફોલિયોને ઝડપથી રિન્યુ કરવાનું ચાલુ રાખ્યું છે અને આજે તેણે નોકિયા ૫.૧, નોકિયા ૩.૧ (વેરિઅન્ટઃ સ્ટોરેજ/રેમ ૩જીબી/૩૨ જીબી) અને નોકિયા ૨.૧ની ભારતમાં રજૂઆત કરી છે. અદ્યત્તન ગૂગલ સેવાઓને એક્સેસ કરવાની સુવિધા જેમકે ગૂગલ આસિસ્ટન્ટ સાથે ત્રણેય સ્માર્ટફોન્સ દ્વારા પ્યોર, સિક્યોર અને અપટુડેટ એન્ડ્રોઈડ અનુભવ એન્ડ્રોઈડ વન અને એન્ડ્રોઈડ ગો સાથે આપવામાં આવે છે જેમાં નોકિયા સ્માર્ટફોનમાં અપેક્ષિત પ્રિમિયમ ક્રાફ્ટસમેનશીપ અને ડિઝાઈન સામેલ છે અને એટલું જ નહીં તેનું પર્ફોર્મન્સ પણ અજોડ છે. 'અમે અમને અમારી પ્રોડક્ટ્સ માટે મળી રહેલા પ્રતિસાદથી પ્રોત્સાહિત છીએ. અમારા ગ્રાહકો અમને એન્ડ્રોઈડ સાથેના નોકિયા સ્માર્ટફોન્સ માટેની ચાહના વિશે કહે છે. અમારા એ સતત પ્રયાસો છે કે અમારા પ્રશંસકોની રોજિંદી આવશ્યકતાઓને યોગ્ય એવા તેમના અનુભવમાં અમે વધારો કરીએ. દરેક સિંગલ ડિટેઈલ કે જે નોકિયા સ્માર્ટફોન પર છે તે ગ્રાહકોને દીમાગમાં રાખીને તૈયાર કરાઈ છે.નોકિયા ૫.૧ બેસ્ટ બાય કિંમત રૂ. ૧૪૪૯૯માં ૧૨ ઓગસ્ટથી ઉપલબ્ધ થશેનોકિયા ૩.૧ બેસ્ટ બાય કિંમત રૂ. ૧૧૯૯૯માં ૧૨ ઓગસ્ટથી ઉપલબ્ધ થશે નોકિયા ૨.૧ બેસ્ટ બાય કિંમત રૂ. ૬૯૯૯માં ૧૨ ઓગસ્ટથી ઉપલબ્ધ થશે

## અમેરિકાના ન્યુ જર્સીમાં ૨૨-૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ યોજાશે બંધન વેડિંગ એક્સ્પો : અનેક એજન્સીઓ ભાગ લેશે



અમદાવાદ

બંધન સેલિબ્રેશન્સ (અમેરિકા) અને હિતેશ ઈનોવેટિવ સોલ્યુશન્સ પ્રા. લિ.ના સંયુક્ત ઉપક્રમે ન્યુ જર્સી (યુએસએ)માં ૨૨ અને ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૮ (શનિ-રવિ)ના રોજ બંધન વેડિંગ એક્સ્પોનું આયોજન કરાયું છે. બંધન સેલિબ્રેશન્સ (અમેરિકા) ના ગોવિંદભાઈ પટેલ અને હિતેશ ઠક્કરે પત્રકારોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે અમેરિકાના ગુજરાતી સમુદાય અને ભારતના લોકોની લગ્નવિષયક વિવિધ જરૂરિયાતો અને લગ્નપ્રસંગને યાદગાર બનાવવાના ઉમળકાને સહયોગ આપવાના હેતુથી અમેરિકાની ભૂમિ પર લગ્ન વિષયક પ્રદર્શનનું ભવ્ય આયોજન કરાયું છે.

આ પ્રદર્શનમાં લગ્ન પ્રસંગ સાથે સંકળાયેલા વિવિધ એકમો જેવા કો વસ્ત્ર પરિધાન, જ્વેલરી, ઘરેણાં, પાર્ટી-પ્લોટ્સ, ગીત-સંગીત, બ્યુટીક, મહેંદી-ટેટૂ આર્ટીસ્ટ, ફ્લાવર્સ આર્ટીસ્ટ, ડેકોરેટર્સ, કેરર્ટસ, ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, પરંપરાગત વસ્ત્રો, બ્રાઈડલ-વેર અને કોસ્ટમેટિક્સ, કંકોતરી-કાર્ડ, હેન્ડીક્રાફ્ટ્સ, વગેરે તેમાં ભાગ લઈ રહ્યા છે. અમેરિકામાં વસતા આશરે ૧૭-૧૮ લાખ ગુજરાતીઓ આજે પણ લગ્નવિષયક બાબતમાં ગુજરાત સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. ન્યુ જર્સીમાં વસતા ઉદ્યોગપતિ ગોવિંદભાઈ પટેલનું વિઝન અને મિશન છે કે લગ્ન અંગેની અમેરિકા અને ગુજરાતની વિવિધ એજન્સીઓનું સંયોજન થાય, તેઓ એકબીજાની નજીક આવે અને સાથે મળીને ગુજરાતીઓનાં, અમેરિકા કે ગુજરાતની ભૂમિ પર યોજાતાં લગ્નોને યાદગાર બનાવે. આ પ્રદર્શનની ભારત ખાતેની જવાબદારીનું વહન કરી રહેલા હિતેશ ઠક્કર ઈન્ટરનેશન લોહાણા સંસ્થાના સ્થાપક છે અને આ પહેલાં અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય એનઆરઆઈનું સંમેલન બોલાવી ચૂક્યા છે. આ ઉપક્રમને ગ્લોબલ ગુજરાતી ફેડરેશનનું સમર્થન પ્રાપ્ત થયું છે.

## અમદાવાદમાં ફ્રેન્ડસ કૉમ્યૂનિકેશન દ્વારા ગુજરાતનો સૌપ્રથમ ડાન્સ રિયાલિટી શૉ "સ્ટાર ઓફ ગુજરાત" યોજાશે


ફોટો : શાંતી શાહ

અમદાવાદ

સદીઓ થી ગુજરાતમાં દરેક કલા ને મહત્વ આપવામાં આવ્યું છે અને લોકો ઉત્સાહ પૂર્વક તેમાં ભાગ પણ લેતા આવ્યા છે એ પછી ડાન્સ, સિંગિંગ કે ચિત્રકળા કે બીજું ક્સુ પણ હોય. ગુજરાતીઓ નૃત્ય અને તેના વિવિધ પ્રકારો પ્રત્યે પ્રાકૃતિક રીતે જ ખેંચાણ ધરાવે છે. નૃત્યકળા પ્રત્યેનો તેમનો પ્રેમ તેમની ભાથીગઢ સંસ્કૃતિ ગુજરાતીઓના વારસામાં જોવા મળે છે. ટીવી સીરીયલ એન્ડ વિવિધ ચેનલો માં ચાલી રહેલા અવનવા રિયાલિટી શૉને જોતા આજકાલ માતા પિતા માં પણ પોતાના બાળકઓને લઈને ખુબજ જાગૃતા આવી છે અને ઉત્સાહ પૂર્વક તેમાં જોડાય પણ છે. ગુજરાત ના બાળકો અને યુવાનોમાં માં રહેલ આ ઉત્સાહ અને ટેલેન્ટને બહાર લાવા માટે ફ્રેન્ડસ કૉમ્યૂનિકેશન અને ચૌધરી ફિલ્મ્સ દ્વારા અમદાવાદમાં ખુબ જ મોટા પાયે ડાન્સ રિયાલિટી શૉ નું આયોજન કરવામાં આવ્યું છે જે બાળકો અને યુવાનો ને એક પ્લેટફોર્મ પણ પૂરું પાડશે. આ ડાન્સ રિયાલિટી શૉ ના ઓડિશન તા. ૨૨ સપ્ટેમ્બર થી અમદાવાદ અને ગાંધીનગર માં ચાલુ થશે. જે ઑડિશન જાણીતા ફિલ્મ ઈન્ડસ્ટ્રી ના કલાકાર શ્રી મમતા સોની તેમજ ડાન્સ ગુરુ જેમણે પોતાનો જલવો એન્ડ પિકચર્સ પર આવતા મેહુ માઈકલ શોમાં પણ દેખાડ્યો છે તેવા શ્રી અવીરાજ સિંહ ઝાલા (મેગીસર) દ્વારા લેવામાં આવશે. ડાન્સ એને ટેલેન્ટ રિયાલિટી શૉ ને લગતી અલગ અલગ એકટીવીટી રાખવામાં આવી છે. અને આ શૉના ગ્રાન્ડ ફિનાલે માં જજ ની ભૂમિકા શ્રી ગીતા કપૂર દ્વારા નિભાવામાં આવશે. ગુજરાતના દર્શકોને ખ્યાલમાં રાખીને આ શોમાં ભારતની ભાથીગળ સંસ્કૃતિ અને ડાન્સ સ્વરુપોની થીમ આધારિત ઘડવામાં આવ્યા છે.આ પ્રકારના પ્રયાસોને લઈને અમે અહી મનોરંજનના ક્ષેત્રે બદલાવ લાવવાની આશા રાખીએ છીએ.




સંતાની ચાની દુકાનમાં એક દિવસ એક શેઠ આવીને બેસી ગયા. શેઠે ચા મંગાવતા કહ્યું કે- તમારી દુકાનમાં માખીઓ ઘણી છે. સંતા બોલ્યો - શુ કરીએ સાહેબ, જ્યાં ગંદકી હોય છે ત્યો બેસી જ જાય છે.

સંતા - ભાઈ, સરકારે એવો કાયદો કેમ બનાવ્યો કે એક પત્નીના હોવાથી બીજુ લગન ન કરી શકાય. બંતા - એ માટે કે કયાંક ઘરમાં જ યુદ્ધ ન થઈ જાય.

સંતા - મારી પ્રેમિકાની માંગ એટલી મોટીહતી કે મારે તેની સાથેનો સંબંધ કાપી નાખવો પડયો.

બંતા - શુ વાત કરે છે ! તારી પ્રેમિકાની માંગ શુ હતી ? સંતા - લગ્નની.

૦૦૦૦૦૦

બંધા - જ્યોતિષને પોતાનો હાથ બતાવવા ગયો. જ્યોતિષીએ કહ્યુ - કે આજે તમારી પત્નીને જરૂર ધનનો લાભ થશે. બંધાએ મોઢં બગાડતા કહ્યું - તમે સાચુ કહી રહ્યા છો. આજે હ મારુ પાકીટ ઘરે ભૂલી આવ્યો છ.સંતા - ડોકટરે કહ્યુ કે તમને કોઈ બીમારી નથી બંતા - તો પછી, તુ આટલો ઉદાસ કેમ છે ? સંતા - હું વિચાર કરી રહ્યો છું કે ફી ના ૧૫૦ રૂપિયા બેકાર ગયા.

૦૦૦૦૦૦૦૦

એક માણસે પોતાના ખંડમાં ચારે તરફ પ્રાર્થનાઓ ચોંટાડી હતી, એ જોઈ એના મિત્રએ પુછ્યું : તું દરરોજ આટલી બધી પ્રાર્થના કરે છે?

ના, ના ભગવાનને પ્રાર્થના કરું છુ કે આ બધી વાંચી લે. મને પ્રાર્થના કરવાનો બહું કંટાળો આવે છે.

## મધુવન

**'પોથી પઢ પઢ જગ મુઆ, પંડીત ભયો ન કોઈ**
**ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોઈ'**

પુસ્તકો વાંચવાથી પ્રેમ શીખી શકાતો નથી. ગમે તેટલા તજજ્ઞોના ગ્રંથો વાંચી નાખવાથી પ્રેમ આવડી જતો નથી. કદાચ આપ સારા વકતા કે પંડિત બની શકો, પ્રેમી નહીં, આજકાલ આપણો પ્રેમ ફિલ્મોના આધારે, નવલકથાઓ કે વાર્તાઓના આધારે થાય છે જે ફિલ્મોની જેમ માત્ર અભિનય જ હોય છે.

**'વસ્તુ સુંદર જુએ બાળક અને રસ્તો ભુલે**
**એવી રીતે મેં કર્યો પ્રેમને ખોવાઈ ગયો'**

ગઝલસમ્રાટ સ્વ.સૈફ પાલનપુરીના આ શે'ર માં પ્રેમ થઈ જવાની ઘટના છે. કારણ કે પ્રેમ કરી શકાતો નથી. જો કરી શકાતો હોત તો આજે વિશ્વમાં કોઈ દુ:ખી જ ન હોત. પ્રેમની ગહનતમ અનુભૂતિ જેણે કરી છે એ જાણે છે કે પ્રેમ સિવાય જગતમાં કશું જ નથી. સુફીઓ એટલા માટે જ પોતાના પ્રિય પાત્રની કલ્પના પરમાત્માના સ્વરૂપમાં કરે છે. પ્રેમમાં જ્યારે માણસ હોય છે ત્યારે એને પ્રીયપાત્ર પરમાત્માના દર્શન થાય છે.

**'હા આંધળો છું પ્રેમમાં એની મને પરવા નથી**
**પણ તોય તારી આંખનું તો નુર થાતો જાઉં છું'**

શેખાદમ આબુવાલાના આ શે'રમાં સરસ વાત વ્યકત થઈ છે.પ્રેમને આંધળો ગણવામાં આવે છે. કારણ કે એ કશું જ જોતો નથી. એ થઈ જાય છે તો બસ થઈ જાય છે. લોકો એવું પણ કહે છે કે પ્રેમમાં માણસ આંખોથી નહીં ફકત હૃદયથી જુએ છે અને આંખો બંધ કરી દે છે. આંધળો એટલા માટે કહે છે કે એ ઉંચ-નીચ, સારા-નરસાનું ભાન રાખી શકતો નથી. તો કેટલાક લોકો પ્રેમને રોગ કહે છે અને એનાથી બચે છે. આચાર્ય રજનીશજી તો કહે છે કે માત્ર પ્રેમ જ આંધળો નથી, પ્રેમમાં જ માણસની આંખ ખુલે છે અને પ્રેમ રોગ નહીં પણ ઔષધિ છે. આ એક જ ઔષધિ માણસને જીવાડી દે છે.

**'પ્રેમ છે સૌથી ઉન્નત યોગ,**
**જેના સમજે એના ભોગ'**

શ્રી મુસાફીર પાલનપુરી સાહેબ પ્રેમને સૌથી સારો યોગ ગણાવે છે. કારણ કે પ્રેમમાં માણસ સૌથી વિશેષ પ્રસન્નતાની અનુભૂતિ કરે છે, સમયસર જાગી જાય છે, તૈયાર થાય છે. પોતાનું કામ પણ એટલા જ ખંતથી કરે છે અને એનું આખું જીવન જાણે બદલાઈ જાય છે. રોમ રોમમાં આનંદની અનુભૂતિ કરે છે બધા જ સદ્ગુણો આપોઆપ એનામાં આવી જાય છે ચોમેર એના અસ્તિત્વથી લોકો પણ ધન્યતાનો અનુભવ કરે છે.

**'પ્રેમ કરવા જેટલી ક્ષમતા નથી,**
**આગ સાથે એટલે રમતા નથી'**

બાલુભાઈ પટેલ 'બાલુ' ના આ શે'ર માં પ્રેમને આગની રમત સાથે સરખાવી છે. સમાજ અને સમાજની ધારણાઓએ, રૂઢીઓએ, રીવાજોએ, દેશના કાનુને માણસની લાગણીઓ ઉપર કાનુન બનાવીને ચોમેરથી પ્રેમને કુંઠીત, બંદી બનાવી દીધો છે. કારણ કે મુળમાં પ્રેમ અસામાજીક જંગલી વસ્તુ છે. સામાજીક અને વિવેકી વ્યક્તિ પ્રેમ ના કરી શકે. વિદ્રોહી વ્યક્તિ જ પ્રેમ કરી શકે.

**'પ્રેમ કરવાનો તું પ્રયાસ ન કર,**
**આ જગતને વધુ ઉદાસ ન કર'**

ભરત વિઝુંડાના આ શે'ર માં પ્રેમ કરવાનો પ્રયાસ કરવાની મનાઈ કરી છે. કારણ કે આપણે એવું માની બેઠા છીએ કે પ્રેમ કરી શકાય છે જોકે પ્રેમ કરી શકાતો નથી. સદીઓથી સંતો, મહંતો, શિક્ષકો, ગુરૂઓ, સ્વજનો આપણને પ્રેમ કરવાનું કહેતા આવ્યા છે. છતાંયે કયાંય પ્રેમનો છાંટોય દેખાતો નથી. કારણ કે કરવું એ ક્રીયા અને થવું એ ક્રિયા બંને જુદી છે.અંતે જોઈએ 'રાઝ' નવસારવીનો આ શે'ર.

**'ઓ દોસ્ત ! એ તો જાત અનુભવની ચીજ છે,**
**હું પ્રેમના કમાલ વિશે શું લખું તને ?'**

**ધેંગાભાઈ એન'સરહદી'**
ગુરૂકૃપા બંગલોઝ-૨ નાની પાવડ (થરાદ)
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## ત્રિરંગાની હરીયાળી

શહાદતનાં સ્મરણો જીવંત બનાવીએ
હરીયાળાં સ્મારકોથી ધરતી સજાવીએ
શહીદોની યાદમાં એક એક વૃક્ષ વાવીએ
ત્રિરંગાની હરીયાળીને આવો બચાવીએ
કારખાનાં ઉદ્યોગોને ભલે વધારીએ
પર્યાવરણની જાળવણીનું પણ ધ્યાન રાખીએ
વાતાવરણમાં પ્રદુષણો ન ફેલાવીએ
ત્રિરંગાની હરીયાળીને આવો બચાવીએ
બંધો બનાવીએ ને ન્હેરો બનાવીએ
સિંચાઈની સુવિધાથી ખેતી વધારીએ
પણ વૃક્ષનું મહત્વ ન જરા વિસારીએ
ત્રિરંગાની હરીયાળીને આવો બચાવીએ
ખાણો ખોદી એ ભલે રસ્તા બનાવીએ
ખનીજતેલ ધાતુઓ રસાયણો કાઢીએ
કુદરતનાં તત્વનું પણ ખુબ ધ્યાન રાખીએ
ત્રિરંગાની હરીયાળીને આવો બચાવીએ
વૃક્ષો ઉછેરીએ ને વનો બનાવીએ
વન્ય પશુ પક્ષીઓને તેમાં વસાવીએ
વનની જીવસૃષ્ટીને અભયદાન આપીએ
ત્રિરંગાની હરીયાળીને આવો બચાવીએ

**નટવર હેડાઉ**

## બાપા બાવની

આવા બાપા તો અત્ર, તત્ર, સર્વત્ર ભોગ
બને ઘરનાં, ભ્રાતા, ભગીની, પુત્ર, પુત્રી કલત્ર
ઘરનાં ને દળે ને તે પારકાને મળે
આવા બાપા તમને કદી ના મળે

**પ્રા.શરદ વકીલ તુફાન**

## અનોખું વરદાન

આ કહાની એક એવા ગામની છે કે જ્યાં લોકો ખુબ જ ઈમાનદાર અને દયાવાન હતા પરંતુ તેઓ ગરીબીમાં પોતાનું જીવન પસાર કરતા હતા. એટલે એ ગામનું નામ જ દીનપુર પડી ગયું હતું. આ ગામના લોકો ખુબ જ મહેનત કરતા પરંતુ એમને એમની મહેનતના પ્રમાણમાં યોગ્ય આવક પ્રાપ્ત થતી નહોતી. કયારેક ગામમાં પુર આવતું તો કયારેક દુષ્કાળ પડતો.

એકવાર એ ગામમાં એક તપસ્વી આવ્યા. ગામના લોકોએ ખુબ જ શ્રદ્ધાપુર્વક ૠષિ અને એમની સાથે આવેલા સંત મહાત્માઓની સેવા કરી. ગામમાં ગરીબી હોવા છતાંય લોકોએ સેવા કરવામાં કોઈ જ કસર ના છોડી. ગામના લોકોની સેવાથી પ્રસન્ન થઈને એ ૠષિએ એક બીજ આપ્યું અને કહ્યું આ એક ચમત્કારી વૃક્ષનું બીજ છે એને મંદીરના આંગણામાં પુર્ણિમના દિવસે પૂજા પાઠ કરીને વાવજો. આ વૃક્ષને ખુબ જ વધુ સેવાની જરૂર છે. એમાં દિવસમાં બે વાર ગંગાજળ પધરાવજો. એના મુળ કયારેય સુકાવા ના જોઈએ. જ્યારે આ બીજમાંથી વૃક્ષ બને ત્યારે એમાં સૌ પ્રથમ એક ફળ આવશે ત્યારે તમારે સમજવાનું કે આ વૃક્ષના દેવતા તમારી પર પ્રસન્ન થયા છે અને તેઓ પ્રત્યક્ષ દર્શન આપીને વરદાન માગવાનું કહેશે ત્યારે કોઈપણ વરદાન માગજો પરંતુ વરદાન એક જ વાર માંગી શકાશે.

આટલું કહીને પેલા ૠષિ તો ત્યાંથી ચાલ્યા ગયા. એમના ગયા પછી લોકોએ પેલા બીજને મંદિરના પ્રાંગણમાં વાવી દીધું અને તેની ખુબ જ સેવા કરવા માંડી. અને એક દિવસ એ વૃક્ષ પર ફળ આવ્યું. કોઈ પરિવારે આ વૃક્ષ પાસ જઈને ધન માગ્યું તો કોઈએ નોકરી, એ ગામમાં કોઈપણ પરિવાર એવું નહોતું કે જેમણે વરદાન ન માગ્યું હોય પરંતુ આ ગામમાં માંગીરામ નામની એક વ્યક્તિ હતા જેણે વૃક્ષ પાસે વરદાન ના માગ્યું તે એકદમ શાંત સ્વભાવનો વ્યક્તિ હતો. તે શાકભાજીનો વેપાર ઈમાનદારીથી કરતો હતો અને જે પણ કાંઈ આવક થતી તેમાં તે અત્યંત ખુશ હતો.

ગામના લોકોએ પણ માંગીલાલને વરદાન માંગવાનું કહ્યું પણ તેણે એમની વાતને કાને ન લીધી. સમય પસાર થતો ગયો. ગામના લોકોએ પેલા પવિત્ર વૃક્ષની સેવા પણ ધીરે ધીરે બંધ કરી દીધી. કારણ કે હવે એ વૃક્ષનો મતલબ પુરો થઈ ગયો હતો. ધીરે ધીરે પવિત્ર વૃક્ષની હાલત બગડવા લાગી. વૃક્ષ ધીમે ધીમે સુકાવા માંડયું.માંગીલાલથી આ જોવાયું નહીં, એણે વિચાર્યુ કે જો આ વૃક્ષ સંપુર્ણ સુકાઈ જશે તો ગામમાં ફરીથી ગરીબાઈ પોતાનું સામ્રાજય જમાવશે અને ગામના લોકોની કોઈપણ ઈચ્છા પુરી નહીં થાય.

માંગીરામે એક લોટો લીધો અને એની નીચેના ભાગમાં એક છીંદ્ર પાડીને આ વૃક્ષની ઉપર લટકાવી દીધો અને તેનું પાણી લગાતાર એ વૃક્ષના મુળને સિંચતું રહે. પછી તેણે લોટામાં પાણી ભર્યું અને નતમસ્તક થઈને તેણે વરદાન માંગ્યું, હે ચમત્કારીક વૃક્ષના દેવતા હું તમારી પાસે એટલું જ માગું છું કે આ લોટાનું પાણી કયારેય પણ પૂર્ણ ના થાય અને એનું પાણી સદાય તમારૂં સીંચન કરતું રહે.

એ વૃક્ષના દેવતાએ માંગીરામની પ્રાર્થના સાંભળી અને માંગીરામ સમક્ષ પ્રગટ થઈને બોલ્યા, 'આજ સુધી કેટલાય લોકોએ મારી પાસે વરદાન માગ્યું પરંતુ પોતાના સ્વાર્થ માટે પરંતુ તું પહેલો માનવી છે કે જેણે મારા માટે વરદાન માંગ્યું છે. હું તારાથી અત્યંત પ્રસન્ન થયો છું એટલે તારા ન માંગવા પર પણ તને હું ખુદ એક વરદાન આપું છું કે તું દીર્ઘાયુ જીવન જીવીશ.. જીવનમાં તારૂં અને તારા પરિવારનું સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે અને તને ધનની ખોટ કયારેય નહીં વર્તાય.

આટલું કહીને દેવતા અદ્રશ્ય થઈ ગયા. ધીરે ધીરે ગામમાં સમય પસાર થતો ગયો તેમ તેમ લોકો સ્વર્ગે જવા માંડયા.. કયારેક કોઈ બીમારીથી મર્યો હોય તો કોઈ લાચારીથી.. પરંતુ માંગીરામ અને એનો પરિવાર સુખમય અને સ્વસ્થ જીવન પસાર કરી રહ્યા હતા.

કેવું નિઃસ્વાર્થ જીવન માંગીરામનું ?

**કમલેશ કંસારા**

## બાદશાહનો પોપટ

એક વ્યક્તિને પોપટમાં ખુબ જ રસ હતો. તે પોપટને પકડીને તેને બોલતાં શીખવાડતો અને તેને પોપટના શોખીન માણસોને વેચી દેતો. એક દિવસ તેના હાથમાં એક સુંદર પોપટ આવ્યો. તેણે તે પોપટને સારી સારી વાતો શીખવાડી અને બધી જ પ્રકારની બોલી શીખવાડી અને તેને લઈને તે અકબરના દરબારમાં ગયો. દરબારમાં જઈને તેણે તે પોપટને પુછ્યું કે- બોલ આ કોનો દરબાર છે? પોપટે જવાબ આપ્યો- આ જહાઁપના અકબરનો દરબાર છે. સાંભળીને અકબર ખુબ જ ખુશ થયાં. તેમણે તે વ્યક્તિને કહ્યું કે, મારે આ પોપટ જોઈએ છે બોલ તેની શું કિંમત છે? તે વ્યક્તિ બોલ્યો -બાદશાહ બધુ તમારૂ જ છે તેથી તમે જે આપશો તે મને મંજુર હશે. અકબરને તે વ્યક્તિનો જવાબ ગમ્યો અને તેમણે તેને સારી કિંમત આપીને પોપટ ખરીદી લીધો.

અકબરે પોપટને રહેવાની સારી એવી વ્યવસ્થા કરાવડાવી. તેમણે તે પોપટને ખાસ સુરક્ષા વચ્ચે રાખ્યો અને રખેવાળોને સુચના આપી દિધી કે આ પોપટને કંઈ પણ ન થવું જોઈએ. જો કોઈએ પણ મને આ પોપટના મરવાના સમાચાર આપ્યાં તો તેને ફાંસીએ ચઢાવી દેવામાં આવશે. હવે તે પોપટની ખાસ સંભાળ રખાઈ રહી હતી. પરંતુ થોડાક જ દિવસોમાં તે પોપટ મૃત્યું પામ્યો. હવે તેની સુચના મહારાજને કોણ આપે?

રખેવાળ ખુબ જ હેરાન હતાં. ત્યારે તેમાંથી એક જણે કહ્યું કે બીરબલ આપણી મદદ કરી શકે છે. બધાએ બીરબલ પાસે જઈને મદદ કરવા કહ્યું.

બીરબલે એક ક્ષણ વિચારીને કહ્યું- ઠીક છે તમે બધા જાવ મહારાજને સુચના હું આપી દઈશ. બીરબલ બીજા દિવસે દરબારમાં પહોચ્યો અને મહારાજને કહ્યું- મહારાજ તમારો પોપટ... અકબરે પુછ્યું- હા શું થયું મારા પોપટને? બીરબલે ફરીથી ડરતાં ડરતાં કહ્યું- મહારાજ તમારો પોપટ, હા હા બોલ બીરબલ શું થયું મારા પોપટને? મહારાજ તમારો પોપટ- બીરબલે કહ્યું. અરે ભગવાન માટે કંઈક તો કહે મને કે શું થયું મારા પોપટને?-અકબરે ચીડતાં કહ્યું.

જહાઁપના તમારો પોપટ કંઈ ખાતો નથી, પીતો નથી, કંઈ બોલતો નથી, પાંખો પણ નથી ફડફડાવતો અને આંખો પણ નથી ખોલતો..., રાજાએ ગુસ્સામાં આવીને કહ્યું- અરે સીધું સીધુ કહી દે ને કે તે મરી ગયો. બીરબલ તરત જ બોલ્યો- હુજુર, મે મૃત્યુંના સમાચાર નથી આપ્યાં પરંતુ આવું તો તમે જ કહ્યું છે, તેથી મને માફ કરી દેવામાં આવે અને મહારાજ નિરૂત્તર થઈ ગયાં.

# મુનિનો ચમત્કાર

ઘણાં વર્ષો પહેલાની આ વાત છે. મહી નદીનાકાંઠે આવેલા સુંદર વનપ્રદેશમાં ગાર્લવ મુનિનો આશ્રમ હતો. ગાર્લવ મુનિ અહીં એકાંતમાં બેસી તપ કરતાં ઉપરાંત આજુબાજુના પ્રદેશોમાંથી આવતા રાજકુમારો અને વિદ્યાવાંચ્છુ કીશોરોને તેમના શિષ્યો બનાવી ભણાવી ગણાવી જુદી જુદી વિદ્યાઓમાં પારંગત બનાવતા હતા. શિષ્યો પણ ધ્યાનપૂર્વક ગુરૂજી પાસે વિદ્યા ગ્રહણ કરતા હતા. આશ્રમમાં અવારનવાર હોમ હવનનું આયોજન થતું. ગાર્લવ મુનિ વેદો અને ઉપનિષદોના પ્રખર જ્ઞાતા હતા.

તેમણે એક વખત એક મહાયજ્ઞનું આયોજન કર્યું. આશ્રમમાં મોટા મોટા મંડપો બાંધવામાં આવ્યા તેમજ આવનાર અતિથિઓને રહેવા માટે અલાયદી મઢુલીઓ બનાવવામાં આવી. મોટા શમીયાણા બાંધવામાં આવ્યા. તોરણો બાંધી સુંદર સ્વાગત દ્વારા તૈયાર કરવામાં આવ્યું. યજ્ઞમાં દુર દુરથી ૠષિ મુનિઓ અને વિદ્વાન પંડિતોને આમંત્રવામાં આવ્યા. યજ્ઞનો દિવસ નજીક આવતા ૠષિ મુનિઓ તેમના શિષ્યો સાથે પધારવા લાગ્યા. દેશ દેશાવરના રાજા મહારાજાઓ અને વિદ્વાનો રથ, ઘોડા અને હાથીની અંબાડીઓ પર સવાર થઈ આવવા લાગ્યા. ગાર્લવ મુનિ અને તેમના શિષ્યો સૌને આવકારતા હતા અને સ્વાગત કરી રહેવાની વ્યવસ્થા કરી આપતા હતા. આ અતિથિઓમાં કાશીથી ચાર વિદ્વાન પંડીત એવા બ્રાહ્મણો આવ્યા હતા. શરીરે હૃષ્ટપુષ્ટ અને ગૌરવર્ણના હતા. પીળા પીતાંબર ચંદનના લેપ અને કપાળે બુધ્ધિનું અપુર્વ તેજ હતું. ગાર્લવ મુનિએ તેમનું સ્વાગત કર્યું.

ત્યારબાદ નિયત સમય, તિથિ અને ચોઘડીયા મુજબ યજ્ઞકાર્યની શરૂઆત થઈ.જવ,તલ, ઘીના હોમથી વાતાવરણ મઘમઘતું બની ગયું.યજ્ઞમાં ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ભાતભાતના ભોજન તૈયાર કરાયા હતા. અનેક મિષ્ટાન્ન, ફરસાણ અને વિવિધ પ્રદેશોની ખાસ વાનગીઓ જોઈ સૌ મહેમાનો ગાર્લવ મુનિને ધન્યવાદ આપતા હતા અને જમતા હતા. ગાર્લવ મુનિએ જોયું તો બધા મહેમાનોના જમી રહ્યા બાદ પણ કેટલુંક ભોજન વધ્યું હતું તેમણે શિષ્યોને કહ્યું.

'ભાઈ જુઓ આ ભોજન વધ્યું છે નક્કી અહીં કોઈકે ભુખ્યું રહી ગયું હોવું જોઈએ.'

ગુરૂજી બધાએ તો જમી જ લીધું હવે કોઈ બાકી નથી. શિષ્યે કહ્યું. એવામાં એક બીજા શિષ્યે આવીને કહ્યું,ગુરૂજી, ગુરૂજી કાશીથી આવેલ ચાર વિદ્વાનો હજુ જમ્યા નથી.

ન જમવાનું કાંઈ પ્રયોજન ? ગુરૂજીએ પુછ્યું.

ગુરૂજી મેં તેમને પુછ્યું તો તેમણે એવું જણાવ્યું કે અમે અમારી પોથીઓ ઘેર ભુલી આવ્યા છીએ. જો તમારા ગુરૂજી તે મંગાવી આપે તો જ અમારાથી જમી શકાય.

એમ તો એમને કહો કે ન્હાઈધોઈને તૈયાર થાય હું તેમની પોથીઓ મંગાવીઆપું છું.

ગુરૂજી પણ એ તો કાશીએ એમના ઘેર..

શિષ્યને વચ્ચે જ અટકાવી ગુરૂજીએ કહ્યું, હું તને જે કહું છું તે તેમને કહી આવ.

શિષ્ય ચાલ્યો ગયો. ગુરૂજીએ તેમની મંત્રશક્તિના જાપ શરૂ કર્યા.

તેમને ખ્યાલ આવી ગયો કે આ વિદ્વાનો મારી પરીક્ષા કરી રહ્યા છે. જો તેઓ પોથીઓ મંગાવી ન આપે તો આ બ્રાહ્મણો ભોજન લે નહીં અને બ્રાહ્મણો ભુખ્યા રહે. તો યજ્ઞ સફળ થાય નહીં. ગાર્લવ મુનિએ ગંગાજીનું ધ્યાન ધર્યું. અને બ્રાહ્મણોની પોથીઓ લાવવા માટે ગંગાને આહ્વાન કર્યું. ખેડા જિલ્લાના અત્યારના વસો પડાલના રસ્તે ગંગાજીનું આગમન થયું. સાથે પોથીઓ પણ આવી. હવે બ્રાહ્મણોને ભોજન લેવા માટેનું કોઈ કારણ નહોતું. ગાર્લવ મુનિએ સન્માનપૂર્વક બ્રાહ્મણોએ ભોજન લેવા બેસાડયા. છત્રીસ જાતના ભોજન પીરસાયા પરંતુ તેમાં એક ચમત્કાર થયો. ભોજનનો કોળીયો હાથમાં લેતાં જ બ્રાહ્મણોને તેમાં જીવજંતુ દેખાયા. આથી ક્રોધે ભરાઈ બ્રાહ્મણો ઉભા થઈ ગયા.

ભુદેવ શું થયું કેમ ઉભા થઈ ગયા? ગાર્લવ મુનિએ પુછ્યું.

શું મુનિ તમે અમારી મશ્કરી કરવા અમને અહીં બોલાવ્યા છે ? આમાં તો જીવજંતુ છે.. ક્રોધે ભરાયેલા વિદ્વાન બ્રાહ્મણો એકીઅવાજે બોલી ઉઠયા.

શાંત ચિત્તે ઉભેલા ગાર્લવ મુનિએ સ્મીત કરતાં કહ્યું તમે તો વિદ્વાન છો કંઈક ચમત્કાર કરો.

આ સાંભળીને બ્રાહ્મણો મુનિની વાત પામી ગયા. તેઓ સમજી ગયા કે આ તો ભારે થઈ. શેરને માથે સવાશેર મળ્યો. બધા એકદમ જઈ ગાર્લવ મુનિના પગે પડયા અને કહ્યું,

'મુનિ અમને માફ કરી દો..'

ગાર્લવ મુનિએ મંત્રશક્તિથી ફરીથી ભોજન હતું તે સ્થિતિમાં કરી દીધું અને બ્રાહ્મણોએ સંતોષપુર્વક ભોજન લીધું અને યજ્ઞનું સમાપન થતાં સૌ વિખેરાયા.

ગાર્લવ મુનિના આ આશ્રમની જગ્યાએ તેમના નામ પરથી બંધાયેલ મહાદેવનું મંદિર અત્યારે પણ મહીસાગરના કીનારે આવેલ છે. અપભ્રંશ થતાં આજે તે ગલતેશ્વર મહાદેવના નામે ઓળખાય છે. આ સુંદર અને રમણીય સ્થળે ગંગા ગલતીના નામે મહીસાગરને મળે છે.

**-નટવર હેડાઉ**

## ધરતી પર હરીયાળીના હાર

હાથમાં વૃક્ષોના રોપા લાવ્યા
હર ગ્રામ સુધી અભિયાન લાવ્યા
શહીદોને યાદ કરવા જો
વૃક્ષોની લીલી ચાદર લાવ્યા
ગ્લોબલ વોર્મીંગ નાથવા માટે
હર ગ્રામ વિરાંજલી વન લાવ્યા
જીવવાની ઈચ્છા થઈ તો
મન સુધી વૃક્ષોનું વન લાવ્યા
સંકલ્પો લીધો જો દ્રઢ તો
ધરતી પર હરીયાળીના હાર લાવ્યા

**રાજેશ બારૈયા (બોરડા-ભાવનગર)**

## તારી સાથે

તારા હાથોમાં મારો હાથ પરોવી ચાલુ છું તારી સાથે
તારી આંખોમાં મારી તસવીર બનીને ચાલવું છે તારી સાથે
તારા ચહેરાની હસી બનીને ચાલવું છે તારી સાથે
તારા દિલમાં મારી યાદો ભરીને ચાલવું છે તારી સાથે
તારા દુ:ખોમાં સુખ બનીને ચાલવું છે તારી સાથે
તારી જીંદગીથી તારી મંજીલ સુધી ચાલવું છે તારી સાથે
તારી હર ઈચ્છા પુરી કરવા માટે ચાલવું છેતારી સાથે
તારા જન્મોથી મૃત્યુ સુધી ચાલવું છે તારી સાથે
તારા દિલની ધડકન બનીને રશ્મી હરપલ ચાલવું છે
આ રાજને તારી સાથે

**જીતેન્દ્ર એ.પરાડીયા (થાવર)**

## જવાન !

કોઈક ખોરડે ખાનજી નામે જવાન કોઈ એક રહેતો તો
માગ્યા તાંગ્યા બળદને સાંતી તે ખેતર ખેડવા જાતો તો
એક દિવસની વાત છે, કવિ યાચવાને જાતા તા
રાજપુતનું ખોરડું જાણીને, સંબોધ્યા ખાનજી દરબાર તે
ઘરમાં ઘરડી મા સિવાય હતું ના કોઈ અન્ય પોતીકું
રહેવાને એક કુબો હતો પણ મનનો તે તો સુબો હતો
ઘરમાં તોલડી ખાલી હતી પણ દિલનો ધનભંડાર હતો
ગામગરાસ તો સપને નહીં પણ કસબી કાંડાનો હતો
નજર કવિની પારખી ગઈ તી જંગ બહાદુર આ જવાન હતો
રાધનપુર નવાબને કરી ભલામણ
બાબી સેનામાં ભરતી કર્યો
સિપાહીમાંથી સેનાપતી બની ખાનજી વાઘેલા અમર થયા
બસો પાંત્રીસના સ્વામી તમે થરાદરીના મહારાજા બન્યા
ખાનજી દરબાર હતા ઉગ્ર ભાગી, ગામ મોરવાડા છે મહા સદભાગી

**મશરૂ પ્રજાપતી**

## નાની સુની વાત નથી

સાચું જીવવું સાચું કે વું નાની સુની વાત નથી
દંભ વગર દુનિયામાં રેવું નાની સુની વાત નથી
જેની ઝાલી આંગળીયું ને બાલમંદીરે મોકલીયો
ઘરડાઘરમાં પહોંચાડે, ઈ નાની સુની વાત નથી
જે દિકરીને દઈ કરીયાવર ઘેર પારકે પરણાવી
દહેજમાં ભડભડ સળગે ઈ નાની સુની વાત નથી
બાપ બની શૈતાન નશામાં રોજ ઘુમે થઈ દારૂડીયો
ચુડી તુટે આંખ રૂવે ઈ નાની સુની વાત નથી
રામભરતની વાતો બચપણથી સંભળાવી દાદીએ
ભાઈ ભાઈનું ખુન કરે ઈ નાની સુની વાત નથી
આ કાનુડો પરમટ થઈને બોલો આખર પહોંચે કયાં ?
રોજ મીરાંઓ ઝેર પીવે ઈ નાની સુની વાત નથી..

**સાંઈરામ દવે**

## આવે તો કહું

તું હૃદયની પાસ આવે તો કહું
વાતનો વિશ્વાસ આપે તો કહું
કલ્પનાઓ એટલી રંગીન છે
જો તને રાસ આવે તો કહું
આંખ સામે તો છબી રમતી રહે,
રૂબરૂ તું ખાસ આવે તો કહું
ખાતરી શું હાજરી તારી જ છે,
શ્વાસની સુવાસ આવે તો કહું
વાત સુંડાજી ઈશ્કની કરવી હતી
જો પ્રણયનો તાસ આવે તો કહું

**સુંડાજી ઠાકોર (સુરાણા)**

## માવતર

ભીતર ભીંજાય એ વાતથી, વ્હાલાં એ દવલા કીધા
નાજુક નમણાં હતાં એ ઠંડીમાંથી ઉંચકી લીધા
ગરમીમાંથી ઠંડીમાં લીધા ભીતર ભીંજાય એ વાતથી
વ્હાલાંએ દવલા કીધા
ભુખ્યા રહીને ભોજન જમાડયા,
દેહના દુધથી ધવડાવ્યા
ભીતર ભીંજાય એ વાતથી, વ્હાલાં એ દવલા કીધા
વૃદ્ધ થયાને વાતો વીતી, આશા રાખું પ્રેમની કયાં ?
ભીતર ભીંજાય એ વાતથી, વ્હાલાં એ દવલા કીધા
સુખના સપના જોયા, દુઃખમાં વૃદ્ધાશ્રમ આયા
ભીતર ભીંજાય એ વાતથી,
વ્હાલાં એ દવલા કીધા

**બી.જે.હડીયલ**

## બનાસકાંઠામાં ..

પાના નં.૧ ચાલુ

અથવા તો રખડતા ઢોરોનો ખોરાક બની જાય છે. તેથી સરકારના લાખો કરોડો રૂપિયા વેડફાઈ જાય છે. વન મહોત્સવમાં વાવેલ એક પણ છોડ ઉગતો નથી. તેમ છતાં દર વર્ષે રાબેતા મુજબ સરકારના ખર્ચે વૃક્ષારોપણ કરવામાં આવે છે. તેથી સરકારની એક સારી યોજના બદનામ થાય છે. વૃક્ષારોપણ થકી વૃક્ષો ઉગતા નથી. પરંતુ ઉગેલા વૃક્ષોનું પણ જતન કરવામાં વન વિભાગ ઉણો ઉતરે છે. જેથી આડેધડ વૃક્ષોની કતલ આજે પણ થઈ રહી છે. હાઈવે વિસ્તારમાં વૃક્ષોના લાકડા ભરેલ ટ્રેક્ટર કે ઉંટલારી અચુક નજરે પડે છે જે લાકડા ખુલ્લેઆમ સો મિલોમાં ઠલવાય છે. તેમ છતાં જવાબદાર તંત્ર ઈરાદા પૂર્વક આંખ આડા કાન કરે છે તેથી વૃક્ષો અને હરીયાળી ઘટતા જિલ્લો "ગ્લોબલ વોર્મિગ"માં સપડાયો છે. જેથી ઋતુચક્ર ખોરવાઈ જતા સમસ્ત જીવો ઉપર વિપરીત અસરો વર્તાય છે. આ બાબતે જિલ્લા કલેક્ટર અંગત રસ દાખવી ઘટતા પગલા ભરે તે સમયનો તકાજો છે.

## શ્રી અખિલ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આંજણા ચૌધરી સમાજમાં જોરદાર વ્યસન મુક્તિ અભિયાન ચચલાવામાં આવ્યું હતું અને જેમાં મંડળ ને જોરદાર સફળતા મળી હતી તો આ વ્યસન મુક્તિ અભિયાન આવનારા સમય માં પણ ચાલુ રાખી સમાજ વ્યસન મુક્ત બને અને શિક્ષણ નો વ્યાપ વધે જે વાત ઉપર પણ આ બેઠક માં ભાર મૂકવામાં આવ્યો હતો આવી અનેક સમાજ લક્ષી ચર્ચાઓ આ બેઠક માં કરવામાં આવી હતી આ બેઠક માં મંડળ ના પ્રમુખ વેલજીભાઈ ચૌધરી ધનજીભાઈ પટેલ ઉપ પ્રમુખ ગણેશભાઈ પટેલ મહામંત્રી ચતરાભાઈ પટેલ મદનલાલ પટેલ મહેશભાઈ પટેલ ભીખાભાઈ પટેલ પરખાજી પટેલ ગીરીશભાઈ પટેલ થાનાભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં મંડળ ના સભ્યો ઉપસ્થિત રહયા હતા.

## આજે દિવાશાનુ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ડીસામાં આવેલા રેલ્વે સ્ટેશન નજીક દશામાતાજીના મંદિરમાં દશ દિવસ સુધી લોકો દર્શને ઉમટી પડતા ભારે ભીડ જોવા મળશે ત્યારે દશ દિવસ સુધી ચાલનારા વ્રતને લઈ મહિલાઓમાં હદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે મહિલાઓ દ્વારા માતાજીના ઉપવાસ, એકટાણા કરી માતાજીની પુજા અર્ચન કરવામાં આવશે ત્યારબાદ દશમાં દિવસે માતાજીનું રંગેચંગે વિસર્જન કરી વ્રતની પુર્ણાહુતી કરવામાં આવશે.

## મીઠી- પાલડીમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આજે અષાઢી અમાસથી પ્રારંભ થતા આ દશ દિવસના વ્રતને લઈને મીઠી- પાલડી પંથકના ગામડાઓમાં તેમજ બજારોમાં પણ અવનવી માતાજીની મૂર્તિઓ આવી ગઈ છે, મૂર્તિઓ ખરીદી કરનાર મહિલાઓની ભીડના કારણે વહેપારીઓ પણ ગેલમાં આવી ગયા છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ સારી મૂર્તિઓનું વેચાણ થશે તેવી આશા વેપારીઓ સેવી રહ્યા છે. આ બાબતે મૂર્તિઓ વેચાણ કર્તા સોવનજી ચૌહાણના જણાવ્યા અનુસાર આ સાલ વરસાદ હજુ જોઈએ તેવો આવેલ નથી. છતાં પણ આજે પણ મહિલાઓમાં શ્રદ્ધા અકબંધ છે. જેથી મૂર્તિઓનું સારુ એવું વેચાણ થઈ રહ્યું છે.

## થરાદ શહેરમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ભેંસ ઉપર દશામૈયા બિરાજમાન હોય તેવી મૂર્તિઓની માંગ વધારે જોવા મળી છે.થરાદ નગરના એકમાત્ર દશામાના મંદીરમાં પણ રવિવારથી માતાજીની વિશાળ માટીની સાંઢણીની સ્થાપના કરવામાં આવશે તેમજ વ્રતકથા સંભળાવવામાં આવશે તેમ પુજારી એ જણાવ્યું હતું.

## માટીની મૂર્તિઓથી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સહીતના શ્રેણીબંધ ફાયદાઓનું સીધુ પૂણ્ય પણ મળે તેમ છે. આ વર્ષે જિલ્લાનું ગૌરવ એવા માટી કલાના કસબી કલાકાર સલ્લુભાઈ સુમરાએ મૂર્તિઓની અવદશા નજરે નિહાળી પ્રથમવાર તેમની ઝેરડા સ્થિત 'મીની ફેકટરી' માં મશીન વડે 'ઈકો ફ્રેન્ડલ' માટીની મૂર્તિઓ બનાવી છે આકર્ષક લાગતી આ મૂર્તિઓ સરળતાથી પાણીમાં ઓગળી જાય છે ત્યારે ભાવિકો વ્રત-તહેવારોની માટીની મૂર્તિઓ સાથે ઉજવણી કરી પર્યાવરણના જતનમાં પણ સહભાગી થાય તેવી આજના તબક્કે અંતઃકરણની અપીલ.

## ૬૯મો તાલુકા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ત્યારે વધુ વૃક્ષો વાવવા અનુરોધ કરેલ. દિયોદર મામલતદાર પી.એસ. પંચાલ અને તાલુકા પંચાયતના પ્રમુખ ચિત્રલેખાકુવરબા પ્રવીણસિંહ વાઘેલા તથા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બળવંત જી. મકવાણા તથા તાલુકા વિકાસ અધિકારી સહિતના ગામના અને આજુબાજુના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તેમજ દિયોદર અને ફોરેસ્ટ સ્ટાફ તેમજ સોની ગ્રામજનો અને શાળા પરિવારજનો અને સોની સરપંચ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ધાનેરામાં થરાદ...

પાના નં.૮ ચાલુ

હોંશીયાર હોય તે રીતે મેઈન રોડ ઉપર આવેલ દુકાનોના ઉપરના પતરાના બોલ્ટ ખોલીને અંદર પ્રવેશ કરી દુકાનમાં પડેલ પરચુરણ તથા કેશ લઈ જતા રહે છે. ગત રાત્રીના પોલીસ પેટ્રોલીંગ હતું. છતાં હાઈવે મેઈન થરાદ જતા રોડ ઉપરની નવ દુકાનોના પતરાના ઉપરના બોલ્ટ ખોલી અંદર પ્રવેશ કરી ચોરી કરી હતી. જેમાં હર્ષિદ ફર્નીચર ના પતરાં ખોલેલ પરંતુ ચોરો કરી હોય તેવું દેખાયું ન હતું. સાવન સેનેટરીના પતરા ખોલી બે હજાર રૂપિયાની પરચુરણ, વિશ્વકર્મા બીલ્ડીંગ મટીરીયલ્સની દુકાનોના પાંચ પતરા ખોલી પાંચ હજાર બ્રહ્માણી ઓટોગેરેજમાં પતરામાં ફક્ત બબાકકોરૂ પાડેલ કેટલી રકમ ગઈતે ખબર વેપારીને નથી મેવાડા ઓટો ગેરેજનાં પતરા ખોલી નુક્શાન, વંદના પાન પાર્લરની દુકાનમાંથી રૂા.૧૫ થી ૨૦ હજારની કરીયાણાનો સામાન રોકડની ચોરી માનવ ઓટો ગેરેજના પતરા ખોલી ચોરી કરવાની કોશીશ જય હનુમાન બેટરી બ્રહ્માણી, ફર્નીચરમાં પણ પતરા ખોલી ચોરી કરવાની કોશીશ કરી હતી., આ બાબતે વેપારીઓનો સંપર્ક કરતાં વેપારીઓએ જણાવેલ કે અમારી બધી દુકાનોની ચોરી બાબતે અમોએ પોલીસને જાણ કરેલ છે. ફરીયાદ નોંધાવવા બધા ભેગા મળીને ફરીયાદ કરીશું પરંતુ આ સમાચાર લખાય છે. ત્યાં સુધી કોઈએ ફરીયાદ નોંધાવી નથી.

## કુંભલમેર પંથકમાં ...

પાના નં.૮ ચાલુ

પીએસઆઇ વી. આર. પટેલને લેખિતમાં આવેદનપત્ર આપ્યું હતુ. જેમાં જણાવાયું હતુ કે, અગાઉ ગામમાં દારૂબંધી કરવામાં આવી હતી. છતાં છુટથી દારૂ વેચાતો હોવાથી ગામમાં દારૂડીયાઓનો ત્રાસ વધી ગયો છે. જેથી રાત્રે નિયમિત પેટ્રોલીંગ કરવામાં આવે તેમજ આવતા- જતા શકમંદ બાઈકોની તપાસ કરવામાં આવે તો દારૂનો જથ્થો ઝડપાઇ શકે તેમ છે. આ અંગે પીએસઆઈને ઘટતી કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.

## આજથી ડીસા...

પાના નં.૮ ચાલુ

અવનવા રંગની મૂર્તિ ખરીદવા બજારોમાં મહિલાઓ ઉમટી પડી હતી. જેથી છેલ્લી ઘડીએ બજારોમાં વિશેષ ભીડ જોવા મળી હતી. બનાસકાંઠા જિલ્લામાં મહિલાઓમાં દશામાં પ્રત્યે ભારે શ્રધ્ધા હોવાથી જિલ્લાભરમાં દશામાનું વ્રત ભારે ભક્તિભાવ અને શ્રધ્ધા પૂર્વક ઉજવાશે ત્યારે દશામાંના ભક્તો દ્વારા તેની સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે ડીસામાં આવેલા રેલ્વે સ્ટેશન નજીક દશામાતાજીના મંદિરમાં દશ દિવસ સુધી લોકો દર્શને ઉમટી પડતા ભારે ભીડ જોવા મળશે ત્યારે દશ દિવસ સુધી ચાલનારા વ્રતને લઈ મહિલાઓમાં હદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે મહિલાઓ દ્વારા માતાજીના ઉપવાસ, એકટાણા કરી માતાજીની પુજા અર્ચન કરવામાં આવશે ત્યારબાદ દશમાં દિવસે માતાજીનું રંગેચંગે વિસર્જન કરી વ્રતની પુર્ણાહુતી કરવામાં આવશે.

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ...

પાના નં.૮ ચાલુ

મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી (અમદાવાદ) ઝવેરચંદ મેઘાણીના જીવન-કવન વિશે રસપ્રદ અને માહિતીસભર વાતો કરશે.

બપોરે ૨.૩૦ કલાકે દ્વિતીય સત્રમાં મેઘાણીગીતોના મેધાવી લોકગાયક અભેસિંહ રાઠોડ સાથે રાધાબેન વ્યાસ અને ઋષભ આહીર રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત-સંશોધિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનોની રમઝટ બોલાવશે. કસુંબીનો રંગ, મોર બની થનગાટ કરે, કોઈનો લાડકવાયો, શિવાજીનું હાલરડું, ચારણ-કન્યા, ભેટ્યે ઝૂલે છે તલવાર, ઓતરાદા વાયરા ઊઠો ઊઠો, આષાઢી સાંજનાં અંબર ગાજે જેવી ઝવેરચંદ મેઘાણીની અમર રચનાઓ રજૂ થશે. ચાંદો ઊગ્યો ચોકમાં, જોડે રહેજો રાજ, દાદા હો દીકરી, મહેંદી તે વાવી, સવા બશેરનું મારું દાતરડું, સોના વાટકડી રે, કાન તારી મોરલી, આભમાં ઝીણી ઝબૂકે વીજળી, આવી રૂડી અંજવાળી રાત, માડી હું બાર બાર વરસે આવિયો, ના છડિયાં હથિયાર જેવાં સદાબહાર લોકગીતો પણ તેમના સંગ્રહ 'રઢિયાળી રાત' માંથી રજૂ થશે. જે હજી છાપખાનામાં હતી ત્યારે ઝવેરચંદ મેઘાણી આ દુનિયા છોડી ગયા હતા તેવી તેમની અંતિમ કૃતિ 'સોરઠી સંતવાણી'માંથી ગંગા સતી, જેસલ-તોરલની પ્રાચીન અમરવાણી આ પ્રસંગે ખાસ આસ્વાદ-રૂપે રજૂ થશે.

૧૯૮૮ - ૮૯માં અરૂણાચલથી ઓખા સુધીની ૯૦૦૦ કિ.મી.ની ઐતિહાસિક 'ભારત જોડો' સાયકલ-યાત્રાના સાયકલ-વીર રાજેશ ભાતેલીયા (રાજકોટ) સંસ્મરણો અને રાષ્ટ્ર-ભાવનાની પ્રેરક વાતો કહેશે. નવી પેઢી ગુજરાતી સાહિત્ય-લોકસાહિત્યનાં વાંચન માટે પ્રેરિત થાય તે માટે મેઘાણી-સાહિત્ય પુસ્તક પ્રદર્શન તથા વિશેષ વળતરથી વેચાણનું આયોજન પણ કરાયું છે. મોટી સંખ્યામાં સાહિત્ય-પ્રેમીઓ, મેઘાણી-ચાહકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. વિશ્વભરમાં વસતાં ગુજરાતીઓ આ ભાવાંજલિ કાર્યક્ર્મને ઘર બેઠા નિહાળી શકે તે માટે તેનું ઈન્ટરનેટ પર જીવંત પ્રસારણ (વેબકાસ્ટ) www. eevents. tv/ meghani પર થશે.

વધુ વિગત માટે ભરતભાઈ ઠક્કર-ભાગ્યશાળી (૯૯૨૫૩૧૦૫૪૦), પિનાકી મેઘાણી (૯૮૨૫૦ ૨૧૨૭૯) નો સંપર્ક કરી શકાશે. વિવિધ સેવાકીય કાર્યોમાં કાર્યરત કરૂણા ભક્તિ પરિવારના સ્થાપક ભરતભાઈ ઠક્કર-ભાગ્યશાળી અને સાથીઓએ ૫૦ જેટલી શાળા-કોલેજની મુલાકાત લઈને ૨૦૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓને આ કાર્યક્ર્મ વિશે જાણકારી આપી છે.

૯ માર્ચ ૧૯૪૭ના રોજ માત્ર ૫૦ વર્ષની વયે આ દુનિયા છોડી ગયેલા ઝવેરચંદ મેઘાણી વધુ જીવ્યા હોત તો ઉત્તર ગુજરાતમાં પરિભ્રમણ, સંશોધન કરીને તેનાં મૂલ્યવાન લોકસાહિત્ય-લોકસંસ્કૃતિને સવિશેષ ઉજાગર કર્યાં હોત તેવી લોકલાગણી છે.

## બનાસકાંઠા જિલ્લામાં ...

પાના નં.૮ ચાલુ

ખરીફ પાક નિષ્ફળ જવાની ભિતિ સેવાઈ રહી છે ગત વર્ષ કરતાં ખરીફ પાકના વાવેતરમાં પણ ઘટાડો નોધાયો છે રાજ્ય સરકાર દ્વારા નહેરોમાં પણ પાણી ન છોડતા વાવેતર પર અસર જોવા મળી રહી છે. ત્યારે આ વર્ષે વરસાદના અભાવે જગતના તાતને પણ માઠી અસર થઈ રહી છે જો આગામી સમયમાં પણ વરસાદ ખેંચાતો રહે તો ખરીફ પાકની વાવણી કરેલ મગફળી ૧૧૯૬૬૦ હેક્ટર બાજરી ૭૯૨૭૫ હે.દીવેલા ૨૦૬૯૩ હે.કપાસ ૪૬૦૩૫૬, શાકભાજી ૧૧૫૭ હે. ઘાસચારો ૧૧૬૨૯૮ હેક્ટર સહિત અન્ય પાકોનુ વાવેતર થવા પામ્યું છે જે ખરીફ પાક પણ નિષ્ફળ જવાનું સંકટ તોળાઈ રહ્યુ છે.

## સૂઈગામ એ.પી.એમ.સી.ના...

પાના નં.૮ ચાલુ

સર્વાનુમતે વરણી કરાઈ છે. જેઓ બનાસડેરીના ડીરેક્ટર પદે ઉમદા સેવા આપી ચુક્યા છે. સહકારી ક્ષેત્રે તેમનું આગવુ પ્રભુત્વ છે. જ્યારે વા.ચેરમેન પદે (ગોલપ) ના વતની એવા ભુદેવ સમાજના યુવા અગ્રણી ગોવિંદરામ રાજારામભાઈ ગામોટની સર્વાનુમતે વરણી કરાઈ છે. જેઓ પણ વાવ એ.પી.એમ.સી.માં બે ટર્મ વા.ચેરમેન પદે ઉમદા સેવા આપી છે. આ બંને સહકારી અને રાજકીય અગ્રણીઓની રાહબરી હેઠળ સુઈગામ માર્કેટયાર્ડ વિકાસની હરણફાળ ભરશે તેવો અગ્રણી મિત્રોમાં દ્દઢ વિશ્વાસ છે. આ બંને સહકારી અગ્રણીઓની થયેલી ચેરમેન- વા. ચેરમેન પદની વરણીને સમગ્ર સૂઈગામ-વાવ પંથકમાંથી આવકાર સાંપડી રહ્યો છે.

## વડગામના મજાદર...

પાના નં.૮ ચાલુ

સોલંકીના અધ્યક્ષસ્થાને મળેલ પંચાયત સદસ્યોની બેઠકમાં પંચાયતના કુલ ૧૩ સભ્યો માંથી અવિશ્વાસની દરખાસ્ત વિરુદ્ધ (સરપંચની તરફેણમાં) સરપંચ સહિત ૬ સભ્યો હાજર રહયા હતા. જ્યારે તરફેણમાં એક પણ સભ્ય હાજર ન રહેતા અવિશ્વાસની દરખાસ્તનો રકાસ થયો હતો સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ સરપંચ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત બાદ ગામના બુદ્ધિજીવીઓએ ગામની એકતા જળવાઈ રહે અને ગામનો વિકાસ થાય તેને લઈ સતત પ્રયત્નો કરતા બન્ને પક્ષે સમાધાન કરાવતા અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરનાર એક પણ સભ્ય મીટીગ હાજર રહ્યો ન હતો અને આખરે ઘીના ઠામમાં ઘી ઢળી ગયું હતું.

## આયખું

આયખું આખું ગણતરી કરી જિંદગી ની
અંતે સંઘળી હિસાબી તારી ને મારી નીકળે.
હાથ ફેલાવી ખુદા પાસે માંગુ નહીં,
ને તકદીર માં લખેલી લાચારી નીકળે.
શબ્દો ઉતાવળે લખાયા કાગળ પર,
ઘાયલ દિલ ની કોઈ શાયરી નીકળે.
ઘુંઘટ ખોલી શરમાઈ ગયી વસંત,
ક્યારેક મૌસમ ની પણ બેકરારી નીકળે.
કરી લે જીવન ના સુખ દુખ ભેગા,
કોણ જાણે કઈ સજા આકરી નીકળે.
શરતો હોતી નથી પ્રેમ ની રાહે,
મિલન ની ઘડી પણ ભિખારી નીકળે.
લડી લે તું પણ ઘોર અંધાર સાથે,
કોઈ કિરણ ની પણ તૈયારી નીકળે.
મહેક પ્રસરી સઘળું સુગંધિત થશે,
ને કોઈ સુગંધ વ્યવહારી પણ નીકળે.
મદમસ્ત અદા થી ઘાયલ છે આશિક,
સાદગી પણ હવે શિકારી નીકળે.
નસીબ ની કરામત તો જો 'માધવી'
લાગણી યે હવે એકધારી નીકળે.

**માધવી આશરા 'ખત્રી'**

## ચરખો

સર સર ફર ફર ફરતો ચરખો
ચર ચર ખર ખર આ બોલે ચરખો
બાપુની એ આંખોનો તારો
જે આઝાદી ટાણે બન્યો સહારો
દેશવાસીઓને દીધા વસ્ત્રો
એ ગાંધી યુગના યંત્રને પરખો
જેણે આઝાદી કેરી ભેટ ધરી
જેણે સોના સરીખી સવાર કરી
ભારત દેશની શેરીએ શેરીએ
જે બની રોજગાર આવ્યો ચરખો

**મહેબુબ એ.સૈયદ**

## શેર-શાયરી

ઉજાડે છે બાગ કે બગીચા એ
ખબર નથી હોતી બંદરને
મરે છે દોષી કે નિર્દોષી એ
ખબર નથી હોતી ખંજરને
અરે ! જેવું પડશે ખાલી હાથે એ
ખબર ન હતી સિકંદરને !
સોયે હુએ કો જગા દેતી હૈ અચ્છે
અચ્છોં કા ઈમાન ડાલા દેતી હૈ
દોલત વો ચીજ હોતી હૈ અગર
ઉસકા નશા ચડ જાએ તો
ઈન્સાન કો શૈતાન બના દેતી હૈ

**રમેશભાઈ બી. મહેતા (જુનાડીસા)**

## પ્રેમની આહ

દીવસ નથી ઉગતો આખી રાત ઉગતો
ચાલતી હવા કહેતી હતી
મને મળવા જાય છે તું મને શુ સમજે છે
આખો દિવસ સમજે છે ભુલતી મુખની સફર
સજાવે છે દિવસ છે સમજાવતી
રાત ઉગતી નથી મારૂં દિલ દુભાય છે

**કુંભાર સલીમભાઈ (ભીલડી)**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૮૨૦૦-૩૮૫૦૦**
રૂપુ કાચું ૩૮૨૦૦-૩૮૫૦૦
સોનુ તોલો ૩૦૪૦૦-૩૦૭૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૮૦**
પામોલીન ૧૧૫૦
સોયા રીફાઈન ૧૩૯૦
રાયડાતેલ ૧૫કી.૧૩૮૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૬૯૦**
સીંગતેલ ૧૫ લી.૧૪૫૦
**સીગતેલ ૫ લી. ૪૮૭**
તિરૂપતી કપા. ૧૪૫૦
૫ લીટર ૪૬૦
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૧૦૦-૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
પલી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૩૨૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૫૦
૫ લી. ૪૨૦
૨ લી. ૧૭૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૬૦૦૦
કીચન ચેમ્પીયન મોગર ૫૫૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૬૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૭૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૭૦૦
દાવત સ્પેસીયલ ૮૦૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૮૦૦૦
દાવત દિલખુશ ૮૦૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૨૦૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૦૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૧૦૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૪૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૭૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૭૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૫૦૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૮૨૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૫૦-૩૫૫૦**
**ખાંડ એમ. ૩૫૫૦**
ખાંડએલ. ૩૬૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૨૦૦
જીરાળુ ૧૪૬૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા. ૫૭૦
**પરચુરણ**
સોજી ૮૦૦
મેંદો ૭૮૦
શ્રીફળ એમ. ૧૪૨૫
નિરમા સાબ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૨૦૦
ખાંડ બુરૂ ૩૫૦૦
કોકમ ફુલ ૧૫૦
એલચી ૯૦૦-૧૦૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
**દુધી ૧૪૦-૨૦૦**
સુકી ડુંગળી ૧૮૦-૨૮૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૫૦૦-૮૦૦
મરચાં ૪૦૦-૬૦૦
લીંબુ ૪૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૭૦-૯૦
રીંગણ ૬૦૦-૮૦૦
ટામેટા ૫૦૦-૬૦૦
**ભીંડા ૫૦૦-૬૦૦**
કોબી ૩૪૦-૪૦૦
વટાણા ૧૪૦૦-૨૦૦૦
ટીંડસા ૮૦૦
ગવાર ૯૦૦-૧૨૦૦
બાદશાહ બટાકા ૪૪૦-૪૮૦
**સાંગા બટાકા ૨૪૦- ૨૬૦**
**દે.ગવાર ૧૨૦૦-૧૩૦૦**
**ચોળી ૯૦૦-૧૨૦૦**

# ગુલશન કુમારની બાયોપિકમાં રણબીરને લેવાનો નિર્ણય થયો

ગુલશન કુમારની બાયોપિક ફિલ્મ બનાવવા માટેનો નિર્ણય હવે કરવામાં આવ્યો છે. બાયોપિક ફિલ્મોને નોંધપાત્ર સફળતા મળી રહી છે જેના કારણે હવે બાયોપિક ફિલ્મ બનાવવા માટેનો દોર ચાલી રહ્યો છે. અનેક હસ્તીઓ પર બાયોપિક ફિલ્મ બની ચુકી છે જેને મોટી સફળતા મળી છે. સંજુ પહેલા મહેન્દ્ર સિંહ ધોની પર બનેલી ફિલ્મને મોટી સફળતા હાંસલ થઈ હતી. ફિલ્મમાં સુશાંત સિંહ રાજપુતે ભૂમિકા અદા કરી હતી. હાલમાં અન્ય બાયોપિક ફિલ્મ પણ બની રહી છે. જેમાં બેડમિન્ટન સ્ટાર સાઈના નહેવાલની લાઈફ પર ફિલ્મ બની રહી છે. હવે ગુલશન કુમારની બાયોપિક ફિલ્મ બનનાર છે. પહેલા ફિલ્મમાં અક્ષય કુમારને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે હવે ફિલ્મમાં રણબીર કપુરને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પહેલા અક્ષય કુમાર જ લીડ રોલ અદા કરનાર હતો. જો કે કેટલાક વિવાદ બાદ અક્ષય કુમારે ફિલ્મ છોડી દીધી છે. મુગલના ફિલ્મ મેકર્સ હવે રણબીર કપુરને કાસ્ટ કરવા વિચારી રહ્યા છે. ભૂષણ કુમાર માને છે કે રણબીર કપુર પરફેક્ટ સાબિત થઈ શકે છે. તે સારા અભિનેતા હોવાની સાથે સાથે સારી માર્કેટ વેલ્યુ પણ ધરાવે છે. રણબીર સાથે ફિલ્મ નિર્માતા વાતચીત કરી ચુક્યા હોવાના હેવાલ મળ્યા છે. સંજુ બાદ રણબીર બીજી બાયોપિક ફિલ્મ કરનાર છે. સંજુમાં તેની ચારાજુ પ્રશંસા થઈ રહી છે.

ફિલ્મે સફળતાના કેટલાક રેકોર્ડ તોડી દીધા છે. હાલમાં તે બ્રહ્માસ્ત્ર નામની ફિલ્મમાં છે. જેમાં તે આલિયા સાથે છે. ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને મૌની રોય નેગેટિવ રોલમાં છે. આ ફિલ્મ ૨૫મી ઓગષ્ટે રજૂ કરાશે. રણબીર કપુર બોલિવુડમાં સંજુ બાદ ફરી એકવાર સુપર સ્ટાર તરીકે ઉભરી આવ્યો છે. આગામી દિવસોમાં તેની પાસે વધારે મોટી ફિલ્મોની ઓફર આવી શકે છે.

## ઉજળો થયો છું

માના ચરણના સ્પર્શથી ઉજળો થયો છું હું
એના સિવાય જાતથી અળગો થયો છું હું
તરસી રહ્યા છે કાન સુણે શબ્દ સ્નેહના
પડઘા સુણી સુણી હવે બહેરો થયો છું હું
ભીજાઉં કયાંથી સ્નેહની કયારી નથી હવે
કોરા છે આવકારને કોરો થયો છું હું
ખોળાની ઉષ્ણતા અને પાલવનો આશરો
મમતા ભરીએ હુંફવિહોણો થયો છું હું
આંખોનો સ્નેહ જીભની એની મીઠાશને
શોધું છું ઠેર ઠેર રઝળતો થયો છું હું
માની દુઆઓ આજ સહારો બની ગઈ
માની દુઆથી ઈશને વ્હાલો થયો છું હું
યુસુફ સમયના ફેરને સમજે ન કોઈપણ
ફોરમની જેમ ફેલતો ફરતો થયો છું હું

**યુસુફ ગુંજાવી**

## વરસાદી વાવડ

વાદળી વરસે રૂપેણ ભોમમાં રે લોલ
વરસી છે ઘણી દરીયાને દુવારજો
દરીયે દીધા છે વાવડ વેગમાં રે લોલ
વાવડ સુણીને ધોરી ઉઠીયા રે લોલ
હાલ્યા છે કંઈ ડચકારે ખેત વાટ જો
હળને હલકારે ખેડુત હેતથી રે લોલ
આભના મંડાણ ઘેરાં ઘુઘવે રે લોલ
મોરલા સામે આપતા સૌ સાદ જો
વાયરે વણઝારે જોડી જોરમાં રે લોલ
ખલાસી ખંતીલો નદી નાવડે રે લોલ
ઉડાડે છે હલેસાં મનખ દેખતાં રે લોલ
ધરતીએ પ્હેરી લીલી પાઘડી રે લોલ
ડુંડાઓ લહેરે છે ભલી ભાત જો
કોઠી મલકાતી ઉડે ઓરડે રે લોલ
ભરેલ તલાવડે દેડક બોલતાં રે લોલ
આવજે હવે બાપલીયાતું પ્હોરજો
ઓણતો સુખ આલ્યું સરગ જેટલું રે લોલ

**મંગળ રાવળ સ્નેહાતુર**

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

**★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.**

**★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.**

**કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.**

**★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.**

## જન્મદિન મુબારક

**નામ :........................ પતિ/પિતા :........................**
**માતા : ........................જ.તા. ................ઉ.વ.**
**પરિચય: ......................................................**
**સરનામુ : ......................................................**
**મોકલનારની સહી : ..........................................**

રખેવાળ
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

## ધીણોજ ખાતે મહિલા પશુપાલન શિબિર યોજાઇ



પાટણ

તા.૦૬/૦૮/૨૦૧૮ના રોજ ચૌધરી સમાજની વાડી, ધીણોજ ખાતે મહિલા સશકિતકરણ પખવાડીયા અંતર્ગત મહિલા પશુપાલન વિસ્તરણ ઝુંબેશ હેઠળ આશરે ૭૦ મહિલા પશુપાલકોને પશુ સંવર્ધન, પશુ પોષણ, પશુ સારવાર, પશુ રસીકરણ, પશુપાલન ખાતાની યોજનાકીય માહિતીની વિગતો બાબતે ર્ડા.ડી.બી.ચૌધરી પશુચિકિત્સા અધિકારીશ્રી પશુદવાખાના ધીણોજ, ર્ડા.એ.એસ. ચૌધરી પશુ ચિકિત્સા અધિકારીશ્રી પશુ દવાખાના ચાણસ્મા તથા ર્ડા.એન.એસ. પટેલ નાયબ પશુપાલન નિયામકશ્રી, જિ.પં. પાટણ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી. ધીણોજ દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં સૌથી વધુ દુધ ભરાવનાર મહિલા પશુપાલકો ચૌધરી મંજુલાબેન બાબુભાઇ, ચૌધરી સંતોકબેન બાબુભાઇ અને ચૌધરી રમીલાબેન જેસંગભાઇને સન્માનિત કરવામાં આવ્યા.

## બહુચરાજીના ડેડાણા ગામની શાળામાં તાલુકા કક્ષાના ૬૯ મા વનમહોત્સવનો પ્રારંભ



ચાણસ્મા

બહુચરાજી તાલુકાના ડેડાણા ગામની માધ્યમિક શાળાના પટાંગણમાં યોજાયેલા તાલુકા કક્ષાના ૬૯ મા વન મહોત્સવને ખુલ્લો મુકતા ધારાસભ્ય ભરતજી ઠાકોરે જણાવ્યું કે વિશ્વ સમક્ષ ઊભા થયેલા ગ્લોબલ વોર્મિંગના પડકારોને પહોંચી વળવા પર્યાવરણને બચાવવું જ પડશે. પર્યાવરણને બચાવવા દરેક વ્યક્તિ પોતાના જન્મદિવસ, લગ્ન પ્રસંગ જેવા શુભપ્રસંગોને વૃક્ષો ઉગાડીને યાદગાર બનાવી શકે છે.

અત્રે યોજાયેલા વન મહોત્સવમાં ધારાસભ્ય ભરતજી ઠાકોર ઉપરાંત તાલુકા પંચાયત પ્રમુખ સરોજબા દરબાર, પૂર્વ પ્રમુખ રાજેન્દ્રસિંહ દરબાર, મામલતદાર એસ.કે.ડાભી, નાયબ મામલતદાર માનસંગ ચૌધરી, પી.એસ.આઈ. એ.જે.પંડ્યા, આર.એફ.ઓ કે.બી.પટેલ સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનોમાં વૃક્ષોના જતન અને સંરક્ષણ દ્વારા પર્યાવરણ બચાવવા સંદેશો આપ્યો હતો. આ પ્રસંગે શાળા સંકુલમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ તેમજ શાળાના ભૂલકાંઓને ૫૦૦ થી વધુ રોપાનું વિતરણ કરાયું હતું. ધારાસભ્યએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, આજે જંગલો અને વૃક્ષો કાપીને ફેક્ટરીઓ નાખવામાં આવી રહી છે. વસતી વધારાના કારણે જંગલો કાપી રહેણાં-કો ઉભા કરાયા છે. વરસાદ નહીં થવાના કારણોમાં આ પણ એક કારણ જવાબદાર છે. પર્યાવરણને બચાવવા વૃક્ષોનો ઉછેર જરૂરી છે. પ્રારંભે હાઈસ્કુલના આચાર્ય વિનોદભાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## ખારેડા પ્રા.શાળાની બાજુમાં જ ગંદા પાણીનો ભરાવો

પાટણ

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ખારેડા ગામે પ્રાથમિક શાળાની બાજુમાં જ ગંદા પાણીનો ભરાવો થતા બાળકોના આરોગ્ય સામે ગંભીર પ્રકારનો ખતરો તોળાઈ રહ્યો છે.

ખારેડા ગામે આવી પ્રાથમિક શાળામાં ધો-૧ થી ૮ સુધીનું શિક્ષણકાર્ય કાર્યરત છે. આ શાળાના કમ્પાઉન્ડને અડીને ગંદાપાણીનો ભરાવો થાય છે જેના કારણે બાળકોના આરોગ્ય સામે ખતરો તોળાઈ રહ્યા છે. વાલીઓના જણાવ્યા મુજબ ગટરનું ગંદુ પાણી અહી ભરાઈ રહે છે જે આગળ જતું નથી એટલે તાત્કાલીક તેનો નિકાલ કરવામાં આવે તે જરૂરી છે.

## વિવિધ બજાર ભાવ

| | | | | |
|---|---|---|---|---|
| ડીસા | | | રાયડો | ૭૧૧-૭૫૦ |
| ઘઉં | ૩૭૦-૩૭૬ | | એરંડા | ૮૪૮-૮૮૪ |
| બાજરી | ૨૮૨-૩૦૭ | | ઘઉં | ૩૬૦-૩૯૪ |
| રાજગરો | ૧૧૦૧-૧૩૮૧ | | જુવાર | ૯૧૪-૯૭૮ |
| મગફળી | ૭૦૧-૮૭૧ | | બાજરી | ૨૩૩-૩૦૧ |
| ગવાર | ૭૭૫-૮૧૯ | | જવ | ૩૬૩ |
| એરંડા | ૮૮૦-૮૮૬ | | પાટણ | |
| રાયડો | ૭૩૧-૭૩૩ | | જીરૂ | ૮૦૦-૩૪૯૦ |
| પાંથાવાડા | | | વરીયાળી | ૮૦૦-૧૬૧૧ |
| ઘઉં - | ૩૩૫/- | ૩૬૪/- | મેથી | ૫૪૦ |
| બાજરી - | ૨૭૦/- | ૨૭૯/- | સુવા | ૮૬૧-૧૦૫૯ |
| એરંડા- | ૮૭૫/- | ૮૮૯/- | રાયડો | ૭૨૫-૭૫૩ |
| મગફળી - | ૭૮૬/- | ૮૬૮/- | એરંડા | ૮૪૦-૮૮૦ |
| રાયડો. - | ૭૩૮/- | ૭૪૧/- | ઘઉં | ૩૬૫-૩૯૭ |
| ધાનેરા | | | બાજરી | ૨૭૨-૨૮૯ |
| ઘઉં | ૩૬૨-૩૮૩ | | જુવાર | ૬૧૬-૯૫૬ |
| બાજરી | ૨૮૧-૨૯૭ | | અડદ | ૬૩૦ |
| ગવાર | ૭૭૬-૮૦૫ | | જવ | ૩૪૦ |
| રાયડો | ૭૦૫-૭૫૦ | | રજકો | ૧૨૫૦-૨૫૦૦ |
| એરંડા | ૮૫૦-૮૮૦ | | ચીકુડી | ૧૪૦૦-૧૫૦૨ |
| ઈસ. | ૧૧૦૦-૧૪૮૫ | | ગવાર | ૭૬૦-૭૯૦ |
| ચીકુડી | ૧૬૦૨ | | થરાદ | |
| સુવા | ૧૦૩૧-૧૦૮૦ | | એરંડા | ૮૭૦-૮૮૫ |
| થરા | | | બાજરી | ૨૭૦-૨૯૫ |
| જીરૂ | ૩૨૦૦-૩૭૯૦ | | અજમો | ૧૦૦૦-૧૬૫૧ |
| એરંડા | ૮૭૭-૮૯૫ | | ગવાર | ૮૦૦-૮૧૧ |
| રાયડો | ૭૧૫-૭૩૫ | | મેથી | ૬૦૦-૭૮૦ |
| ગવાર | ૭૩૯-૭૫૦ | | ઈસબગુલ | ૧૩૦૦-૧૫૮૦ |
| ઘઉં | ૩૭૪-૪૦૦ | | જીરૂ | ૩૧૦૦-૩૬૫૦ |
| જુવાર | ૬૫૦-૬૯૫ | | રાયડો | ૭૩૦-૭૬૦ |
| રજકો | ૧૯૦૧-૨૧૯૦ | | રાહ | |
| અડદ | ૭૬૦-૭૮૦ | | રાયડો | ૭૩૦-૭૪૦ |
| બાજરી | ૨૬૫-૨૯૦ | | એરંડા | ૮૭૦-૮૭૫ |
| સિધ્ધપુર | | | બાજરી | ૨૫૦-૨૭૫ |
| ગવાર | ૭૭૭-૭૯૦ | | ચીકુડી | ૧૪૩૦-૧૪૮૫ |

## રાધનપુરના તાલુકા વિકાસ અધિકારીએ પરિપત્રનો અમલ કરવા તલાટીઓને નોટિસો ફટકારી

રાધનપુર

રાજયના પંચાયત મંત્રી,પંચાયત અગ્ર સચિવ અને વિકાસ કમિશ્નર દવારા જિલ્લા વિકાસ અધિકારીની બેઠકમાં સૂચના આપવામાં આવી હતી કે રાજયની તમામ ગ્રામ પંચાયતોમાં તલાટી કઈ તારીખે અને સમયે ગ્રામ પંચાયતમાં હાજર રહેશે તે અંગેની વિગતનું બોર્ડ લગાવવાનું રહેશે, આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીએ તા.૫ ફેબ્રુઆરીના રોજ પરિપત્ર કાઢીને તમામ તલાટીઓને આ સૂચનાનો અમલ કરવા જણાવ્યું હતું, પરંતુ મોટાભાગની ગ્રામપંચાયતોમાં આવા કોઈ જ બોર્ડ લગાવવામાં આવ્યા ના હોવાથી લોકોની ફરિયાદો આવવા માંડતા રાધનપુર તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન સુરેશભાઈ ઠાકોરે ગત સોમવારે તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં આ બાબતે તપાસ કરવા જણાવ્યું હતું,જેમાં જિલ્લા પંચાયત દ્વારા આવેલા પરિપત્રની અમલવારી થયેલ છે કે નહિ અને કેટલી ગ્રામ પંચાયતોમાં તલાટીઓએ અમલ કર્યો છે, તેની વિગત માંગતા તાલુકા વિકાસ અધિકારીએ રાધનપુર તાલુકાની ગ્રામ પંચાયતોને તા.૯ ઓગસ્ટે લેખિતમાં નોટિસો પાઠવીને પરિપત્રનો અમલ કરીને ગ્રામ પંચાયતની કચેરીમાં બોર્ડ મુકવા જણાવ્યું છે. રૂબરૂમાં પરિપત્રની નકલો આપવામાં આવી હોવા છતાંય તેનો અમલ થતો ના હોવાની ફરિયાદો આવતી હોવાનું જણાવ્યું છે. સાત દિવસમાં આ પરિપત્રનો અમલ કરવામાં નહિ આવે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવી છે. રાધનપુર તાલુકામાં ૪૭ ગ્રામપંચાયતો અને ૨૭ તલાટીઓ છે.

## પાટણના આયુર્વેદિક દવાખાનાઓમાં દર માસે કરવામાં આવતો ગાયત્રી યજ્ઞ



પાટણ

પાટણ આયુર્વેદિક દવાખાનામાં ડૉ.ભાર્ગવભાઈ ઠક્કરના માર્ગદર્શનમાં છેલ્લા એક વર્ષથી દર મહિને એક વખત ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે. યજ્ઞ એક ઉપચાર પ્રક્રિયા છે. જેના દ્વારા શારીરિક તથા માનસિક રોગ તેમજ ભાવનાત્મક વિકાસ સક્રિય બને છે. સાથે સાથે વાતાવરણમાં રહેલી નકારાત્મક તથા બેક્ટેરીયા જેવા જીવાણુનું પણ નિયંત્રણ થાય છે.એટલા માટે યજ્ઞ ચિકિત્સા પદ્ધતિથી સર્વાંગી વિકાસ સાધી શકાય છે. માટે આવા વિશાળ ઉદેશથી આયુર્વેદિક દવાખાનામાં ગાયત્રી યજ્ઞ કરવાનુ શરૂ કરવામાં આવેલ છે. આ યજ્ઞમાં પટેલ મુકેશભાઈ, નિમુબેન પટેલ, ગીતાબેન પટેલ, મધુબેન પટેલ, મૈત્રીબેન પટેલ, ભાનુબેન માધુ આચાર્યમાં સહયોગ આપી રહ્યાં છે. ખરેખર ગુજરાત સરકારના ઋષિમુનિ જેવા ડૉ.ભાર્ગવ ઠક્કરને વંદન.એક વર્ષમાં ગાયત્રી શક્તિપીઠ પાટણ અને શેઠ ભોગીલાલ લહેરચંદ સરકારી આયુર્વેદ હોસ્પિટલ-પાટણના સહયોગથી આશરે ૬૪૬ દર્દીઓને ઋષિ પરંપરા અનુસાર વેદોક્ત મંત્રોચાર સાથે ઔષધિ આપી ધનવંતરી દેવતાના આશીર્વાદથી ... કરાયા છે.

ગુજરાત સરકારે દરેક આયુર્વેદ હોસ્પિટલમાં આ ધર્મ સાથે ઔષધિની પધ્ધતિ તાત્કાલિક ચાલુ કરવી જોઈએ. તેવી આજના સમયની અને વાતાવરણની જરૂરિયાત છે.

## સાંતલપુર તાલુકાના ઝઝામમાં રાત્રીસભા યોજાઈ



કમલ ચક્રવર્તી

રાધનપુર

સાંતલપુર તાલુકાના ઝઝામ ગામે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં પ્રાથમિક શાળાના ભુલકાંઓએ રેલી યોજીને સમગ્ર ગામમાં ફરીને સ્વચ્છતા અંગેનો સંદેશો ગ્રામજનો સુધી પહોંચાડ્યો હતો,અને ગામને સ્વચ્છ બનાવવા અપીલ કરી હતી. આ ઉપરાંત રાત્રી ગ્રામસભાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અણદુભા જાડેજા, નાયબ તાલુકા વિકાસ અધિકારી મયુરભાઈ, સરપંચ ભગવાન સિંહ વાઘેલા, શાળાના આચાર્ય પરખાભાઈ, કરશનજી જાડેજા, તલાટી મહાવીરસિંહ તેમજ ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ અને મહેસાણા જિલ્લામાં મહિલા સરપંચના પતિદેવો દ્વારા ચલાવાતો વહીવટ

ચાણસ્મા

ગ્રામ પંચાયતમાં સરપંચની ખુરશીમાં બેસીને મહિલા સરપંચોની જગ્યાએ તેમના પતિદેવો વહીવટ કરી રહ્યા છે અને ગ્રામ પંચાયતના રોજમેળ, ઠરાવ બુક તેમજ નાણાકીય લેવડદેવડની ચેકબુકમાં પણ પત્નીના નામે સહીઓ કરી સમગ્ર ગ્રામ પંચાયતનો વહીવટ હાલમાં ચલાવવામાં આવી રહ્યો છે. તેવી ગંભીર પ્રકારની ફરિયાદ પાટણ અને મહેસાણા જિલ્લામાં થઈ રહી હોવાથી રાજ્યના પંચાયત ખાતા દ્વારા જરૂરી પત્રવ્યવહાર કરી તેનો યોગ્ય અમલ કરવા સંબંધિત તમામ તાલુકા વિકાસ અધિકારીને આદેશ આપવામાં આવ્યો છે અને જો તેનું યોગ્ય પાલન ન થાય તો જવાબદાર સરપંચ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટેનો આદેશ ફરમાવવામાં આવ્યો છે. પાટણ/ મહેસાણા જિલ્લામાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અન્વયે ૫૦ ટકા ગ્રામ પંચાયતોમાં સ્ત્રી અનામતને કારણે મહિલા સરપંચ અને મહિલા સભ્યો ચુંટાય છે. આજ પ્રમાણે તાલુકા / જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં પણ ૫૦ ટકા સ્ત્રી અનામત જગ્યા ભરવામાં આવે છે. પરંતુ મોટાભાગની ગ્રામ પંચાયતોમાં ચુંટાયેલી મહિલા સરપંચ તથા મહિલા સભ્યના પતિદેવો તથા તેમના પ્રતિનિધિઓ અન અધિકૃત રીતે ગ્રામ પંચાયતની ખુરશીઓમાં બેસી વહીવટ કરતા હોવાની ફરિયાદો સંકલનની મીટીંગોમાં અવારનવાર થતી રહે છે. ગામડાઓમાંથી પણ આવી વ્યાપક ફરિયાદો જિલ્લા અને રાજ્યકક્ષાના પંચાયત વિભાગમાં થતા સરકારે આ બાબતને ગંભીરતાથી લીધી છે.

જાણવા મળે છે તે મુજબ ગ્રામ પંચાયતની મીટીંગમાં ચુંટાયેલા સરપંચની હાજરી મોટાભાગે હોતી નથી. પંચાયતના સદસ્યોમાં મહિલાની જગ્યાએ તેમના પતિદેવો મીટીંમાં હાજરી આપે છે. ગ્રામ પંચાયતના રેકર્ડ ઉપર પણ હોદ્દેદારોની જગ્યાએ તમામ દસ્તાવેજી કાગળો તેમજ નાણાકીય લેવડ દેવડમાં સરપંચની જગ્યાએ તેમના પતિદેવો સમગ્ર કારોબાર સંભાળે છે. ભવિષ્યમાં નાણાંકીય લેવડદેવડના ઉચાપતના કિસ્સાઓ ઉજાગર થાય ત્યારે તેને સાબીત કરવા માટે અઘરૂ પડી જાય છે.

૫૦ ટકા અનામત અને સ્ત્રી સશક્તિકરણના અમલ માટે આ બંધારણની જોગવાઈઓનો આજે પણ અમલ થતો નથી. જેનો સુચારૂ અમલ કરવા રાજયના પંચાયત વિભાગ દ્વારા દરેક ગ્રામ પંચાયતને તાકીદ કરવામાં આવી છે.

## ગૌ રક્ષકની હત્યાના વિરોધમાંવડાલીમાં હિન્દુ સંગઠનો દ્વારા મામલતદારને આવેદન અપાયું

નરેન્દ્રસીંહ રાઠોડ



પ્રતિ. વડાલી

રાજુભાઈ રબારીની હત્યા કરવામાં આવેલ હોઈ હત્યારાઓને કડક સજા કરવા માટે ગતરોજ વડાલી નગર પાલિકાથી મામલતદાર ઓફિસ સુધી હિન્દુ સંગઠનો દ્વારા રેલી દ્વારા સુત્રોચ્ચાર કરવામાં આવ્યાં હતાં. ગૌ રક્ષકોની હત્યા બંધ કરો. ગૌ માતા બચાવો, રાજુભાઈ અમર રહોના નારા સાથે મામલતદારને આવેદન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાઠોડ મોતીસિંહ, ઉપેન્દ્રસિંહ એરેન્જ મહેતા, રામાભાઈ સોલંકી, તાલુકા પંચાયત પ્રમુખ વિજયભાઈ ઠાકોર સેનાના સુરેશભાઈ, રબારી અરવિંદભાઈ, રબારી ઈશ્વરભાઈ, હરિસિંહ ભાટી, ગૌ રક્ષક બારોટ પ્રેમાનંદભાઈ તેમજ ભાજપ કોંગ્રસના કાર્યકર્તાઓએ રાજુભાઈ રબારીના હત્યારાઓને કડકમાં કડક, ફાંસીની સજા થાય તે માટે આવેદન આપવામાં આવ્યું હતું.

## રાધનપુરમાં શાળાનું નવીન બિલ્ડીંગ બનાવવા માંગ

રાધનપુર

રાધનપુરમાં કાજીવાસ ખાતે પાલનપુર જૈન પ્રાથમિક શાળા આવેલી છે,જેમાં ધો.૧ થી ૮માં હાલમાં ૯૨૮ બાળકો અભ્યાસ કરે છે.આ શાળાનું મંજુર મહેકમ ૨૭ નું છે,જયારે હાલ કામ કરતા શિક્ષકોની સંખ્યા ૨૩ છે. શાળામાં હાલ ૧૮ ઓરડા છે, જે ૪૦ બાય ૫૦ ચોરસમીટર મર્યાદિત ક્ષેત્રમાં બહુમાળી મકાનમાં આવેલા છે. આ બહુમાળી મકાનમાં આવન-જાવન માટે એક જ દાદરો છે.પરિણામે મોટી સંખ્યામાં બાળકોને કારણે ભવિષ્યમાં મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા રહેલી છે. આ શાળાની પાછળ બલોચવાસમાં આવેલી જૂની રેફરલ હોસ્પિટલની બિન ઉપયોગી તથા પડતર જમીન પડેલી છે,ત્યાં જમીન ફાળવીને શાળાનું નવીન બિલ્ડીંગ બનાવવા માટે જિલ્લા પંચાયત ના સદસ્ય જગદીશભાઈ રાઠોડે જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનને લેખિતમાં ગુરુવારે રજુઆત કરી હતી. જેમાં જણાવ્યા મુજબ જો આ પડતર જમીનમાં શાળાનું નવીન બિલ્ડીંગ બને તો શાળાની તમામ પ્રકારની અગવડતા ઓને સગવડતા ઓમાં ફેરવી શકાય તેમ છે. શાળાના પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા કાર્યક્રમોમાં મુલાકાત લીધેલ અધિકારીઓ અને પદાધિકારી ઓએ પણ શાળાની વિઝીટ બુકમાં અવાર-નવાર આ બાબતની નોંધ કરેલી જ છે. આ ઉપરાંત બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમત માટે મેદાનની જરૂરિયાત છે, જે આ જમીન ફાળવવામાં આવે તો મળી શકે તેમ છે. આ રજૂઆતને અગ્રતા આપી તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## ચાણસ્મા અને બહુચરાજી વિસ્તારમાં તંત્રની મીલી ભગતથી લીલા વૃક્ષોનું છેદન

ચાણસ્મા

સમગ્ર ચાણસ્મા અને બહુચરાજી વિસ્તારમાં વન ખાતુ અને રેવન્યુ વિભાગની મીલીભગત નીચે લીલા વૃક્ષોની છેદન પ્રવૃત્તિએ માઝા મુકી છે. રોજબરોજ મોટી સંખ્યામાં કોઈપણ જાતની પરવાનગી મેળવ્યા સિવાય ખુલ્લેઆમ વૃક્ષછેદન કરી ટ્રેક્ટર મારફતે તેનુ વેચાણ તાલુકા મથકે આવેલી લાટીમાં થઈ રહ્યું છે. આ તમામ પ્રવૃત્તિથી અજાણ નથી. પરંતુ બેરોકટોક આ પ્રવૃત્તિ દિન પ્રતિદિન ફાલીફુલી રહી છે. જેના કારણે ઉત્તર ગુજરાતમાં વૃક્ષોનું નિકંદન નીકળી જતાં દિવસે દિવસે વરસાદનું પ્રમાણ પણ ઘટતુ જાય છે. જે એક ચિંતાનો વિષય છે. ભવિષ્યમાં વૃક્ષો નાશ પામતા પર્યાવરણના કારણે આ વિસ્તારમાં કાયમી ધોરણે વરસાદની અછત ઉભી થશે તેવો મત વૃક્ષ પ્રેમીઓ વ્યક્ત કરી રહ્યા છે.

સમગ્ર ચાણસ્મા, બહુચરાજી, હારીજ, સમી અને રાધનપુર, સાંતલપુર વિસ્તારમાં જાહેરમાં લીલા વૃક્ષો કાપવાની પ્રવૃત્તિએ માઝા મુકી છે. જંગલખાતાની હદ હોય તેવા વિસ્તારોમાં પણ ધોળે દહાડે વૃક્ષો કપાઈ રહ્યા છે. હવે તો ખેતરમાલિકો પોતાની હદમાં આવેલા માલિકના વૃક્ષો પાણીના મુલે ખાનગી કોન્ટ્રાક્ટરોને વેચી રહ્યા છે. રોજબરોજ આ વૃક્ષો કાપી વાહન મારફતે તાલુકા મથકે આવેલી લાકડાની લાટીઓમાં વેચી દેવામાં આવે છે. આ વિસ્તારના છેક ઊંડાણના ગામોમાં પણ વૃક્ષનો વેપલો ચાલી રહ્યો છે. વૃક્ષ ભરેલા વાહનો તાલુકા કક્ષાએ આવેલી વનખાતાની તેમજ મામલતદાર કચેરી નજીકથી પસાર થાય છે. પરંતુ તંત્રની મીલીભગતને કારણે વૃક્ષનો વેપાર કરનારને કોઈ જ ડર નથી.

જો આ વિસ્તારમાં ચાલતી વૃક્ષ છેદનની પ્રવૃત્તિને અટકાવવા તંત્ર આગળ નહી આવે તો આગામી દશ વર્ષના સમયમાં એક પણ વૃક્ષ બચી શકે તેમ નથી. પરિણામે આ વિસ્તારમાં વરસાદ લાવવામાં મહત્વની ભુમિકા વૃક્ષોની છે. ત્યારે વૃક્ષો નાશ પામતાં આ પંથકમાં ખેતીલાયક વરસાદ થાય તેવા સંજોગો ધુંધળા બનતા જાય છે. અને ચાલુ વર્ષે વરસાદ નહી આવવાનું કારણ આ વિસ્તારમાંથી વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યુ છે.તેને ગણી શકાય. આ વિસ્તારના વૃક્ષ પ્રેમીઓએ આ પ્રવૃત્તિને રોકવા આગળ આવવાની જરૂર છે. હાલમા જે વૃક્ષો છે તેનો નાશ થઈ રહ્યો છે. જ્યારે બીજી બાજુ વૃક્ષોના ઉછેર સામે રાજ્ય સરકાર કરોડો રૂપિયાનું ખર્ચ કરી રહી છે. આ બંને વિરોધાભાસ વચ્ચે હવે વૃક્ષોને કોણ બચાવશે?

## સાબરકાંઠામાં વરસાદ વિના ૫૦૦ બોર કુવા બંધ

હિંમતનગર

સાબરકાંઠા જીલ્લામાં આ વર્ષે પડેલા નહીવત વરસાદને કારણે મુખ્યત્વે ખેડૂતોની હાલત કફોડી બની છે.ત્યારે છેલ્લા બે દિવસમાં જીલ્લામાં ૫૦૦ થી વધુ બોર કુવા બંધ થઈ જતા ગામના સીમાડાઓમાં પાક મુરઝાઈ રહ્યો છે. સરકારે જીલ્લામાં આં વર્ષે પડેલા નહીવત વરસાદ કારણે મુખત્વે ખેડૂતોની હાલત કફોડી બની છે.ત્યારે છેલ્લા બે દિવસમાં જીલ્લામાં ૫૦૦ થી વધુ બોર કુવા બંધ થઇ જતા ગામના સીમાડાઓમાં પાર્ક મુરઝાઈ રહ્યો છે.સરકારે ખેડૂતોને દસ કલાક વીજળી તો આપી પણ તળમાં પાણી નથી :પાક મુરઝાતા ખેડૂતો ચિંતિત બીજી તરફ કેટલાક ગામડાઓમાં પીવાના પાણીની સમસ્યા મો વકાસીને ઉભી છે વરસાદ વિના જમીનમાં પાણીના તળ પાતાળે પહોંચી ગયા છે ત્યારે જિલ્લાની પ્રજાને વધુ ફ્લોરાઈડ વાળું પાણી પીવાનો વખત આવ્યો છે.ત્યારે મેઘરાજાને મનાવવા હિંમતનગર પર્જન્ય યજ્ઞ અને ગામડાઓમાં રામધુન શરુ થઈ ગઈ છે.સાબરકાંઠા જીલ્લામાં આ વખતે પડેલા ઓછા કારણે તેની પ્રતિકુળ અસરો શરૂ થઇ ગઈ છે. જેના કારણે જીલ્લાના હિંમતનગરમાં પ્રાંતિજ, તલોદ, ઈડર,વડાલી,પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં બોર-કુવામાં પાણીનો આવરો ઘટી જતા ૫૦૦ થી વધુ બોરકુવા બંધ થઇ ગયા છે.અથવા તો મોટર ચાલુ હોવા છતાં પાણી આવે છે.અને જાય છે ઓછા દેખાઈ રહ્યું છે.જયારે ગવાર અને અન્ય કઠોળ પાક વરસાદ વિના સુકાઈ રહ્યા છે.તેમ છતાં સાબરકાંઠાની એ કમનસીબી રહી છે.

## ભારતીય રાષ્ટ્રીય યુવા કોંગ્રેસ દ્વારા આયોજિત નફરત છોડો ગાંધી સંદેશ યાત્રાનું હિંમતનગરમાં સ્વાગત



સતીષ ભટ્ટ

હિંમતનગર

ભારતીય યુવા કોંગ્રેસ દ્વારા આયોજિત નફરત છોડો ગાંધી સંદેશ યાત્રાનું સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં આગમન થયું હતું.સાબરકાંઠા યુવક કોંગ્રેસ દ્વારા સ્વાગત શહેરના મોતીપુરા વિસ્તારમાં કરવામાં આવ્યું હતું શરૂ થયેલી આ યાત્રામાં ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત,ગુજરાત કોંગ્રેસના પ્રભાવી સીતારામ લાંભાજી, ગુજરેબસિંહ ડીપી,મનિષા પારેખ,દેવસી શાહ તેમજ પ્રદેશના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મણીભાઈ પટેલ જિલ્લા પંચાયતના પ્રમુખ રતનબેન સુતરીયાં, કમલેશભાઈ પટેલ વિપુલભાઈ પટેલ,રામભાઈ સોલંકી, બળવંતસિંહ દેવડા, પ્રાંતિજ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા,જીલ્લા યુવક કોંગ્રેસ ના પ્રમુખ પ્રિયવદન પટેલ મૌલેશભાઈ સોની,લાલસિંહ પરમાર હિંમતનગર તાલુકા કોંગ્રેસના પ્રમુખ સુરેશભાઈ પટેલ શહેર કોંગ્રેસના પ્રમુખ સતિષભાઈ, હરેશભાઈ પ્રજાપતિ, ચંદ્રસિંહઝાલા, નંદુભાઈ પટેલ, વિનુભાઈપટેલ, ઈમરાન દાવડા, યુસુફભાઈ બચ્ચા,મુદસર વીજપુરા, કિરીટસિંહ રમલાવત, ધર્મરાજસિંહ દેવડા, ટીવી પટેલ, રીયાઝ સાબુગર, કાદિરડોઈ ,કુમારભાટ, બેચરસિંહ, કોર્પો-રેટર ઈશાકભાઈ શેખ, ઈમરાન બાદશાહ, નિર્મળાબેનપંચાલ, જુબેદાબેન પઠાણ, રહીશાબેન પઠાણ, કમળાબેન પરમાર, સોનલબેન પંડ્યા તેમજ યુવક કોંગ્રેસના અસંખ્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા આ રેલી મોતીપુરાથી હિંમતનગર શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી ટાવર ચોક પહોંચી હતી જ્યાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે સાબરકાંઠાના પ્રમુખ પ્રિયવદન પટેલે મહેમાનોને આવકારતા સ્વાગત પ્રવચન કર્યું હતું.આ પ્રસંગે સભાને સંબોધતા ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ ગુલાબ સિંહ રાજપૂતે નફરત છોડો યાત્રાનો મુખ્ય ઉદ્દેશ સમજાવ્યો હતો તેમણે રાષ્ટ્રમાં કોમી એકતા જળવાય અને લોકો કોમી એખલાસ સાથે જીવે તે માટે નફરત છોડવા હાકલ કરી હતી આ કાર્યક્રમમાં પ્રસંગે કોંગ્રેસના ખૂબ જ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા આ રેલીને સફળ બનાવવા યુથ કોંગ્રેસના કાર્યકરો ખૂબ જ જહેમત ઉઠાવી હતી આ રેલી ટાવરચોકથી સહકારી જીન થઇ શામળાજી જવા રવાના થઇ હતી.૧૩.મી ઓગસ્ટ ના રોજ નવી દિલ્હી રાજઘાટ પર પહોંચશે.